બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૩, અંક-૦૭, સપ્ટેમ્બર, ૨૦૨૫, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮




તંત્રી : ડૉ. નીલેશ પંડ્યા | સંપાદક : ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## સામૂહિક સિમંતોનયન સંસ્કારવિધિ કાર્યક્રમનું આયોજન




તપોવન કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો માટે આઠમા સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમમાં કુલ ૨૬ દંપતીઓની સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિ કરવામાં આવી હતી.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના ૭૫મા જન્મદિન નિમિત્તે "ટોય સાયન્સ એન્ડ એજ્યુકેશન કોન્કલેવ-૨૦૨૫"




"ટોય સાયન્સ એન્ડ એજ્યુકેશન કોન્કલેવ-૨૦૨૫"નું આયોજન થયું. કુલપતિશ્રી ડૉ. ટી.એસ. જોષીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કૂલના ડિરેક્ટરશ્રી અંજુ મુસાફિર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે આઈઆઈએમ અમદાવાદના નિવૃત પ્રોફેસરશ્રી વિજય શેરીચંદ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે જોડાયા હતા.

## સ્વામી વિવેકાનંદ સેન્ટર ફોર એક્સલન્સનો શુભારંભ



વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે માર્ગદર્શન અને સંસાધનો ઉપલબ્ધ થાય તે હેતુસર સ્વામી વિવેકાનંદ એક્સલન્સ સેન્ટરનો શુભારંભ સેક્ટર ૨૯ સ્થિત કેમ્પસ ખાતે કરવામાં આવ્યો હતો.


## 'મહાત્મા ગાંધી : એક વિરલ વિભૂતિ' વિષયક વ્યાખ્યાનનું આયોજન




વિશ્વગ્રામ સંસ્થા દ્વારા ગાંધીજી અને ગાંધી આચાર અંગેના ૧૫૬ વ્યાખ્યાન યોજવાના ભાગરૂપે યોજાયેલા વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે વિખ્યાત સાહિત્યકાર તથા વિચારક શ્રી રતિલાલ બોરીસાગરજીએ તેમની વિશિષ્ટ શૈલીમાં સુંદર પ્રવચન દ્વારા અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ગાંધી આચારથી માહિતગાર કર્યા હતા. વિશ્વગ્રામ સંસ્થાના સંજયભાઈ ભાવસારે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું હતું.

અધ્યક્ષીય ઉદ્બોધનમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ટી. એસ. જોષીએ ગાંધીજીના આચાર અને વિચાર આજે પણ પ્રસ્તુત છે તે વિષય પર ભાર મૂક્યો તેમજ ગાંધીજીના સત્ય અને અહિંસાના ગુણોને આત્મસાત કરવાના સંકલ્પને દોહરાવ્યો હતો.

## ભારતીય જ્ઞાનપ્રણાલી પર પાંચ-દિવસીય શોર્ટ-ટર્મ કોર્સ




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના ભારતીય જ્ઞાનપ્રણાલી કેન્દ્ર દ્વારા તા. ૧૫ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન પાંચ દિવસીય રાષ્ટ્રીય કક્ષાના ઓનલાઈન શોર્ટ-ટર્મ કોર્સનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૬ લોકોએ ભાગ લીધો હતો.

# બાળવિશ્વ

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

**વર્ષ : ૧૩, અંક : ૦૮**

**સપ્ટેમ્બર, ૨૦૨૫**



તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

એસ્ટાબ્લિશમેન્ટ બ્રાંચ હેડ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી



સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**ડૉ. ટી. એસ. જોશી**

**ડૉ. નીલેશ પંડ્યા**



ડિઝાઇન અને ટાઇપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**

**Printed & Published by :**
Dr. Nilesh Pandya on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar




પત્રવ્યવહારનું સરનામું

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : balvishva@cugujarat.ac.in
વેબસાઇટ : www.cugujarat.ac.in

@crugandhinagar


આ અંકમાં વાંચીશું...



## બાળઉછેરમાં કળા


- સંપાદકીય — ડૉ. કૃણાલ પંચાલ — ૦૨
- બાળકેળવણી અને લલિતકળાઓ — ડૉ. મનહર ઠાકર — ૦૩
- લુપ્ત થતી કળાઓનો પરિચય અને મહત્ત્વ — ડૉ. જિજ્ઞાસા ચાવડા — ૦૭
- શિક્ષણમાં કલા અને સંસ્કૃતિનું સંકલન — ડૉ. મગનલાલ મોલિયા — ૦૯
- સુરીલી બોલિયાં : વાર્તા કળા — લતા હિરાણી — ૧૧
- કલા, સર્જન અને સંવેદન : બાળકના સર્વાંગી વિકાસની ચાવી — ડૉ. ભૈરવી દીક્ષિત — ૧૩
- ભારત અને વિશ્વના કળા : શિક્ષકોનું જીવન અને પ્રદાન — ડૉ. નીતા એસ. ત્રિપાઠી — ૧૬
- ગર્ભસ્થ શિશુ માટે કળા : શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિશ્લેષણ — અંકિતા હોથી, ડૉ. શ્રદ્ધા બી. બારોટ — ૧૯
- ભાવનાત્મક અને સંવેદનાત્મક વિકાસમાં કળાઓનો ફાળો — જયદેવ ધાંધિયા — ૨૩
- બાળકની કલ્પનાશક્તિને ઉડાન : માટીકળા — અશોકકુમાર બી. પ્રજાપતિ — ૨૬
- બાળકના સર્વાંગી વિકાસમાં કલાઓનું યોગદાન — અખિલકુમાર દવે — ૨૯
- બાળવિકાસના પરિપેક્ષ્યમાં નૃત્યકલા — જિજ્ઞા એમ. દીક્ષિત — ૩૧
- આત્મરક્ષા માટેની પ્રાચીન કલા : માર્શલ આર્ટ — ડૉ. વિપુલા વી. વાઘેલા — ૩૫
- તણાવ વ્યવસ્થાપન અને કળા ઉપચાર — ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી — ૩૭
- બાળકને કળાશિક્ષણ પ્રત્યે અભિમુખ બનાવવાની રીતો — ડૉ. ફાલ્ગુની રાઠોડ — ૪૧
- નાટક અને કલા દ્વારા અસરકારક શિક્ષણ — ડૉ. ખુશ્બૂ ગરાળા — ૪૩
- બાળકના ઉછેરમાં કળા : સંશોધન સારાંશ — પારસ ટી. વાઘેલા — ૪૫
- પૂતળીકળા : એક સાંસ્કૃતિક ધરોહર — હિતેશકુમાર બ્રહ્મભટ્ટ — ૪૮
- કલાવિહોણો માનવ એટલે પીંછાં વિનાનો મોર — ગિરા પિનાકિન ભટ્ટ — ૫૦
- કળાશિક્ષક : ગુણ, કૌશલ્ય અને જવાબદારીઓ — ડૉ. શ્વેતા ચૌહાણ — ૫૩
- કળાક્ષેત્રે કારકિર્દીની ઊઘડતી અને વિસ્તરતી ક્ષિતિજો — ધર્મેન્દ્રભાઈ એ. કનાલા — ૫૫
- ભારતની પરંપરાગત કલાઓ : પરિચય અને મહત્ત્વ — ડૉ. જગદીશ રણોદરા — ૫૭
- 'કલાદર્શન' એક નવતર પ્રયોગ — ડૉ. જિગ્નેશભાઈ એ. વેગડ — ૫૯
- બાળવિકાસ અને કળાશિક્ષણ — પરેશ શાહ — ૬૨
- 'બાળવિશ્વ' વિશે — ૬૪



બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.

સંપાદકીય

# બાળઉછેરમાં કળા



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

બાળકના ઘડતરની પ્રક્રિયામાં કળાનું સ્થાન અનન્ય અને અમૂલ્ય છે. કળા માત્ર સર્જનાત્મકતાનું માધ્યમ નથી, પરંતુ તે બાળકના વ્યક્તિત્વ, વિચારસરણી અને સામાજિક કૌશલ્યોને સમૃદ્ધ કરવાનું એક શક્તિશાળી સાધન છે. કળા એટલે કે ચિત્રકળા, સંગીત, નૃત્ય, નાટ્ય કે હસ્તકલા. કળા બાળકોને તેમની લાગણીઓ અને વિચારોને અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા આપે છે. જ્યારે બાળક રંગો સાથે રમે છે, સંગીતની ધૂન રચે છે કે નૃત્યનાં ડગલાં ભરે છે ત્યારે તેની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા વિકસે છે. આ પ્રક્રિયા બાળકનાં મગજના વિવિધ ભાગોને ઉત્તેજન આપે છે, જે તેની સમસ્યા હલ કરવાની ક્ષમતા અને નિર્ણય લેવાની શક્તિને મજબૂત બનાવે છે. કળા બાળકોને ભાવનાત્મક રીતે સંતુલિત રહેવામાં પણ મદદ કરે છે. ઘણી વખત બાળકો પોતાની લાગણીઓને શબ્દોમાં વ્યક્ત કરી શકતાં નથી. આવા સમયે ચિત્ર દોરવું, ગીત ગાવું કે નાટક રજૂ કરવું તેમના મનના ભાવોને બહાર લાવવાનું માધ્યમ બની રહે છે.

આ રીતે કળા બાળકોને તણાવમાંથી મુક્તિ અને માનસિક શાંતિ પ્રદાન કરે છે. કળા બાળકોને તેમની સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડે છે. જેમકે, ગુજરાતની લોકકળાઓ, ગરબા, દાંડિયા, લોકગીતો કે હસ્તકલા બાળકોમાં સાંસ્કૃતિક ગૌરવ અને ઓળખની ભાવના જગાડે છે. આ ઉપરાંત કળાના માધ્યમથી બાળકો ટીમ વર્ક, સહકાર અને એકબીજાના વિચારોનું સન્માન કરવાનું શીખે છે, જે તેમના સામાજિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. બાળકના શૈક્ષણિક વિકાસમાં પણ કળાનું યોગદાન અજોડ છે. અભ્યાસ દર્શાવે છે કે જે બાળકો કળાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી રહે છે. કળા બાળકોમાં ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા, ધીરજ અને શિસ્તનો વિકાસ કરે છે. જેમકે, સંગીત શીખવાથી ગણિત અને ભાષાની સમજણ સુધરે છે, જ્યારે ચિત્રકળા અને હસ્તકલા બાળકોની ઝીણવટભરી મોટર સ્કિલને કેળવે છે. માતાપિતા અને શિક્ષકોએ બાળકોની કળાત્મક પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન આપવું હિતકારક છે.

આપણે બાળકોને ચિત્રકળાની સ્પર્ધાઓ, નૃત્ય કે સંગીતના વર્ગો, અથવા નાટ્ય પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરિત કરીએ. ઘરે પણ બાળકોને રંગો, કાગળ, કાતર કે અન્ય સર્જનાત્મક સાધનો આપીને તેમની કલ્પનાશક્તિને વેગ આપી શકાય છે. કળા બાળકના જીવનને રંગીન, સર્જનાત્મક અને સંવાદી બનાવે છે. તે બાળકોને માત્ર સુંદર ચિત્રો દોરતાં કે ગીતો ગાતાં જ નથી શીખવતી, પરંતુ તેમને જીવનની પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સશક્ત બનાવે છે. આજના ઝડપી યુગમાં, જ્યાં ટૅક્નોલૉજી અને સ્પર્ધા બાળકોના જીવન પર હાવી થઈ રહ્યાં છે, ત્યાં કળા તેમના મનને શાંતિ, આનંદ અને સર્જનાત્મકતાનો સ્પર્શ આપે છે. ચાલો, આપણે સૌ સાથે મળીને બાળકોના ઉછેરમાં કળાને પ્રાધાન્ય આપીએ અને તેમના ભવિષ્યને વધુ ઉજ્જ્વળ બનાવીએ.

**બાલદેવો ભવ**

# બાળકેળવણી અને લલિતકળાઓ



- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ
મહાવિદ્યાલય, ભાવનગર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦

લલિતકલાઓ જેવી કે ચિત્રકલા, સંગીતકલા, નૃત્યકલા, નાટ્યકલા વગેરેની ભૂમિકા આપણા ઈતિહાસના સંરક્ષણ અને સંવર્ધન માટે પ્રેરક બની રહે છે, તેની કેળવણી બાળકોને આપીએ. કારણ કે બાળકના ઉછેરમાં કળાઓનું પણ મહત્ત્વ છે. બાળઉછેરના મહત્ત્વના આયામ તરીકે કળાશિક્ષણનો સ્વીકાર થયેલો છે. એટલે બાળકેળવણી વખતે કળાશિક્ષણની પરંપરાઓ અને વર્તમાન સ્થિતિનો વિચાર કરવો જરૂરી બને છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ- ૨૦૨૦ પણ કલા સંકલિત શિક્ષણની ભલામણ કરે છે. તેથી કળા શિક્ષણ સંદર્ભે પ્રાચીન અને આધુનિક સમયની કળાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. એટલે જ શિક્ષણમાં કળાના ક્ષેત્રે કારકિર્દીની ઊઘડતી અને વિસ્તરતી ક્ષિતિજોનો ખ્યાલ રાખવો જોઈએ. બાળ કેન્દ્રી શિક્ષણ દ્વારા જીવનને ઉદાત્ત બનાવનારા કળા શિક્ષણ પર ભાર આપવા તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવે છે. કારણ કે કળા એ તો ઈતિહાસ અને સંસ્કૃતિનો અનુબંધ સાધતી કેળવણી છે. એટલે બાળકના સર્વાંગી વિકાસમાં વિવિધ કળાનો સમન્વય સાધવો જરૂરી બને છે. જેથી બાળકના ભાવાત્મક અને સાંવેગિક વિકાસમાં કળાનું શિક્ષણ ઉપયોગી બને. આટલી ભૂમિકા પછી અહીં મહત્ત્વની એવી લલિતકળાઓ વિશેની સમજ અને બાળકેળવણી પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**ચિત્રકળા :**

કલાઓમાં ચિત્રકલાનું સ્થાન સૌથી મોખરે છે. આ કલા રંગ અને રેખા દ્વારા પ્રગટ થાય છે. આ એવી કલા છે કે રંગ અને રેખા વડે પ્રકૃતિનાં જડ તથા ચેતન તત્ત્વોનું અનુકરણ કરી આપણા મનની ઊર્મિઓને તેના દ્વારા અભિવ્યક્ત કરાતી હોય છે. જડ અને ચેતન સ્વરૂપોમાં રહેલા વિવિધ ભાવોનું દર્શન કરાવવાની ક્ષમતા આ કલામાં છે. પાષાણયુગનાં પશુ-પંખીઓનાં આલેખનો આદિમાનવનાં ગુફાચિત્રોમાં જોવા મળે છે. પુરાતત્ત્વ ખાતા દ્વારા વખતોવખત કરાતાં ઉત્ખનનોમાંથી ભારતીય ચિત્રકલાના નમૂના મળ્યા છે. સૌથી પ્રાચીન નમૂના મધ્યપ્રદેશમાં ભીમબેટકામાંથી મળ્યા છે. જેમાં હાથી, ગેંડો, હરણ વગેરેનાં ચિત્રોનું આલેખન થયેલું જણાય છે. આશરે 5000 વર્ષ પહેલાંની હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાંથી ભારતીય ચિત્રકલાના પુરાવાઓ મળ્યા છે. હડપ્પીય સંસ્કૃતિના લોકો માટીનાં વાસણો પર વ્યવસ્થિત ભૌમિતિક રેખાંકનો અને ફૂલછોડની ભાત પાડતા. અજંતા-ઈલોરાની ગુફાઓનાં ચિત્રો ચિત્રકલાના અદ્વિતીય નમૂના છે. ભારતમાં પારંપરિક રીતે માંગલિક પ્રસંગોએ સ્વસ્તિક, કળશ, ગણેશજી વગેરેનાં ચિત્રો દોરાય છે. કેટલાક વિસ્તારોમાં ચિત્રાત્મક રંગોળી પૂરવાની પ્રથા વર્ષો જૂની છે.

**સંગીતકળા :**

ભારતીય સંગીતના મુખ્ય બે પ્રકાર : શાસ્ત્રીય સંગીત અને લોકસંગીત છે. પ્રાચીન ભારતના કલાવારસામાં ભારતીય સંગીત જગતના અન્ય સંગીતથી જુદું સ્વરૂપ ધરાવે છે. આપણે ત્યાં સંગીતમાં ગાયન અને વાદન એ બાબતોનો સમાવેશ થાય છે. સંગીતના મુખ્ય સાત સ્વર : સા, રે, ગ, મ, પ, ધ, ની અને પાંચ રાગો : શ્રી, દીપક, હીંડોળ, મેઘ, અને ભૈરવી છે. આ રાગો ભગવાન શંકરનાં પાંચ મુખમાંથી ઉત્પન્ન થયા હોવાનું મનાય છે. આર્યોનો સામવેદ નામનો ગ્રંથ સંગીતને લગતો વેદ ગણાય છે. આ વેદની ઋચાઓ સંગીત સાથે તાલબદ્ધ રીતે ગાવાની હોય છે. પ્રાચીન ભારતમાં સંગીતના અનેક ગ્રંથો

લખાયા છે. તેમાં : સંગીત મકરંદ, સંગીત રત્નાકર, અને સંગીત પારિજાત આ ત્રણ ગ્રંથો મુખ્ય છે.

**ભારતના પ્રાચીન ઈતિહાસમાં સંગીતકારોનું પ્રદાન :**

ઈ.સ. 900ની આસપાસ પંડિત નારદ નામના સંગીતશાસ્ત્રીએ સંગીત મકરંદની રચના કરી છે. તેમાં 19 પ્રકારની વીણા અને 101 પ્રકારના તાલ વર્ણવેલા છે. પંડિત સારંગદેવે સંગીત રત્નાકરની રચના કરેલી. તે સંગીતનો સૌથી વધારે પ્રમાણભૂત ગ્રંથ ગણાયો. સંગીતનાં બધાં અંગોને સંપૂર્ણપણે સમજવા માટે એ અનન્ય ગ્રંથ છે. ઈ.સ. 1665માં પંડિત અહોબલે ઉત્તર હિન્દુસ્તાની સંગીત માટે સંગીત પારિજાત ગ્રંથ લખ્યો. તેમાં સંગીતના 29 પ્રકારના સ્વરો ગણાવ્યા છે. દરેક રાગનું મહત્ત્વનું લક્ષણ પણ તેમાં વર્ણવાયું છે.

અલાઉદીન ખલજીના સમયમાં અમીર ખુશરો સર્વતોમુખી પ્રતિભા ધરાવતા મહાન સંગીતકાર થયા. સંગીત અને શાયરીના ક્ષેત્રે કરેલા અપૂર્વ પ્રદાનને લીધે તેઓ ભારતીય ઇતિહાસમાં તુતી-એ-હિન્દ (હિન્દના પોપટ) તરીકે ખ્યાતિ પામ્યા.

15મી અને 16મી સદી દરમ્યાન ભક્તિ આંદોલન અંતર્ગત સુરદાસ, કબીર, તુલસીદાસ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરેનાં ભજનો અને કીર્તનોથી ભારતમાં સંગીતના સથવારે ભક્તિમય માહોલ ઊભો થયો. 15મી સદીના સંગીતકારોમાં સ્વામી-બાબા હરિદાસનું નામ મોખરે રહ્યું. સંગીતનાં અણમોલ રત્નો બૈજનાથ-બૈજુ બાવરા અને સંગીત સમ્રાટ તાનસેન તેમના પરમ શિષ્યો. સંગીતકલામાં ગુજરાતના વડનગરથી સંગીત બેલડી તાના-રીરીનું પ્રદાન આગવું છે.

**નૃત્યકળા :**

નૃત્ય શબ્દ તો મૂળ નૃત એટલે નર્તન-નાચવું-નૃત્ય કરવું એ સંદર્ભમાં છે.નૃત્યનું મુખ્ય ધ્યેય તાલ અને લય સાથે સૌંદર્યની અનુભૂતિ કરાવવાનું છે. નૃત્યમાં અભિનય માટે શરીરનાં વિવિધ અંગોનો ઉપયોગ થાય છે. નૃત્યના આદિદેવ ભગવાન શંકર-નટરાજનું સ્વરૂપ છે. પૃથ્વી પરના લોકોને નૃત્ય શીખવવા તે સૌપ્રથમ નૃત્યને સ્વર્ગમાંથી લાવ્યા છે.

**ભારતમાં નૃત્યકળાના પ્રકારો :**

ભારતમાં નૃત્યના પ્રચલિત મુખ્ય પ્રકારોમાં દક્ષિણ ભારતના તામિલનાડુનું પ્રચલિત ભરતનાટ્યમ્ છે. તેનું ઉદ્દભવસ્થાન તાંજોર જિલ્લો ગણાય છે. આ નૃત્યનો મુખ્ય આધાર-સ્રોત ભરતમુનિ રચિત નાટ્યશાસ્ત્ર અને નંદીકેશ્વર રચિત અભિનવ દર્પણ નામના ગ્રંથો છે. આ નૃત્યના ખ્યાતિપ્રાપ્ત કલાકારો તરીકે મૃણાલિની સારાભાઈ, ગોપીકૃષ્ણ, વૈજયંતીમાલા, હેમામાલિની મુખ્ય છે.

કુચીપુડી નૃત્ય આંધ્રપ્રદેશમાં ખૂબ જાણીતું છે. 15મી સદી દરમ્યાન તેનો આરંભ થયેલો. સ્ત્રી સૌંદર્યના વર્ણન પર તે આધારિત છે. સ્ત્રીઓ અને પુરુષો બન્ને આ નૃત્ય કરે છે. આ નૃત્યમાં ભારતીય નૃત્યની પાયાની મુદ્રાઓ સાંકળી લેવામાં આવી છે. ગુરુ પ્રહ્લાદ શર્મા, રાજા રેડ્ડી, યામિની રેડ્ડી, શોભા નાયડુ વગેરે જાણીતાં નર્તકીઓએ આ નૃત્યશૈલીના પ્રાચીન વારસાને ખ્યાતિ અપાવી છે.

કથકલી એ કેરલ રાજ્યનું ખ્યાતિપ્રાપ્ય નૃત્ય છે. આ નૃત્યમાં પાત્રો સુંદર ઘેરદાર કપડાં પહેરે છે અને મોટા કલાત્મક મુકુટ ધારણ કરે છે. તેમના ચહેરા પર વિશિષ્ટ ચિતરામણ-મુખાકૃતિ પરથી નૃત્યના પાત્રની ઓળખ અંગેની સમજણ મેળવવી પડે છે. કેરળના કવિ વલ્લભથોળ, કલામંડલમ કૃષ્ણપ્રસાદ, શિવારમન વગેરે નર્તકોએ આ નૃત્યને દેશ-વિદેશમાં પ્રચલિત કર્યું.

કથક નૃત્ય નામમાં કથા સંકળાયેલી હોય છે. કથન કરે સો કથક કહાવે. એ નાતે આ નૃત્યના વિકાસ સાથે કથા જોડાયેલી હોય છે. તે શ્રીકૃષ્ણના ગોપીઓ સાથેનાં નૃત્યોની કથાઓ પર આધારિત છે. વૈષ્ણવ સંપ્રદાયની શૃંગારી ભક્તિ સાથે તેનો ઉત્તર ભારતમાં વિકાસ થયો છે. પંડિત બિરજુ મહારાજ, સિતારાદેવી. કુમુદિની લાખિયા વગેરેએ આ નૃત્યકલાને સજીવન રાખી.

મણિપુરી નૃત્યનું મુખ્ય મથક મણિપુર રાજ્ય છે. ત્યાંની પ્રજા દરેક ઉત્સવ પ્રસંગે આ નૃત્ય કરે છે. આ નૃત્યમાં લાસ્ય અને તાંડવ એમ બે પ્રકાર છે. આ નૃત્ય

મુખ્યત્વે શ્રીકૃષ્ણની બાળલીલા અને રાસલીલા પર આધારિત હોય છે. આ નૃત્યમાં નર્તક કૃમીન તરીકે ઓળખાતો ઘેરા લીલા રંગનો ચણિયો અને રેશમનો કબજો-બ્લાઉઝ પહેરીને કમરે પટ્ટો બાંધે છે.

આમ નૃત્ય વિભાગમાં ભારતના શાસ્ત્રીય નૃત્યના પ્રકારોમાં ભરતનાટ્યમ્, કુચીપુડી, કથકલી, કથક અને મણિપુરીનો પરિચય થયો.

**ભારતીય લોકનૃત્યો :**

ભારતીય પ્રજા તહેવારોમાં, લગ્ન જેવા પ્રસંગોએ કે દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે અને લોકમેળાઓમાં નૃત્યો કરતી હોય છે. તેમાં ખાસ તો વર્તુળાકારે ફરતાં ફરતાં, ઢોલ-નગારાં-ઢોલક-મંજીરાં-ઝાંઝ-પખવાઝ-થાપી-તૂર-તૂરી- પાવરી-તંબૂરા જેવાં વાજિંત્રોના તાલે સ્થાનિક બોલીમાં નૃત્યો થાય છે.

ભીલ અને કોળી લોકો શ્રમહારી ટિપ્પણી નૃત્ય કરે છે. તેમાં જાડી લાકડી નીચે લાકડાના ટુકડા જડીને જમીન પર અથડાવી તાલ સાથે સમૂહ નૃત્ય કરે છે.

કોરાવેલા ઘડામાં દીવો મૂકી તેની ચોમેર કે માથે મૂકી ગોળાકારે કરવામાં આવતા નૃત્યને ગરબો કહે છે. ગરબો શબ્દ ગર્ભ-દીપ પરથી બન્યો છે. નવરાત્રી દરમિયાન મહિલાઓ ગરબે ઘૂમે છે.

ગોળાકારે ફરતાં ફરતાં નૃત્ય સાથે ગાવું તે રાસ એક નૃત્ય છે. આ નૃત્યમાં સ્ત્રીઓ ભરત ભરેલાં ચણિયા-ચોળી અને પુરુષો કેડિયા- ધોતીનો પોશાક પહેરે છે. ખાસ કરીને જન્માષ્ટમી અને નવરાત્રીના તહેવારોમાં ગુજરાતમાં મોટેભાગે રાસનૃત્ય થતાં હોય છે.

મૂળ આફ્રિકાના પણ હાલ ગુજરાતના ગીર પ્રદેશની મધ્યમાં જાંબુરમાં રહેતા સીદી લોકોનું વિશિષ્ટ નૃત્ય ધમાલ નૃત્ય તરીકે જાણીતું છે.

સરખડ અને ઝુંઝાળી જેવા ઊંચા ઘાસમાંથી તોરણ જેવાં ઝૂમખાંનું મેરાયું ગૂંથી ઢોલના તાલે તલવારના દાવપેચ જેવું નૃત્ય મેરાયો ગુજરાતના બનાસકાંઠાના વાવ વિસ્તારમાં પ્રચલિત છે.

દાંડિયા કે મંજીરાં સાથે લય ને તાલના સથવારે શરીરને જમીનસરસું લઈ બેઠા થવાનું તેવું પઢાર નૃત્ય લોકમેળાઓમાં અને તહેવારો દરમ્યાન ગુજરાતના ઘેડ પંથકમાં પ્રચલિત છે.

સૌરાષ્ટ્રમાં કોળી પ્રજા માથે મધરાસિયું-રંગીન કપડું, આંટિયાળી ગોળ પાઘડી અને તેને છેડે આભલાં ભરેલું લીલા પટ્ટાનું બાંધણું તથા કેડ્યે રંગીન ભેટ બાંધીને કોળી નૃત્ય કરે છે.

ગુજરાતના ડાંગ જિલ્લાના આદિવાસીઓ મોર, ખિસકોલીઓ અને ચકલી જેવાં પક્ષીઓની નકલરૂપે જે નૃત્ય કરે છે તેને ચાળો નૃત્ય કહે છે. જેમાં હોળીનો ચાળો તેમજ ઠાકર્યા ચાળો નામે નૃત્યો ઓળખાય છે. હોળી અને અન્ય તહેવારોમાં આ પ્રજા આ પ્રકારે નૃત્યો કરે છે.

ગોફ ગૂંથન નૃત્યનો એક પ્રકાર છે. આ નૃત્યમાં નાચનારા લોકો એક હાથમાં દોરીના છેડાને પકડે છે અને બીજા હાથમાં દાંડિયો પકડે છે. એ વખતે તેઓ વેલ આકારે એક અંદર અને એક બહાર એમ ગોળ ફરતા જઈ દોરીની ગૂંથણી બાંધે અને છોડે છે. ઢોલના તાલે એ પ્રમાણે લોકો ગૂંથણી નૃત્ય કરે છે.

**ભારતીય નાટ્યકળા :**

ભારતીય નાટ્યકલા મુખ્યત્વે મનોરંજન સાથે સંસ્કાર પીરસતી કલા છે. નાટકનો સૂત્રધાર અને વિદૂષકની જોડી ભારતીય નાટ્યકલાની આગવી ઓળખ છે. નાટ્યકલા એ માનવજીવન અને જગતનું દર્પણ છે. તેમાં જ્ઞાન અને ગમ્મતનો સમન્વય થાય છે. નાટ્યકલાનું કથાવસ્તુ સામાજિક બાબતો પર આધારિત હોય છે. સમાજની પ્રથાઓ, પરંપરાઓ, રિવાજો, રૂઢિઓ વગેરે નાટકો દ્વારા રજૂ કરવામાં આવે છે. આ રીતે નાટ્યકલા સમાજજીવનને પ્રતિબિંબિત કરતી હોવાથી તે આપણા સાંસ્કૃતિક વારસાને જીવંત રાખે છે.

ભરતમુનિરચિત નાટ્યશાસ્ત્ર નાટ્યકલાક્ષેત્રે અતિ પ્રચલિત છે. આપણા દેશમાં પ્રાચીનકાળથી નાટ્યલેખન અને મંચન અતિ લોકપ્રિય છે. નાટ્યકલા એ રંગમંચ પર દશ્ય-શ્રાવ્ય અને અભિનયના ત્રિવેણીસંગમ સાથે ભણેલા, અભણ, નાના-મોટા સૌને મનોરંજન સાથે લોકશિક્ષણ

આપતી આપણી પ્રાચીન કલા છે. ભરતમુનિના શબ્દો મુજબ, 'એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે નાટ્યકલામાં ન હોય.' આમ નાટ્યકલામાં બધી કલાઓનો સંયોગ છે.

**ભવાઈ કળા :**

ભાવપ્રધાન નાટકોના સ્વરૂપને શાસ્ત્રકારો ભવાઈ કહે છે. ભવાઈની શરૂઆત અસાઈત ઠાકરે કરી હતી. ખૂબ ઓછા ખર્ચે લોકશિક્ષણ સાથે મનોરંજન કરતી આ નાટ્યકલાને ગુજરાતમાં સોલંકીયુગ દરમ્યાન પ્રોત્સાહન મળ્યું. મોટેભાગે પડદા વગર ભજવાતાં નાટકો, હળવી શૈલીની રમૂજો, ભૂંગળ વાદ્ય સાથેનાં સંગીતપ્રધાન નાટકો તેમજ વિવિધ પ્રકારના વેશ-ઝંડા ઝૂલણનો વેશ, કજોડાનો વેશ, રામદેવનો વેશ વગેરે ભવાઈરૂપે ભજવાય છે. ભવાઈના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારને પણ સાંકળી લેવાતો હોય છે. કન્યાકેળવણી, બેટી બચાવો, વ્યસનમુક્તિ, સ્ત્રીભ્રૂણહત્યા જેવા કાર્યક્રમો માટે રંગલા-રંગલીનાં ભાવો સાથે ભવાઈ નાટ્યપ્રયોગો ભજવાય છે. ભવાઈ ભજવતી વખતે આરંભમાં ભવાયો ભૂંગળ વગાડી માતાજીની સ્તુતિ કરે છે. એ રીતે ભવાઈ નાટકનું દશ્ય શરૂ થતું હોય છે. આ નાટ્યકલા આશરે 700 વર્ષ જૂની એક વિશિષ્ટ પ્રકારની કલા છે.

**ભારતીય નાટ્યો અને રચયિતાઓ :**

ભરતમુનિએ રચેલું પ્રથમ નાટકનું કથાવસ્તુ દૈવાસુર સંગ્રામ હતું. મહાકવિ ભાસે મહાભારત આધારિત કર્ણભાર, ઊરુભંગ, અને દૂતવાક્યમ જેવાં નાટકોનો વારસો આપણને આપ્યો છે. મહાકવિ કાલિદાસનાં અભિજ્ઞાનશાકુન્તલમ, વિક્રમોર્વશીયમ્ અને માલવિકાગ્નિમિતમ્ નાટકો સૌથી વધુ પ્રચલિત બન્યાં. મહાકવિ કાલિદાસ અને મહાકવિ ભવભૂતિ સંસ્કૃત સાહિત્યના મહાન નાટ્યકારો છે.

ગુપ્તયુગ દરમિયાન ચિત્ર, નૃત્ય, સંગીત, નાટ્ય, વગેરે કલાઓનો અપૂર્વ વિકાસ થયો. આથી આપણા ઈતિહાસમાં ભારતીય કલાનો તે સુવર્ણયુગ કહેવાય છે. બાળકેળવણીમાં લલિતકલાઓના શિક્ષણની પરંપરાઓને વર્તમાન સ્થિતિ સાથે જોડીને બાળકેન્દ્રી શિક્ષણ આપી શકાય. જેથી બાળકોની માનસિક શક્તિઓનો તથા કળા કૌશલ્યોનો વિકાસ થાય.

---

હવે

**બાળવિશ્વ**

વાંચો અને

**સાંભળો પણ..!**



બાળવિશ્વ હવે સમાવેશી (Inclusive) બની રહ્યું છે. દિવ્યાંગજનો ઉપરાંત સૌ કોઈ આ નવા ઑડિયો માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

**ધ્વનિમુદ્રણ સૌજન્ય : અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.**

# લુપ્ત થતી કળાઓનો પરિચય અને મહત્ત્વ



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૬૮૫૩૧૧૧

બાળકના સંસ્કારમાં માતા-પિતા તરફથી જે શારીરિક અને માનસિક લક્ષણોનો વારસો આવે તે જૈવિક વારસો છે. તેમના તરફથી જે ઘરબાર, જમીન-જાયદાદ કે સ્થાવર-જંગમનો વારસો મળે તે ભૌતિક વારસો છે, જ્યારે આપણી સાંસ્કૃતિક પરંપરાઓમાં પ્રાચીન સમયથી હસ્તકલા-કારીગરી, ચિત્રકલા, શિલ્પકલા, સ્થાપત્યકલા, સંગીતકલા, નૃત્યકલા, નાટ્યકલા વગેરેનો સાંસ્કૃતિક વારસો બાળકમાં કળા શિક્ષણ દ્વારા ઊતરી આવે છે. પરંતુ દિનપ્રતિદિન ભારતની મુખ્ય હસ્તકલા-કારીગરી જેવી કે માટીકામ વણાટકામ, ધાતુકામ, ભરતગૂંથણ, ચર્મઉદ્યોગ, મોતીકામ, જરીકામ, અકીકકામ અને કાષ્ઠકલાઓ, શિલ્પ અને સ્થાપત્ય કળા લુપ્ત થતી જાય છે. આવી લુપ્ત થતી જતી કળાનો પરિચય અને મહત્ત્વ વિશેની રજૂઆત અહીં પ્રસ્તુત છે.

**માટીકામ :**

હસ્તકલા-કારીગરીમાં સૌપ્રથમ માટીકામની કળા અસ્તિત્વમાં આવેલી. ધાતુની શોધ થઈ એ પહેલાં માટીમાંથી વસ્તુઓ બનાવવાની શરૂઆત થયેલી. કુંભારનો ચાકડો પ્રાચીન ભારતનું માટીકામ માટેનું પ્રથમ યંત્ર મનાય છે. કાચી અને પકવેલી માટીમાંથી વાસણો તેમજ વસ્તુઓ બનાવવા માટે ભારત પ્રાચીન કાળથી જાણીતું છે. તેલંગાણાના નાગાર્જુન કોંડા અને ગુજરાતના મહેસાણા જિલ્લાના લાંઘણજમાંથી મળી આવેલાં હાથથી બનાવેલાં માટીનાં વાસણોના જૂના અવશેષો તેના પુરાવારૂપે રજૂ કરવામાં આવ્યા છે. લોથલ, મોહેંજો-દડો અને હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાં માટીમાંથી બનાવેલાં લાલ રંગના પવાલાં, બરણી, રકાબી વગેરે વાસણોના નમૂના જોવા મળ્યા. પ્રાચીન સમયે માટીમાંથી તૈયાર કરવામાં આવેલાં ઘડો, કોડિયું, માટલી, ચૂલો, ઈંટો, રમકડાં વગેરે સાધનોનાં ઉદાહરણો મળે છે. માટીમાંથી બનાવેલી, અનાજનો સંગ્રહ કરવાની નાની-મોટી કોઠીઓ પણ છે. ઘી, તેલ, દૂધ, દહીં, છાસ, વગેરેનાં પાત્રો તેમજ રસોઈનાં વાસણો વિશિષ્ટ રીતે માટીમાંથી બનાવેલાં દેખાયાં. એ વખતનાં ગામડાંમાં બધાં જ ઘરોની દીવાલો માટી અને છાણના મિશ્રણથી લીંપાતી.

**કાંતણકામ :**

રૂની પૂણીમાંથી તાંતણા ખેંચવા સાથે તેમને વળ ચડાવી એકબીજાની પકડમાં જોડી લાંબો દોરો તૈયાર કરવાની કલા-કાંતણકામ પણ એક હસ્તકલા બની. મલમલના બારીક કાપડની હસ્તકલા તેના આધારે અસ્તિત્વમાં આવી. કાશ્મીરના ગાલીચા, પાટણનાં પટોળાં-જે બેવડ વણાટ(બેવડ-ઈક્ત), કાંજીવરમ તથા બનારસની સાડીઓ, રાજસ્થાની બાંધણીઓ વગેરે હાથવણાટના હુન્નરના નમૂનાઓ છે. વસ્ત્રોની કિનારી પર ચળકતી જરીનું છાપકામ-કારીગરીમાં રંગબેરંગી જરીની છાંટ લગાવવાની હસ્તકલા જોવા મળે છે.

**ધાતુકામ :**

પ્રાચીન સમયે ભારતમાં તાંબું, કાંસું, પિત્તળ વગેરે ધાતુઓમાંથી પાણી ભરવાના ઘડા, વાસણો, વિવિધ પાત્રો, મૂર્તિઓ વગેરે વસ્તુઓ બનાવવામાં આવતી. યુદ્ધો માટેનાં અસ્ત્રો અને શસ્ત્રો પણ ધાતુમાંથી બનાવાતાં. તાંબા અને કાંસા જેવી ધાતુઓમાંથી દાતરડાં, શારડીઓ, વળાંકવાળી કરવત, આર અને સોય જેવાં ઓજારો બનાવાતાં.

**ભરતગૂંથણ :**

ભરતગૂંથણની કલામાં ભારતે પ્રાચીન સમયે મોટી નામના મેળવેલી. હડપ્પા ને મોહેંજો-દડોના ખોદકામ દરમિયાન મળેલી મૂર્તિઓ અને પૂતળાંનાં વસ્ત્રો પર

ભરતગૂંથણ કામ જોવા મળ્યું. તે પ્રમાણે પુરુષો, સ્ત્રીઓ, અને બાળકોનાં વસ્ત્રો પર ભરતગૂંથણ કરવાની કલા ઘણી પ્રાચીન છે. સિંધુખીણની સંસ્કૃતિ દરમિયાન સિંધ, સૌરાષ્ટ્ર અને કચ્છનાં સ્ત્રી-પુરુષોનાં વસ્ત્રો પર ભરતકામ થયેલું જોવા મળ્યું. ચંદરવા, શાખ તોરણ, ચાકળા, ઓછાડ, તકિયા, પારણાં, ઓશીકાં, કેડિયાં વગેરે વસ્તુઓ પર ભરતગૂંથણ કરવાની કારીગરી પ્રખ્યાત છે.

**ચર્મકામ :**

પ્રાચીન સમયમાં ચર્મકારો મૃત પ્રાણીઓનાં ચામડાંમાંથી પખાલ-મશકો, ધમણો, પગરખાં, જીન, ઢોલ, નગારાં, તબલાં, ઢોલક, ઢાલ, પલાણ, લગામ, ચાબુક, પાકીટ, પટ્ટા તેમજ પાલતું પ્રાણીઓને બાંધવા માટે વપરાતાં સાધનો બનાવાયાં. આ ચર્મકામનો ઉદ્યોગ એ ભારતની ઘણી જૂની કારીગરી છે.

**મોતીકામ :**

આભૂષણો બનાવવામાં હીરા, માણેક, મોતી, પન્ના, નીલમ, પોખરાજ વગેરે રત્નોનો ઉપયોગ થયો. તોરણો, પછીત, બારી, ચાકળા, લગ્નનાં નારિયેળ, મોડિયા, ઘોડિયાં, ઘૂઘરા, ઈંઢોણી, કળશ, બળદ માટેના મોડિયા અને તેનાં શિંગડાંની ઝૂલ, પંખા વગેરે વસ્તુઓ મોતી ગૂંથીને બનાવાય છે.

**જડતરકામ - કળા મીનાકારી :**

વીંટી, હાર, દામણી, નેકલેસ, ચૂની, નથણી, એરિંગ, કાપ વગેરે સોનાના અલંકારોમાં હીરા જેવા કીમતી પથ્થરો અને સાચાં મોતી જડવાની કલા જડતરકામના નમૂનાઓ પણ પ્રચલિત છે. જડતર ભારતની એક પ્રાચીન કલા છે. તે ખાસ તો સુવર્ણ અલંકારો સાથે સંકળાયેલી છે.

ભારતના સમ્રાટો, રાજાઓ, અન્ય શાસકો તેમજ શ્રીમંત લોકો સોનાના અલંકારોમાં હીરા, મોતી અને માણેક જેવાં કીમતી રત્નોના હાર, બાજુબંધ, કડાં, મુગટ, વગેરેમાં જડીને ધારણ કરતા. ખાસ નિપુણતા ધરાવતા સુવર્ણ-કારીગરો જડતરકલામાં પ્રવીણતા ધરાવતા. ઉપરાંત વીંટી, કંગન, એરિંગ, માળા, હાર, ચાવીનો ઝુડો વગેરે સોના-ચાંદીના અલંકારોમાં લાલ, લીલો અને વાદળી જેવા ચમકતા રંગો પૂરવાની કલા-મીનાકારીના નમૂનાઓ પ્રચલિત છે. નદીઓના ખીણપ્રદેશમાંથી મળી આવતો કેલ્સિડોનિક-સિલિકા મિશ્રિત ભૂરા કે સફેદ રંગનો પથ્થર-સિલિકા, જેને અકીક કહે છે તે એક કીમતી પથ્થર છે. તેના પર પહેલ પાડી તેમાંથી વિવિધ પ્રકારનાં ઘરેણાં બનાવાતાં.

**કાષ્ઠકળા :**

ભારતમાં લાકડાનો ઉપયોગ શરૂઆતમાં બળતણ તરીકે અને પછીથી ઓજારો, ભવનો અને મકાનોના બાંધકામમાં થયો. ક્રમશઃ કાષ્ઠકલાનો વિકાસ થતાં મૂર્તિઓ, રમકડાં, સોગઠાં, કલાત્મક થાંભલીઓ-બારી-બારણાં-ગોખ-ઝરૂખા-અટારીઓ બનાવવાની કારીગરી દેખાણી. ઉપરાંત સિંહાસનો, ખુરશીઓ, જાળીઓ વગેરે બનાવવામાં કાષ્ઠકલા વિકસતી ગઈ. લાકડા પરનું કોતરકામ-કારીગરીથી કાષ્ઠકલા સમૃદ્ધ બની. સંખેડાના લાકડામાંથી પારણાં, માંચીઓ, બાજઠ, પલંગ, હિંડોળા, કબાટ તેમજ વિવિધ પ્રકારનું નયનરમ્ય ફર્નિચર એ કાષ્ઠકલાનાં ઉદાહરણો છે.

**શિલ્પ કળા :**

શિલ્પી પોતાના મનમાં ઊઠતા વિવિધ ભાવોને છીણી-હથોડી વડે પથ્થર, લાકડું કે ધાતુને કંડારીને જે આકાર તૈયાર કરે તે શિલ્પ એક અદ્ભુત કલા છે. સિંધ અને પંજાબમાંથી પુરાતત્ત્વવિદોએ મોહેંજો-દડો અને હડપ્પાનાં શહેરો સંદર્ભે અસંખ્ય મુદ્રાઓ શોધી કાઢેલી. સિંધુ સંસ્કૃતિના એ કલાકારોએ માનવો અને પશુઓની આકૃતિઓ કંડારેલી. બૌદ્ધસ્તુપોના સ્તંભો પરનાં શિલ્પો અને રામાયણ-મહાભારત-પુરાણોની કથાઓની કલા-કૃતિઓ પથ્થરોમાં કંડારાઈ. બૌદ્ધમઠોનું શિલ્પ પણ વિકાસ પામતું ગયું. પર્વતોના ખડકોમાં ગુફાઓ કોરીને તેમાં વિરાટ સ્તંભાવલિવાળા વિરાટ ચૈત્યો કંડારાયેલાં. મૌર્યસમ્રાટ અશોકની ધર્માજ્ઞાઓ માટે એક જ શિલામાંથી-પથ્થરમાંથી કોતરીને, ઘસીઘસીને ચળકાટ આપીને સ્તંભાલેખ બનાવવામાં આવ્યા.

# શિક્ષણમાં કલા અને સંસ્કૃતિનું સંકલન



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
પ્રોફેસર, શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
મો. ૯૬૮૭૬૯૩૨૪૧

શિક્ષણમાં કલા અને સંસ્કૃતિ બાળકોની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો વિકાસ કરી શકે છે. કલા અને સંસ્કૃતિનું સંકલન વિદ્યાર્થીઓ માટે શિક્ષણને વધુ રસપ્રદ અને આનંદદાયક પણ બનાવી શકે છે. કલા અને સંસ્કૃતિ બાળકોને તેમના વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવા માટે એક અનોખું પ્લેટફોર્મ પૂરું પાડે છે. કલા અને સંસ્કૃતિ વિચારસરણી સુધારવા અને સમસ્યાનું નિરાકરણ લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેથી અભ્યાસક્રમમાં કલા અને સંસ્કૃતિનો સમાવેશ થવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ મૂલ્યો, ધોરણો, સહકારી વર્તન, સહાનુભૂતિ, શાંતિપૂર્ણ જીવન વગેરે સમજી શકે. સરળ શબ્દોમાં કહીએ તો, કલા અને સંસ્કૃતિ વિદ્યાર્થીઓમાં સામાજિક સમાવેશ બનાવે છે અને શિક્ષણને તમામ સામાજિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના બધા માટે સમાવિષ્ટ અને સમાન બનાવે છે.

શિક્ષણમાં કલા અને સંસ્કૃતિ સર્જનાત્મકતા, કલ્પના અને નવીન વિચારસરણીને પોષે છે.

કલા અને શિક્ષણ સાથે સંપૂર્ણ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓએ વિવિધ કારકિર્દી માટે તૈયાર રહેવું જોઈએ. શિક્ષણ કલા અને સંસ્કૃતિ દ્વારા બાળકના સર્વાંગી વિકાસને પૂર્ણ કરે છે.

તેથી, કલા અને સંસ્કૃતિમાં સામાજિક પરિવર્તન લાવવાની શક્તિ છે. શિક્ષણમાં કલા અને શિક્ષણને એકીકૃત કરીને, વિદ્યાર્થીઓ સામાજિક મુદ્દાઓને સંબોધિત કરી શકે છે, પર્યાવરણીય ચિંતાઓ વિશે જાગૃતિ લાવી શકે છે અને સકારાત્મક પરિવર્તનની હિમાયત કરી શકે છે.

**ઉદ્દેશ્યો :**

- આ લેખના કેટલાક ઉદ્દેશ્યો છે, જેમકે શિક્ષણ દ્વારા વ્યવહારુ વિશ્વને સમજવું
- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનું સ્તર વધારવું
- વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિપૂર્ણ મૂલ્ય વિકસાવવાં
- વિદ્યાર્થીઓને સામાજિક પ્રવૃત્તિઓમાં જોડવા
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વધારવી
- વિદ્યાર્થીઓને શિક્ષણને વાસ્તવિક જીવન સાથે જોડવામાં મદદ કરવી
- વિદ્યાર્થીઓને વિવેચનાત્મક રીતે વિચારવામાં મદદ કરવી
- વિદ્યાર્થીઓમાં વાતચીત કૌશલ્ય સુધારવું
- વિદ્યાર્થીઓને ધોરણો અને મૂલ્યો વિશે શીખવવું

**સૈદ્ધાંતિક માળખું :**

કલા અને સાંસ્કૃતિક શિક્ષણ વિવિધ મૂલ્યવાન પરિણામો તરફ દોરી શકે છે, જેમકે વ્યક્તિગત, સામાજિક અને આંતરિક અસરો. તે વિદ્યાર્થીઓને કલાનું અર્થઘટન કરવામાં, તેમની પોતાની સાંસ્કૃતિક ઓળખથી વાકેફ થવામાં અને સંસ્કૃતિ અને કલાના અન્ય મૂલ્યોને સ્વીકારવામાં મદદ કરે છે. વિદ્યાર્થીઓ તેમની અન્ય સંસ્કૃતિઓ સાથે કેવી રીતે વર્તવું તે શીખે છે. તેઓ સામાજિક લોકોનો આદર કરે છે. શિક્ષણમાં સંસ્કૃતિના એકીકરણ દ્વારા વિદ્યાર્થીઓ તેમની આસપાસની વધુ સંસ્કૃતિઓ વિશે જાણે છે અને તેઓ અન્ય સંસ્કૃતિઓને સ્વીકારી શકે છે. 2020 મુજબ, વિદ્યાર્થી-કેન્દ્રિત અભ્યાસક્રમ બનાવવો ફરજિયાત છે અને આ, શિક્ષણમાં કલા અને સંસ્કૃતિના એકીકરણ દ્વારા થવું જોઈએ. તેથી, NEP 2020 મુજબ શિક્ષણમાં કલા અને સંસ્કૃતિને એકીકૃત કરવા માટે નીચે આપેલા કેટલાક રસ્તાઓ છે :

- સાંસ્કૃતિક વિવિધતાની પ્રશંસા.
- આંતરશાખાકીય જોડાણોનું નિર્માણ.

- વિદ્યાર્થીઓમાં ટીમવર્ક અને પરસ્પર પ્રશંસાને પ્રોત્સાહન આપો.
- વિદ્યાર્થીઓને અન્ય લોકો સામે આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદ કરો.
- બ્રેઈનસ્ટોર્મિંગ અને ક્વિઝ સત્રમાં વિદ્યાર્થીઓને સામેલ કરો.
- લિંગ અસમાનતા અને સ્ટીરિયોટાઈપિંગ ખ્યાલ સામે વિદ્યાર્થીઓને જાગૃત કરો.
- વર્ગખંડોમાં સ્વ-અભિવ્યક્તિ માટે તકોને પ્રોત્સાહન આપો.

કલા અને સંસ્કૃતિનું એકીકરણ શિક્ષકોને તેઓ ભજવે છે તે ભૂમિકાઓ અને વિદ્યાર્થીઓ સાથેના તેમના સંબંધો પર પુનર્વિચાર કરવામાં મદદ કરે છે. શિક્ષકો/પ્રોફેસરો શાળાઓ/કૉલેજો/યુનિવર્સિટીઓમાં બહુસાંસ્કૃતિક વર્ગખંડમાં વર્ગો લઈને વિવિધ સાંસ્કૃતિક જરૂરિયાતોને અમલમાં મૂકી શકે છે. શિક્ષક/પ્રોફેસરે વિવિધ કલાત્મક કાર્યોમાં વિદ્યાર્થીઓને સામેલ કરીને શિક્ષણમાં કલા અને સંસ્કૃતિને એકીકૃત કરવી જોઈએ, દા.ત.; પોસ્ટર બનાવવાની સ્પર્ધા, સંગીત સ્પર્ધા, કોલાજ બનાવવા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે.

**ફલિતાર્થો** :

આપણે જાણીએ છીએ કે, શિક્ષણ વિદ્યાર્થી-કેન્દ્રિત હોવું જોઈએ. એટલે કે, શિક્ષણ પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમની બહાર હોવું જોઈએ. શિક્ષકે દરેક વિદ્યાર્થી માટે સહાયક તરીકે ભૂમિકા ભજવવી જોઈએ. વિદ્યાર્થીઓ વર્ગખંડમાં સક્રિય ભૂમિકા ભજવે છે. હવે પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓ કેવી રીતે સક્રિય બને છે? અહીં, શાળાઓના શિક્ષકો અથવા કૉલેજો અને યુનિવર્સિટીઓના પ્રોફેસરો શિક્ષણમાં કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો સમાવેશ કરીને શિક્ષણને વધુ રસપ્રદ બનાવે છે. શિક્ષણમાં કલાનો સમાવેશ કરીને, શિક્ષકો/પ્રોફેસરો વર્ગખંડમાં કેટલીક કલાત્મક પ્રવૃત્તિઓ ગોઠવી શકે છે, દા.ત.:

- શિક્ષકો વિદ્યાર્થીઓને તેમના ચિત્ર પુસ્તકમાંથી કંઈક દોરવાનું કહી શકે છે.
- શિક્ષકો શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરે.
- શાળા સત્તાવાળાએ પોસ્ટર બનાવવા, કોલાજ બનાવવા, ચિત્રકામ વગેરે માટે આંતર-શાળા સ્પર્ધાનું આયોજન કરવું જોઈએ.
- શાળા સત્તાવાળાઓ વિદ્યાર્થીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવી શકે છે જેથી વિદ્યાર્થીઓ આ કાર્યક્રમોમાં ભાગ લઈ શકે.

તેથી, શિક્ષકો, શાળા સત્તાવાળાઓ વિદ્યાર્થીઓ માટે વિવિધ કલા અને સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવી શકે છે, જેથી વિદ્યાર્થીઓ વધુ સક્રિય બને અને શિક્ષણમાં રસ લે.

શિક્ષણમાં કલા અને સંસ્કૃતિ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે વિદ્યાર્થીઓના વિકાસ અને શિક્ષણ પર સકારાત્મક અસર કરે છે. વર્ગખંડમાં કલા અને સંસ્કૃતિનો સમાવેશ કરવાથી ઘણા સ્પષ્ટ ફાયદા થાય છે, જેમકે :

- વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈને પોતાની સર્જનાત્મક ક્રિયાઓ શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ યોગ્ય નિર્ણય લેવા માટે સક્રિય બને છે.
- વિદ્યાર્થીઓ એકબીજામાં આત્મવિશ્વાસનું સ્તર બનાવી શકે છે.
- વિદ્યાર્થીઓ કલામાં પણ ભાગ લઈને પોતાની જાતને વ્યક્ત કરવાની ક્ષમતામાં સુધારો કરી શકે છે.
- વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ થઈને નવા વિચારો લાવી શકે છે.
- વિદ્યાર્થીઓ શિક્ષણને વ્યવહારુ કાર્યો સાથે જોડી શકે છે.
- વિદ્યાર્થીઓ તેમની કારકિર્દીમાં વધુ નવીન વિચારો શોધી શકે છે.
- વિદ્યાર્થીઓએ અન્ય લોકો સાથે વાતચીત કેવી રીતે કરવી અને અન્યનો આદર કેવી રીતે કરવો તે શીખવાની જરૂર છે.
- વિદ્યાર્થીઓ કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લે છે.

# સુરીલી બોલિયાં : વાર્તા કળા



- લતા હિરાણી
પ્રસિદ્ધ સાહિત્યકાર
મો. ૯૯૭૮૪૮૮૮૫૫

ઘરરરર અવાજ સાથે વિમાનનું ટેકઑફ થઈ ગયું. મને જરા હાશ થઈ. હવે અઢી કલાકમાં અમદાવાદ. હજુ સીટ સીધી જ રાખવાની હતી. હવે હું લંબાવાની રાહમાં..... વિન્ડો કે આઇલ સીટ મળી નહોતી, વચ્ચેની સીટ આવી હતી એટલે જરા અકળામણ હતી. જોકે બાજુનાં બંને સહપ્રવાસી મજાનાં હતાં.

આગળની સીટ પર નજર જાય એ પહેલાં જ બાળકના રડવાનો અવાજ શરૂ થયો. પછી ખાસ ધ્યાન ગયું. મારી જેમ જ વચ્ચેની સીટ પર એક યુવાન દીકરી બેઠી હતી અને એના ખોળામાં રહેલું બાળક રડતું હતું. હમણાં એ ચૂપ થઈ જશે એમ વિચારી થોડીવાર બેસી રહી પરંતુ એ બાળકના રડવાનો અવાજ સતત ચાલુ રહ્યો અને વધતો ગયો.

પ્લેનનું ઉડાન ગતિમાં આવ્યું અને બાળકીના રડવાની ગતિ પણ વધી.

મેં ઊભા થઈને નામ પૂછ્યું અને આગળ કહ્યું, 'બેટા, કાંઈ મદદ કરું?'

'નહીં આંટી, અભી ચૂપ હો જાયેગી.' સુનિતાનો ચહેરો લાચારીથી ભર્યો હતો અને હું આખેઆખી!

ત્યાં ઍરહોસ્ટેસ આવી. એણે પૂછ્યું, 'મેડમ, મે આઇ હેલ્પ યુ?''

સુનિતા એની સામે જોઈ રહી. હકીકતે આમાં કોઈ મદદ કરી શકે એમ નહોતું. ફલાઇટમાં હવાના દબાણમાં થતા ફેરફાર નાના બાળકનાં કાનના પડદાઓ સહન ન કરી શકે એટલે એ રડે. એના માટે અગાઉથી ડૉક્ટર દવા આપતા હોય છે પણ એની સુનિતાને જાણ નહીં હોય. ઍરહોસ્ટેસ આવી રૂ આપી ગઈ. બાળકીના કાનમાં નાખ્યું પણ એનાથી ઝાઝો ફેર પડે એમ નહોતો.

હું લાચાર થઈ જોઈ રહી કેમકે આનાથી વધારે હું પણ મદદ કરી શકું એમ નહોતી. બાળકીનું રડવાનું અને મારી લાચારી વધતાં જતાં હતાં. બીજા લોકોનું પણ એવું જ હશે. સુનિતા એને શાંત પાડવા કોશિશ કર્યે જતી હતી. પ્રવાસનો થાક એટલો ભર્યો હતો કે રુદનના અને બીજા અવાજો વચ્ચેય થોડીવારમાં મને ઊંઘ આવી ગઈ. કદાચ ઈશ્વરે આ અસહાયતામાંથી છૂટવાનો માર્ગ કરી દીધો. લાંબી ઊંઘ તો ક્યાંથી આવે? થોડીકવારમાં હું જાગી ત્યારે બાળકી શાંત હતી.

મને આશ્ચર્ય થયુ, કેમકે આવામાં બાળકની તકલીફ ચાલુ જ રહે. એની મમ્મી એના કાન પાસે કંઈક બોલી રહી હતી. ક્યારેક કશુંક ગાઈ પણ લેતી. જે હોય તે, પણ મને હાશ થઈ.

અમદાવાદ આવ્યું અને અમે બધાં ઊભાં થયાં. એ દીકરી પોતાની નાની બાળકીને સાચવવા સાથે, સામાન ઉતારવાની ઝંઝટમાં હતી. મેં એની બેગ ઉતારી દીધી અને લઈને એની સાથે ચાલી. પ્લેનમાંથી ઊતર્યા બાદ મેં એને આ અંગે પૂછ્યું, કેમકે મારું આશ્ચર્ય શમતું નહોતું.

'આ નાનકીને તમે કેવી રીતે ચૂપ કરી?'

'ક્યા કરું આંટી, ઉસકો બાતેં સુનનેકા બહુત શૌક હૈ ઇસલિએ મૈંને ઉસસે બાતેં શુરુ કર દી, તાકિ વો ચૂપ હો જાયે!'

આશ્ચર્ય હવે વધ્યું. પૂછ્યા વગર ન જ રહેવાયું. સવાલ સ્વાભાવિક રીતે આ બાળકી સાથે વાતો કરવા અંગેનો હતો, કેમકે બાળકી માંડ 3-4 મહિનાની હતી! એનો જવાબ મારા હૃદયની આરપાર ઊતરી ગયો. એણે કહ્યું કે,

''એ પેટમાં હતી ત્યારે હું એને વાર્તાઓ સંભળાવતી. એનો જન્મ થયો પછી હું એની સાથે સરસ મજાની વાતો કર્યા કરતી. એ સૂતી હોય ત્યારે મારાં કામો

પતી જાય એની ચીવટ રાખું અને જાગે કે તરત એની સાથે વાતો શરૂ કરું. એને ઘોડિયામાં હીંચકાવતાં હાલરડાં ગાવાનું તો ખરું જ અને ભલે એ મારી ભાષા કે વાતો કંઈ સમજતી નહીં પણ જેવું હું બોલવાનું કે ગાવાનું શરૂ કરું કે એ ધ્યાનથી સાંભળતી હોય એવું મને લાગે. ક્યારેક રડતી હોય તો પણ મારો અવાજ સાંભળીને ચૂપ થઈ જાય. ક્યારેક ઘરના પ્રશ્નોથી હું પરેશાન હોઉં પણ એની સાથે વાત કરવાના મારા નિયમમાં હું જરાય છૂટ ન લઉં અને બને એવું કે એની સાથે વાત શરૂ કરું ને મારી બધી પરેશાની અદૃશ્ય થઈ જાય. બસ એમાં એને ટેવ પડી ગઈ છે મારી વાતો સાંભળવાની.''

બાળકને સમય આપવો જોઈએ, એની સાથે વાતો કરવી જોઈએ, એની વાતો નિરાંતે સાંભળવી જોઈએ, આ સત્ય હું જાણતી હતી પણ એ કેટલું ચમત્કારિક છે એ પહેલીવાર અનુભવ્યું! વિચારવાનો મુદ્દો એ છે કે બાળકી ભાષા સમજ્યા વગર પણ માના અવાજ સાથે કેટલી હદે ઓતપ્રોત થઈ જતી હશે કે એ પોતાનું દુઃખ ભૂલી ગઈ. અને મેં એ નોંધ્યું હતું કે બધો જ સમય માતા સતત બાળકીના કાન પાસે બોલી રહી હતી!

આ યુવાન માતાએ જે સમજણ દાખવી એના માટે મારું મસ્તક આદરથી ઝૂકી જાય છે. કેટલી મહત્ત્વની અને કેટલી પાયાની વાત છે આ! જે માતામાં આટલી સમજણ છે, એની વાતોમાં પણ શું હોય એ સમજી શકાય છે. જેની સાથે માતા જન્મથી જ (આમ તો ગર્ભમાંથી) વાતો કરે છે, એ બાળક બોલતાં શીખશે ત્યારે એ માતા સાથે પોતાની બધી જ લાગણી; પોતાની ખુશી, આનંદ, ગુસ્સો, અણગમો, નારાજગી શેર કરશે. અને પોતાની લાગણી શેર કરવી એ અત્યંત મહત્ત્વની વાત છે.

આ શેરિંગનું પરિણામ કેવું હોય? બાળક સદા ખુશખુશાલ રહેશે. એનો આત્મવિશ્વાસ એવરેસ્ટની હાઇટ ઉપર રહેશે. એવું તો ન બને કે એને નિરાશ થવાનો વખત ન આવે, જીવનમાં નિષ્ફળતાઓ ન મળે, હતાશાઓ ન આવે પણ એની પાસે એની મા હશે, (પેલો હિન્દી ફિલ્મનો ડાયલોગ યાદ આવે, 'મેરે પાસ માં હૈ!') જેના ખોળામાં એ પોતાની બધી અકળામણ ઠાલવી શકે! પછી એ હતાશાથી હારશે નહીં. મુશ્કેલીમાં તૂટી પડશે નહીં. અઘરી પરિસ્થિતિનો સામનો કરી શકશે. માતા અને બાળકનો અરસપરસનો વિશ્વાસ, એને કઠિનમાં કઠિન પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ આપશે. કહે છે ને કે गुरुणां माता गरीयसी – માતા સૌથી મોટો ગુરુ છે.

આજે કિશોરવયના કે યુવાન વિદ્યાર્થીઓ આત્મહત્યાનો રસ્તો લે છે, ત્યારે એમ થાય કે અભ્યાસ કરતા વિદ્યાર્થીને એવી તે કેવી મુશ્કેલી હોય કે એ જિંદગી હારી જાય! અને આ મુદ્દો ક્લિક થાય છે! .... હા, આ શીખવી શકાય, શીખવવું જ જોઈએ નવી પેઢીના કિશોરોને, યુવાનોને..

અહીંયાં માતાનો અવાજ, માતાના બોલ, એમાં રહેલો પ્રેમ પરિણામ લાવ્યાં. બોલવાની વાત નીકળી તો સ્વાભાવિક જ એની સાથે ભાષા જોડાય. માતાની ભાષા એની પોતાની પ્રાદેશિક બોલી હોય કેમકે બોલીમાં જ હૃદયને સ્પર્શવાની તાકાત છે. માનવીની આંતરચેતનાને સમૃદ્ધ કરવાનું સામર્થ્ય પોતાની ભાષામાં જ; એમાં જ વસેલાં છે સત્ય, શિવ અને સુંદર.

(સત્ય ઘટના)

# કલા, સર્જન અને સંવેદનઃ બાળકના સર્વાંગી વિકાસની ચાવી



- ડૉ. ભૈરવી દીક્ષિત
આસિસ્ટન્ટ પ્રોફેસર (સંસ્કૃત)
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર મો. ૮૧૨૮૯૮૪૨૨૮

બાળપણ જીવનનું સૌથી મૂળભૂત અને અત્યંત સંવેદનશીલ ચરણ છે. આ અવસ્થામાં મેળવેલા અનુભવ, જ્ઞાન અને મૂલ્યો જીવનભરનું વ્યક્તિત્વ ઘડે છે. કલા, સર્જન અને સંવેદન - આ ત્રણેય માનવ વ્યક્તિત્વના એવા આધારસ્તંભ છે, જે બાળકના બુદ્ધિ, ભાવના, સામાજિક, અને નૈતિક ઘડતર માટે અનિવાર્ય છે.

આંદ્રે ગિડેએ કહ્યું છેઃ "Art is a collaboration between God and the artist." – André Gide

(કલા એ ઈશ્વર અને કલાકાર વચ્ચેનું સહકાર્ય છે.) શિક્ષણશાસ્ત્રીઓનું માનવું છે કે જ્યારે આ ત્રણેય પાસાંઓનો સંકલિત ઉપયોગ થાય, ત્યારે બાળકનો વિકાસ માત્ર શૈક્ષણિક સિદ્ધિ સુધી મર્યાદિત ન રહે, પરંતુ તેના સંપૂર્ણ વ્યક્તિત્વના ઘડતરમાં પરિવર્તન લાવે છે.

**કલાનો અર્થ અને તેની વ્યાપકતા** : કલા એટલે માત્ર ચિત્રકામ, સંગીત અથવા નૃત્ય નહીં, પરંતુ માનવ ભાવનાઓ, વિચારશૈલી અને કલ્પનાશક્તિની અભિવ્યક્તિનું જીવંત માધ્યમ. દશ્ય કલા (ચિત્રકામ, શિલ્પકામ), સંગીત, નાટક, નૃત્ય, સાહિત્ય, હસ્તકલા વગેરે કલાઓ દ્વારા બાળક પોતાની અંદર છુપાયેલા વિચારોને સ્વરૂપ આપે છે અને જગતને નવી દૃષ્ટિએ જોવાની ક્ષમતા વિકસાવે છે.

પાબ્લો પિકાસોના શબ્દોમાં કહીએ તો "Art washes away from the soul the dust of everyday life." - Pablo Picasso (કલા આત્માથી દૈનિક જીવનની ધૂળને ધોઈ નાખે છે.) ભારતીય પરંપરામાં કલાને 'સંસ્કારદાનનું સાધન' માનવામાં આવ્યું છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં દર્શાવ્યા મુજબ, નાટ્યકલા માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે શિક્ષણ, નૈતિક સંદેશ અને માનસિક શુદ્ધીકરણનું પણ શક્તિશાળી માધ્યમ છે. પ્રાચીન ગુરુકુલોમાં સંગીત, નૃત્ય, વાદ્યવાદન, અને શિલ્પકલાને શિક્ષણનો અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો હતો, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતું.

સર્જનાત્મક પ્રવૃત્તિઓનો ફાળોઃ સર્જન એ માનવ બુદ્ધિનું ઉચ્ચતમ લક્ષણ છે. જ્યારે બાળકને નવીન વિચારોને અજમાવવાની તક મળે છે, ત્યારે તે સમસ્યા-નિવારણ ક્ષમતા, નવીનતા, અને આત્મવિશ્વાસ વિકસાવે છે.

- ચિત્રકામમાં રંગોની પસંદગી બાળકની કલ્પનાશક્તિને ઊંચાઈ આપે છે.
- સંગીત અને ગાયનમાં તાલ-લયનો અભ્યાસ શ્રવણશક્તિ સાથે માનસિક એકાગ્રતા વધારે છે.
- હસ્તકલા બાળકના સૂક્ષ્મ હસ્તકૌશલ્ય તથા ધૈર્યનો વિકાસ કરે છે.

પ્રખ્યાત ડિઝાઈનર ડોનેટેલા વર્સાચે જણાવ્યું છે કે "Creativity comes from a conflict of ideas." - Donatella Versace (સર્જનાત્મકતા વિચારોની અથડામણમાંથી જન્મે છે.) યુનેસ્કોના અહેવાલ મુજબ, સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેનારાં બાળકોમાં બૌદ્ધિક વિકાસ દર, ભાવનાત્મક સંતુલન અને અનુકૂલનક્ષમતા અન્ય બાળકોની સરખામણીએ વધુ હોય છે.

**સંવેદન અને મૂલ્યોનું પોષણ** : સંવેદન માત્ર સહાનુભૂતિ નહીં, પરંતુ પરિસ્થિતિને હૃદયપૂર્વક અનુભવવાની ક્ષમતા છે. કલા દ્વારા બાળકને વિવિધ સંસ્કૃતિઓ, જીવનશૈલીઓ અને માનવીય અનુભવો સાથે જોડાવાની તક મળે છે.

- નાટકમાં વિવિધ પાત્રો ભજવવાથી બાળક અન્યના દુઃખ-સુખને અનુભવી શકે છે.
- સંગીતમાં ભાવસભર રચનાઓ સાંભળવાથી મનમાં કરુણા, પ્રેમ અને નૈતિકતા વિકસે છે.

ભારતીય સંસ્કૃતિમાં મૂલ્યશિક્ષણ માટે પ્રાર્થનાઓ, ભજન, કાવ્યો, અને લોકકથાઓનો ઉપયોગ થયો છે. ''सर्वे भवन्तु सुखिनः'' જેવી પ્રાર્થનાઓ બાળકના મનમાં સર્વજન હિતાય અને સુખાય ભાવના જગાવે છે.

**પ્રારંભિક વય અને ગર્ભાવસ્થામાં કલાનો પ્રભાવ** : ગર્ભાવસ્થામાં માતા સંગીત સાંભળે, ભજન કરે, ચિત્રકામ કરે અથવા વાર્તા વાંચે તો તેનો સકારાત્મક પ્રભાવ ભ્રૂણના મગજના વિકાસ પર પડે છે. પ્રાચીન ભારતીય ગ્રંથોમાં ગર્ભ સંસ્કારમાં સંગીત, મંત્રપાઠ અને કલાપ્રવૃત્તિઓને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. જન્મ પછીના પ્રથમ પાંચ વર્ષમાં બાળકનું મગજ સૌથી ઝડપી વિકસે છે, અને આ અવસ્થામાં કલા આધારિત પ્રવૃત્તિઓ તેને સંવેદનશીલ અને સર્જનાત્મક બનાવે છે.

**શાળા-ગૃહમાં કલા અને સર્જનનું સંકલન** : બાળકના સર્વાંગી વિકાસ માટે શાળા અને ગૃહજીવનમાં કલા, સર્જન અને સંવેદનનું સંકલન અત્યંત આવશ્યક છે, કારણ કે આ ત્રણે પાસાં બાળકની બુદ્ધિ, ભાવના અને સામાજિક કુશળતાને સમાન રીતે પોષે છે. શાળામાં પાઠ્યક્રમ સાથે સંગીત, ચિત્રકામ, નાટક, હસ્તકલા અને વાર્તાકથન જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ થવાથી બાળકનું અભ્યાસ પ્રત્યેનું રસજાગરણ વધે છે, તેમજ અભિવ્યક્તિ અને કલ્પનાશક્તિ વિકસે છે. ઘરનું વાતાવરણ પણ આ સર્જનાત્મકતા અને સંવેદનાને આગળ ધપાવવાનું મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, જ્યાં માતા-પિતા બાળકોને વાર્તા કહેવાની, ગીત ગાવાની, ચિત્ર બનાવવાની અથવા નાની નાટ્યપ્રવૃત્તિ કરવાની તક આપે છે. ઉદાહરણરૂપે, પંચતંત્રની નૈતિક વાર્તાઓનું નાટ્યરૂપાંતર, તહેવારો પર વિષય આધારિત ચિત્રસ્પર્ધાઓ, અથવા લોકનૃત્યની તાલીમ જેવી પ્રવૃત્તિઓ બાળકોમાં સર્જનાત્મકતા સાથે ટીમવર્ક, આત્મવિશ્વાસ અને મૂલ્યબોધ વિકસાવવામાં સહાય કરે છે. આ રીતે, શાળા અને ઘર બંને જગ્યાએ કલા, સર્જન અને સંવેદનના સંકલિત પ્રયત્નોથી બાળકનો વિકાસ એકપક્ષીય ન રહેતાં જ્ઞાન, ભાવના અને નૈતિકતા ત્રણે ક્ષેત્રોમાં સમતોલ રીતે આગળ વધે છે.

**પ્રાચીન ભારતીય દૃષ્ટિકોણ** : પ્રાચીન ભારતીય દૃષ્ટિકોણ અનુસાર બાળવિકાસ કલા, સંગીત, નૃત્ય, નાટ્ય, સાહિત્ય, પ્રકૃતિપ્રેમ અને જીવનમૂલ્યોના સંકલનથી સર્વાંગી બને છે. આ સંસ્કૃતિમાં શિક્ષણનો હેતુ બાળકને જ્ઞાન સાથે સાથે સંસ્કાર, સર્જનશીલતા, તર્કશક્તિ, શારીરિક કૌશલ્ય અને ભાવનાત્મક પરિપક્વતા તરફ દોરી જવાનો છે. ઉદાહરણ તરીકે, પંચતંત્રની ''સિંહ અને ઉંદર'' વાર્તા દયા, પરસ્પર સહયોગ અને વિશ્વાસનો સંદેશ આપે છે, જ્યારે વાલ્મીકિ રામાયણમાં લવ-કુશ શિક્ષણપ્રક્રિયા સંગીત, શસ્ત્રવિદ્યા અને ધર્મજ્ઞાનના સમન્વયથી સમૃદ્ધ છે. કલાત્મક પ્રવૃત્તિઓ-જેમકે ચિત્રકામ, સંગીત, નૃત્ય-બાળકોની સર્જનશક્તિ, સૌંદર્યબોધ અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહિત કરે છે; ગરબામાં ભાગ લેતા બાળકો સંગીતની તાલ સાથે સમાજમાં એકતા અને આનંદ અનુભવે છે; શાળામાં નાટકના માધ્યમથી બાળકો પોતાની બોલવાની ક્ષમતા, સ્મૃતિશક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવે છે. આધુનિક ન્યુરોસાયન્સનાં સંશોધનો દર્શાવે છે કે બાળપણમાં કલા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી મગજના ડાબા અને જમણા ભાગ વચ્ચેના સંચારમાં સુધારો થાય છે, જે ભાષા સમજવાની ક્ષમતા, ગણિતમાં તર્કશક્તિ અને સમસ્યા હલ કરવાની કૌશલ્યને મજબૂત કરે છે. સંગીત શીખતા બાળકોમાં ભાષા અને ગણિત બંને ક્ષેત્રે વધુ પ્રગતિ જોવા મળે છે, જ્યારે ચિત્રકામ અને હસ્તકલા હેન્ડ-આઇ કોઓર્ડિનેશન અને સૂક્ષ્મ ગતિ કૌશલ્ય (fine motor skills) વિકસાવે છે. સામાજિક અને સાંસ્કૃતિક પ્રભાવની દૃષ્ટિએ, લોકગીતો અને લોકનૃત્યો દ્વારા બાળકો પોતાના મૂળ સંસ્કાર અને પરંપરા સાથે ગાઢ જોડાણ અનુભવે છે, જેના કારણે ગૌરવની ભાવના વિકસે છે. દિવાળી, નવરાત્રિ જેવી ઉજવણીઓમાં બાળકો ટીમવર્ક, આયોજન, સામાજિક સંવાદિતા અને સૌહાર્દનાં મૂલ્યો શીખે છે, જે તેમના સર્વાંગી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**ભારતીય અને વૈશ્વિક સંશોધન આધાર :**

**ભારત** : નૅશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (NCF-2022) મુજબ, કલા આધારિત શિક્ષણને દરેક વિષયના અભ્યાસક્રમમાં સંકલિત કરવાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

**વિદેશ** : હાવર્ડ ગાર્ડનરના Multiple Intelligences Theory અનુસાર, સંગીત-બોધ (Musical Intelligence) અને દૃશ્ય-સ્થળિક બુદ્ધિ (Visual-Spatial Intelligence) બાળકોના સર્વાંગી વિકાસમાં અનિવાર્ય છે.

**તાજેતરનું ન્યુરોસાયન્સ સંશોધન** : તાજેતરના મગજવિજ્ઞાનના અભ્યાસો સ્પષ્ટ દર્શાવે છે કે કલા આધારિત પ્રવૃત્તિઓ મગજના ડાબા (તાર્કિક) અને જમણા (સર્જનાત્મક) હેમિસ્ફિયર્સ વચ્ચેના ન્યુરલ કનેક્શનને ગાઢ બનાવે છે. જ્યારે બાળક ચિત્ર દોરે, સંગીત વગાડે અથવા નૃત્ય કરે છે, ત્યારે મગજમાં નવા ન્યુરલ પાથવેઝ (Neural Pathways) રચાય છે, જે સ્મરણશક્તિ, ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અને સમસ્યા ઉકેલવાની કુશળતા વધારે છે.

**સંગીત** : MRI સ્કેન આધારિત સંશોધન દર્શાવે છે કે સંગીત શીખતા બાળકોના કોર્પસ કોલોસમ (મગજના બંને હિસ્સાને જોડતી તંતુરચના)નો વિકાસ ઝડપી થાય છે, જે માહિતીના આદાન-પ્રદાનને ઝડપી અને અસરકારક બનાવે છે.

**ચિત્રકામ અને હસ્તકલા** : આવી પ્રવૃત્તિઓ વિઝ્યુઅલ-સ્પેશલ પ્રોસેસિંગ તથા ફાઇન મોટર સ્કિલ્સ મજબૂત કરે છે. પરિણામે, બાળક લેખન, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં પણ સારું પ્રદર્શન કરે છે.

**નાટક અને અભિનય** : આવી પ્રવૃત્તિઓ એમિગ્ડાલા (ભાવનાઓની પ્રક્રિયા) અને પ્રીફ્રન્ટલ કોર્ટેક્સ (વિચાર અને આયોજન)ને સક્રિય કરે છે, જે ભાવનાત્મક બુદ્ધિ અને સામાજિક સમજણ વિકસાવે છે.

**નૃત્ય** : સંશોધન દર્શાવે છે કે તાલ અને લય પર આધારિત ગતિઓ સેરેબેલમને મજબૂત કરે છે, જે સંતુલન, સંકલન અને શારીરિક ચપળતામાં સુધારો કરે છે.

એક અભ્યાસ (Frontiers in Psychology, 2021) મુજબ, કલા પ્રવૃત્તિઓમાં નિયમિત ભાગ લેનારા બાળકોમાં સ્ટ્રેસ હોર્મોન કાર્ટિસોલનું સ્તર ઓછું જોવા મળ્યું, જે માનસિક આરોગ્ય માટે અનુકૂળ છે.

સારાંશરૂપે, ન્યુરોસાયન્સ સાબિત કરે છે કે કલા માત્ર અભિવ્યક્તિનું માધ્યમ નથી, પરંતુ મગજના સર્વાંગી વિકાસ માટે વૈજ્ઞાનિક રીતે માન્ય સાધન છે - જે બાળકને બુદ્ધિ, ભાવના અને વર્તન - ત્રણેય સ્તરે મજબૂત બનાવે છે.

**વૈશ્વિક ઉદાહરણો :**

**ફિનલૅન્ડ** : કલા આધારિત શિક્ષણને પ્રાથમિક સ્તરથી ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારશક્તિ વધારે છે.

**જાપાન** : શાળાઓમાં કલા, સંગીત અને શારીરિક પ્રવૃત્તિઓ રોજિંદા અભ્યાસક્રમમાં સંકલિત છે.

**ઈટાલી (Reggio Emilia)** : બાળકોના સ્વાભાવિક રસ અને કલાને કેન્દ્રમાં રાખીને સમગ્ર અભ્યાસક્રમ રચાય છે.

બાળકનું ભવિષ્ય ઘડવાનું કાર્ય માત્ર શૈક્ષણિક સિદ્ધિ સુધી મર્યાદિત નથી. કલા તેને સર્જનાત્મક બનાવે છે, સર્જન તેની બુદ્ધિ અને આત્મવિશ્વાસ વધારે છે, અને સંવેદન તેને માનવીય મૂલ્યો સાથે જોડે છે. આ ત્રણેયનો સંકલિત અભિગમ બાળકને જ્ઞાન, ભાવના, કુશળતા અને મૂલ્યો - ચારેય ક્ષેત્રોમાં સમૃદ્ધ બનાવે છે.

**પાબ્લો પિકાસોએ જણાવ્યું છે :**

"Every child is an artist; the problem is staying an artist when you grow up." – Pablo Picasso (દરેક બાળક એક કલાકાર છે; સમસ્યા એ છે કે મોટા થઈને કલાકાર તરીકે ટકી રહેવું.)

**બર્ટોલ્ટ બ્રેખ્તે કહ્યું છે :**

"Art is not a mirror held up to reality, but a hammer with which to shape it." - Bertolt Brecht (કલા એ હકીકતનો અરીસો નથી, પરંતુ તેને ઘડવાનું એક હથોડો છે.)

# ભારત અને વિશ્વના કળા : શિક્ષકોનું જીવન અને પ્રદાન



- ડૉ. નીતા એસ. ત્રિપાઠી
આસિ. પ્રોફેસર, એસ.વી.
કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી
મો. ૯૩૧૩૬૧૨૩૦૩

શિક્ષણનો મુખ્ય હેતુ બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. બાળકનો સર્વાંગી વિકાસ કરવો એટલે બાળકનો બૌદ્ધિક,સામાજિક,ભાવનાત્મક વિકાસ કરવો. કળા દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ કરી શકાય છે કળા એ રચનાત્મક અભ્યાસ છે જેમાં દશ્ય કલા, ચિત્રકલા, હસ્તકલા વગેરેનો સમાવેશ કરવામાં આવે છે કળા એ આપણો સાંસ્કૃતિક વારસો છે જેમાં ભારત અને વિશ્વના ઉત્તમ કળા શિક્ષકોનો મહત્ત્વનો ફાળો રહેલો છો.

**ભારતના ઉત્તમ કળા શિક્ષકોનું જીવન અને પ્રદાન :**

**1) રવીન્દ્રનાથ ટાગોર : (Ravindranath Tagor)**

રવિન્દ્રનાથ ટાગોર જન્મ 7 મે 1861માં કોલકત્તા મુકામે થયો હતો. તેઓ કવિ, ચિત્રકાર તેમજ શિક્ષણ શાસ્ત્રી તરીકે ખ્યાતનામ હતા. તેમણે વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનની સ્થાપના કરી. જ્યાં કળા અને સાહિત્યને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું હતું. તેઓ કળાને સ્વતંત્ર અભિવ્યક્તિ માનતા હતા. છેલ્લાં વર્ષોમાં જોઈએ તો વિઝ્યુઅલ આર્ટ્સ ચિત્રકળા તરફ ઝુકાવ વધ્યો છે. 7 ઑગસ્ટ 1941માં તેમનું અવસાન થયું હતું.

**2) અવનીંદ્રનાથ ટાગોર :** (Abanindranath Tagor)

અવનીંદ્રનાથ ટાગોરે પણ ઉત્તમ કળા શિક્ષક તરીકેની નામના મેળવી છે. તેમનો જન્મ 7 ઑગસ્ટ 1871 માં કલકત્તા ખાતે થયો હતો. તેમણે રવીન્દ્રનાથ ટાગોર, મોગલ અને રાજપૂત ચિત્રશૈલીઓ પાસેથી પ્રેરણા લઈ તેમણે કળાશિક્ષણ ક્ષેત્રે પોતાનું પ્રદાન આપેલ છે. તેમની મુખ્ય કૃતિ ભારતમાતા 1905માં રજૂ કરવામાં આવી હતી. તેમણે કળાશિક્ષણ ક્ષેત્રે બંગાળ સ્કૂલ ઓફ પેઈન્ટિંગ દ્વારા બ્રિટિશ કલા પદ્ધતિથી અલગ ભારતીય પરંપરા આધારિત શિક્ષણ પદ્ધતિ વિકસાવી. કળાને રાષ્ટ્રીય અભિગમ સાથે સાંકળી. કળા શિક્ષણમાં ભારતીય શૈલીઓનો સમાવેશ કરાવ્યો તેમનું મૃત્યુ ૫ ડિસેમ્બર 1951માં થયું હતું.

**3) નંદલાલ બોઝ : (Nandlal Bose)**

નંદલાલ બોઝનો જન્મ 3 ડિસેમ્બર 1882માં બિહારના મુઘીર ગામમાં થયો હતો. તેમના પ્રેરણાસ્રોત ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોર હતા તેમને ભારતીય ચિત્ર કળાના પિતામહ તરીકે ઓળખાય છે. તેમની કૃતિમાં 'સતી' , 'સતીનો દેહત્યાગ', 'દમયંતી', 'ચૈતન્ય' અને 'ઘવાયેલા હંસ સાથે સિદ્ધાર્થ' હતી.શિક્ષણ ક્ષેત્રે પણ તેમનું યોગદાન હતું. જેમાં તેમણે વિશ્વભારતી યુનિવર્સિટી શાંતિનિકેતનખાતે કળા વિભાગના વડા તરીકે ભારતના અનેક યુવા કલાકારોને પ્રેરણા આપી. તેઓએ ભારતીય સંસ્કૃતિ આધારિત કળાને શૈક્ષણિક સ્તરે વિસ્તૃત કરી. તેઓ ભારતીય ચિત્ર કલાકૃતિઓ અને ભીંતચિત્રના અભ્યાસમાં નવો દ્રષ્ટિકોણ લાવ્યા.ગાંધીજીના દાંડીકૂચના દસ્તાવેજોને શિલ્પ રૂપ આપ્યું. 16 એપ્રિલ 1966માં તેમનું અવસાન થયું.

**4) જેમિની રોય : (Jemini Roy)**

જેમિની રોયનો જન્મ 11 એપ્રિલ 1887માં પશ્ચિમ બંગાળમાં થયો હતો. તેમણે લોકકળા અને પેઈન્ટિંગમાં પોતાની શૈલી અપનાવી હતી. તેમનું ક્લાસિકલ યુરોપિયન શૈલી છોડીને ભારતીય લોકકળા બિહારપાટ, કાલીઘાટ પેઈન્ટિંગ ને આધારે કળા અભિગમ વિકસાવ્યો. શાળાઓમાં લોક કળા શીખવવા માટે પ્રેરણા પૂરી પાડી. 24 એપ્રિલ 1972ના રોજ તેમનું અવસાન થયું હતું.

**5) કલાગુરુ રવિશંકર રાવળ :**

રવિશંકર રાવળનો જન્મ 1 ઑગસ્ટ, 1892ના રોજ ભાવનગરમાં થયો હતો. તેમના પિતા મહાશંકર રાવળ ભાવનગર દરબાર બૅંકના પ્રણેતા હતા. રવિશંકર રાવળને નાનપણથી જ કલા પ્રત્યે લગાવ હતો, અને તેમણે

આર્ટનો અભ્યાસ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાંથી કર્યો હતો.

રવિશંકર રાવળ, જે કલાગુરુ તરીકે જાણીતા છે, તેઓ ગુજરાતના એક મહાન ચિત્રકાર, કલા વિવેચક, પત્રકાર અને નિબંધકાર હતા. તેમણે ગુજરાતમાં કલાનું એક નવું જ ચિંતન શરૂ કર્યુ . તેમણે ઘણા યુવા કલાકારોને માર્ગદર્શન આપ્યું અને આધુનિક કલાના પાયા નાખ્યા.

**રવિશંકર રાવળનાં મુખ્ય યોગદાનો :**

**ચિત્રકલા** : તેમણે ગુજરાતમાં કલાને પુનર્જીવિત કરી અને તેને માત્ર દુકાનોનાં પાટિયાં લખવાની કલામાંથી ઉચ્ચ કલા તરીકે પ્રસ્થાપિત કરી. તેમના ચિત્રોમાં ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતની ઓળખ જોવા મળે છે. ગાંધીજીની દાંડીકૂચ અને અન્ય ઐતિહાસિક ઘટનાઓનાં તેમનાં ચિત્રો ખૂબ જાણીતાં છે. તેમણે કનૈયાલાલ મુનશીની નવલકથાઓનાં પાત્રોનાં પણ સુંદર ચિત્રો બનાવ્યાં હતાં.

**'કુમાર' માસિક** : રવિશંકર રાવળે 1924માં ગુજરાતના પ્રથમ કલા અને સાહિત્યના સામયિક 'કુમાર'ની સ્થાપના કરી. આ માસિક દ્વારા તેમણે અનેક ઊભરતા કવિઓ, લેખકો અને ચિત્રકારોને પ્લૅટફૉર્મ પૂરું પાડ્યું. 'કુમાર' માસિક આજે પણ ગુજરાતી સાહિત્ય અને કલા માટે એક મહત્ત્વપૂર્ણ સ્રોત ગણાય છે.

**'ગુજરાત કલાસંઘ'** : તેમણે અમદાવાદમાં 'ગુજરાત કલાસંઘ'ની સ્થાપના કરી, જ્યાં તેમણે યુવાન કલાકારોને વિનામૂલ્યે શિક્ષણ આપવાનું શરૂ કર્યુ. આ સંસ્થાએ ગુજરાતને અનેક પ્રતિભાશાળી ચિત્રકારો આપ્યા, જેમાં કનુ દેસાઈ, રસિકલાલ પરીખ અને સોમાલાલ શાહ જેવાં જાણીતાં નામ સામેલ છે.

તેમના કલાક્ષેત્રે કરેલા અસાધારણ યોગદાન બદલ તેમને 'કલાગુરુ'નું બિરુદ મળ્યું હતું, જે કાકાસાહેબ કાલેલકરે આપ્યું હતું. તેમને 1930માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને 1965માં ભારત સરકાર તરફથી પદ્મશ્રી જેવા ઉચ્ચ સન્માન પણ મળ્યા હતા.

રવિશંકર રાવળનું 9 ડિસેમ્બર, 1977ના રોજ અમદાવાદમાં અવસાન થયું, પરંતુ તેમનો કલાવારસો અને પ્રેરણા આજે પણ ગુજરાતના કલાજગતમાં જીવંત છે.

**6) બિનોદબિહારી મુખર્જી : (Binod Behari Mukherjee)**

બિનોદ બિહારી મુખર્જીનો જન્મ 7 ફેબ્રુઆરી 1904માં વેસ્ટ બંગાળમાં થયો હતો. તેઓ દૃષ્ટિહીન હોવા છતાં શ્રેષ્ઠકળા શિક્ષક હતા. ભીંતચિત્રોના તેઓ દિગ્દર્શક હતા. Hindi Bhavan Murul - વિશ્વભારતી એક તેમનું મુખ્ય કાર્ય ગણાય છે. શાંતિનિકેતન ખાતે ભીંત ચિત્રો દ્વારા કળા શિક્ષણ આપી  તેમણે શિક્ષણમાં દશ્યકળાની અનુભૂતિ અને અવલોકનશક્તિ પર ભાર મૂક્યો. વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ અને આંતરિક દૃષ્ટિ વિકસાવવાનો પ્રયત્ન કર્યા.  તેમના જીવન પરથી શ્રી સત્યજીતરાયે 'The Inner Eye'નામે દસ્તાવેજી ફિલ્મ બનાવી હતી. 1980માં તેમનું અવસાન થયું હતું.

**7) કે.કે.હેબ્બાર : (K.K.Hebbar)**

કે.કે.હેબ્બારનો જન્મ 15 જૂન 1911માં કટીગેરી ઉડુપી નજીક કર્ણાટકમાં થયો હતો. તેઓ મુંબઈ Sir J.J. School of Artsના આચાર્ય હતા. આધુનિક ભારતીય ચિત્રકળામાં તેમનું યોગદાન હતું. તેમણે ભારતીય લોક કળાને આધુનિક દૃષ્ટિએ રજૂ કરી કલાક્ષેત્રે તેમના યોગદાન બદલ ભારત સરકાર દ્વારા 1961માં પદ્મશ્રી ઍવૉર્ડ પ્રાપ્ત થયો, 1976માં લલિતકળા અકાદમીની ફેલોશિપ મેળવી અને 1989માં પદ્મભૂષણ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. 26 માર્ચ 1996માં મહારાષ્ટ્રના મુંબઈ ખાતે તેમનું અવસાન થયું હતું.

**8) સૈયદ હૈદર રાઝા : (Sayed Haider Raza)**

સૈયદ હૈદર રાઝાનો જન્મ 22 ફેબ્રુઆરી 1922માં મધ્યપ્રદેશમાં થયો હતો. અધ્યાત્મ અને બંધુ શૈલી એ તેમની મુખ્ય વિશેષતા હતી. તેમણે કળાશિક્ષણ અને સંશોધન માટે રાઝા ફાઉન્ડેશનની સ્થાપના કરી. વિઝ્યુઅલ આર્ટ્સમાં આધ્યાત્મિક વિચારધારાનો સમાવેશ કરવામાં આવ્યો. તેમને બાળકો અને યુવાઓ માટે આબેહૂબ શૈક્ષણિક વર્ગો આયોજિત કર્યા હતા. 23 જુલાઈ 2016 માં તેમનું અવસાન થયું હતું.

**વિશ્વના મહાન કળા શિક્ષકો :**

**1) લિઓનાર્ડો દા વિન્સી : (Leonardo da Vinci)**

લિઓનાડૉ દા વિન્સી નો જન્મ 15 એપ્રિલ 1452 માં ઇટાલીમાં થયો હતો. મોનાલિસા અને ધ લાસ્ટ સપર મુખ્ય કૃતિઓ હતી. તેમણે પોતાની નોટબુક અને સ્કેચ બુક્સ દ્વારા વિજ્ઞાન દૃશ્ય કળા અને મશીનોના અભ્યાસને જોડયો. તેમના શિષ્યોને અંતર્જ્ઞાની અભિગમ શિખવાડ્યો. 2 મે 1519માં તેમનો અવસાન થયું.

**2) જ્હોન ડયૂઇ : (John Dewey)**

જ્હોન ડયૂઇનો જન્મ 20 ઑક્ટોબર 1859ના રોજ અમેરિકાના વુર્લીંઝટન વર્મોન્ટ શહેરમાં થયો હતો. તેઓ શૈક્ષણિક દાર્શનિક હતા. તેમણે “Art as Experience” નામના પુસ્તક દ્વારા કળા શીખવાની અનુભૂતિ કરાવી, તેને સામાજિક પ્રગતિ સાથે સાંકળી. તેમણે સ્કૂલ અભ્યાસક્રમમાં સમાવેશ કરવા આવશ્યક જણાવ્યું. શીખવાની પ્રક્રિયાને અનુભવોના આધારે શીખવા તરફ વાળીને નવો દૃષ્ટિકોણ આપ્યો. 1 જૂન 1952માં તેમનું અવસાન થયું.

**3) પોલકલી : ( Paul Klee)**

પોલકલીનો જન્મ 18 ડિસેમ્બર 1879માં સ્વિટ્ઝરલેન્ડમાં થયો હતો તેઓ રંગસંપદાનો મોખરાના વિભાવક હતા. તેઓ Bauhaus Institute Germany માં શિક્ષક હતા. “Pedagogical sketch book” લખી. જેનો આજે પણ કળાશિક્ષણમાં ઉપયોગ થાય છે. તેમણે કળાશિક્ષણમાં સંગીત અને દૃશ્ય કળા વચ્ચેના સંબંધને મજબૂત કર્યો. 29 જૂન 1940 ના રોજ તેમનું અવસાન થયું.

**4) પેબ્લો પિકાસો :**

પેબ્લો પિકાસોનો જન્મ 25 ઑક્ટોબર 1881માં સ્પેનના માલાગ્રામાં થયો હતો. તેવો એક સ્પેનિસ ચિત્રકાર શિલ્પકાર પ્રિન્ટ મેકર સિરામિકિસ્ટ અને થિયેટર ડિઝાઇનર હતા. 20મી સદીના સૌથી પ્રભાવશાળી કલાકારોમાંના એક હતા એવું ક્યુબીસ્ટ ચળવળના સહ સ્થાપક, કોલાજ તેમજ વિવિધ પ્રકારની શૈલી માટે જાણીતા હતા.

**વિખ્યાત ચિત્રો :**

1. Guernica – સ્પેનિશ ગૃહયુદ્ધના દુખદ સંઘર્ષને દર્શાવતું
2. Les Demoiselles d'Avignon – ક્યુબિઝમનો પહેલો પ્રયાસ
3. The Weeping Woman – WWII દરમ્યાન દુઃખ અને પીડાને દર્શાવતું

**પિકાસોની ખાસિયત :**

- 20,000થી વધુ ચિત્રો, શિલ્પો અને છાપાકારી કૃતિઓ બનાવેલી
- બાળવયથી જ ચિત્રકળામાં અદ્ભૂત પ્રતિભા ધરાવતા હતા.
- જીવંત ચિત્રોની જગ્યાએ કલ્પનાને ચીતરવી એ તેમનું વિશેષ સ્થાન હતું.
- 8 એપ્રિલ 1973માં તેમનું અવસાન થયું હતું.

**5) જોસેફ આલ્બર્સ : (Josef Albers)**

જોસેફ આલ્બર્સનો જન્મ 19 માર્ચ 1888માં જર્મનીમાં જન્મેલા અમેરિકન કલાકાર અને શિક્ષક હતા. જેમને યુનાઇટેડ સ્ટેટ્સમાં 20મી સદીના સૌથી પ્રભાવશાળી કલા શિક્ષકોમાંના એક માનવામાં આવે છે તેમણે બાળપણમાં કોતરણી કાચ , પ્લમ્બિંગ અને વાયરિંગ જેવી વિવિધ કુશળતામાં વ્યવહારુ તાલીમ મેળવી. 1908 થી 1913 સુધી શાળા શિક્ષક તરીકે કામ કર્યું. તેઓ અમૂર્ત ચિત્રકામ અને રંગના અભ્યાસ માટે જાણીતા બન્યા. ચોરસને શ્રદ્ધાંજલિ(શ્રેણી) માળખાકીય નક્ષત્રો, કાચનાં ચિત્રો જે એમનાં નોંધપાત્ર કાર્યો હતાં. 25 માર્ચ 1976માં 81 વર્ષની ઉંમરે ન્યૂ હેવન કનેક્ટિકટમાં તેમનું અવસાન થયું .

# ગર્ભસ્થ શિશુ માટે કળાઃ શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિશ્લેષણ

**- ડૉ. શ્રદ્ધા બી. બારોટ**
**એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. મો. ૯૧૯૦૨૩૧૨૫૪૦૬**

**- અંકિતા હોથી**
**રિસર્ચ સ્કોલર, ડિપા. ઓફ એજ્યુકેશન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. મો. ૯૦૨૩૧૨૫૪૦૬**

ગર્ભસ્થ શિશુના સર્વાંગી વિકાસ માટે કળાઃ શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિશ્લેષણ

''यथा माता तथा शिशुः, कलाभिः संवर्धितो भावः ॥''

(જેવી માતા તેવું સંતાન, કલાઓ દ્વારા ભાવનાઓનું સંવર્ધન થાય છે.)

**સંસ્કાર સિંચનની આધ્યાત્મિક કલા :**

ભારતીય સંસ્કૃતિમાં ગર્ભસંસ્કાર માત્ર એક પરંપરાગત વિધિ નથી, પરંતુ તે એક સૂક્ષ્મ, ગહન અને દિવ્ય વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જ્યાં ગર્ભસ્થ શિશુને જન્મ પૂર્વે જ શ્રેષ્ઠતમ સંસ્કારોનું સિંચન કરવાનો પાવન યજ્ઞ આદરવામાં આવે છે. આ સંસ્કાર સિંચનમાં કલાનું સ્થાન અત્યંત અનુપમ, અદ્વિતીય અને અવિસ્મરણીય છે. આધુનિક વિજ્ઞાન આજે એ સત્યને સ્વીકારે છે જે આપણા ઋષિ-મુનિઓએ સદીઓ પૂર્વે દિવ્ય દૃષ્ટિથી જોયું હતુંઃ ગર્ભમાં રહેલું બાળક માત્ર શારીરિક રીતે જ નહીં, પરંતુ ભાવનાત્મક, માનસિક અને બૌદ્ધિક રીતે પણ અદ્ભુત સંસ્કારોનું ગ્રહણ કરે છે. આ લેખમાં, આપણે સગર્ભાવસ્થા દરમિયાન કલાલક્ષી પ્રવૃત્તિઓ કેવી રીતે ગર્ભસ્થ શિશુના સર્વાંગી વિકાસ પર સકારાત્મક અસર કરે છે તેની શાસ્ત્રીય સમજણ, પુરાવાઓથી સમૃદ્ધ વૈજ્ઞાનિક તથ્યો અને પ્રાયોગિક પ્રવૃત્તિઓનો સુંદર સમન્વય સાધીશું, જેથી આ સૂક્ષ્મ અને સંવેદનશીલ પ્રક્રિયાને વધુ ઊંડાણપૂર્વક સમજી શકાય. આ પ્રવૃત્તિઓ માતાના મનને શુદ્ધ કરે છે અને બાળકના ભાવિ જીવનનો પાયો નાખે છે.

**ગર્ભ સંસ્કારમાં કલાનું શાશ્વત મહત્ત્વ : શાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય**

પ્રાચીન ભારતીય ગ્રંથો, ઉપનિષદો, વેદો અને પુરાણોમાં ગર્ભસ્થ શિશુની શીખવાની ક્ષમતાના અનેક ચમત્કારિક દૃષ્ટાંતો મળે છે. મહાભારતમાં અભિમન્યુની કથા, જ્યાં તેણે ગર્ભમાં જ ચક્રવ્યૂહ ભેદવાનું જ્ઞાન મેળવ્યું હતું, તે ગર્ભના સંસ્કાર ગ્રહણની અદ્ભુત શક્તિનું કાલાતીત પ્રતીક છે. શાસ્ત્રો માને છે કે માતા જેવું વાતાવરણ અનુભવે છે, જે વિચારે છે, જે સાંભળે છે અને જે પ્રવૃત્તિઓ કરે છે, તેની પ્રબળ અને સૂક્ષ્મ અસર બાળકના સૂક્ષ્મ શરીર અને માનસ પર થાય છે.

''जननी जननी भवति, गर्भस्थः शिशुः सुसंस्कृतः ॥''

(માતા જેવી હોય છે, ગર્ભસ્થ શિશુ તેવું જ સુસંસ્કૃત થાય છે.)

આ શાસ્ત્રીય ઉક્તિ કલાના મહત્ત્વને સ્પષ્ટ કરે છે. કલા, પછી તે સંગીતની મધુર લહેરો હોય, ચિત્રના રંગોનું સિંચન હોય, નૃત્યની લયબદ્ધતા હોય કે કવિતાના ભાવોની અભિવ્યક્તિ, તે માતાના મનને શાંતિ, આનંદ અને સકારાત્મકતાથી છલકાવી દે છે. આ ઊર્જા તરંગો માતાના શરીરમાંથી ગર્ભસ્થ શિશુ સુધી પહોંચે છે, જે તેના મગજના વિકાસ, ભાવનાત્મક સ્થિરતા અને સ્વભાવ નિર્માણમાં પાયાની ભૂમિકા ભજવે છે. શાસ્ત્રોમાં ગર્ભવતી સ્ત્રીને સુંદર, સુમધુર અને મંગલમય વસ્તુઓ જોવાની, શ્રવણ કરવાની અને ચિંતન કરવાની સલાહ આપવામાં આવી છે, જે કલાના અમીટ અને અમર પ્રભાવને પ્રસ્થાપિત કરે છે. આ પ્રક્રિયાને 'બીજ સંસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે, જ્યાં બાળકના મૂળભૂત સ્વભાવ અને બુદ્ધિનો પાયો નંખાય છે.

''कला हि सौन्दर्यं मनः शान्तिं च ददाति ॥''

(કલા જ સૌંદર્ય અને મનની શાંતિ આપે છે.)

**વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ : કલા અને ગર્ભના વિકાસનું અદ્ભુત વિજ્ઞાન**

આધુનિક ગર્ભવિજ્ઞાન (Fetology) અને ન્યુરોસાયન્સ દ્વારા થયેલાં સંશોધનો પ્રાચીન જ્ઞાનને સચોટપણે પુષ્ટિ આપે છે. વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે

ગર્ભમાં શિશુ લગભગ 16 થી 18 અઠવાડિયાની આસપાસ શ્રવણ શક્તિ વિકસાવે છે અને 25 થી 28 અઠવાડિયાની આસપાસ દૃષ્ટિનો વિકાસ શરૂ થાય છે. આ સમયગાળા દરમિયાન માતા દ્વારા કરવામાં આવતી કલાત્મક પ્રવૃત્તિઓ બાળકના સંવેદનાત્મક, જ્ઞાનાત્મક અને ભાવનાત્મક વિકાસને અત્યંત ગહન અને પ્રભાવશાળી રીતે ઉત્તેજિત કરે છે.

- **સંગીતનું સુખદ સ્પંદન અને મગજનો વિકાસ** : સગર્ભા માતા જ્યારે મધુર, શાંત અને શાસ્ત્રીય સંગીત સાંભળે છે, ત્યારે તેના શરીરમાં ઓક્સીટોસિન (Oxytocin) અને એન્ડોર્ફિન્સ (Endorphins) જેવા 'ફીલ-ગુડ' હોર્મોન્સ મુક્ત થાય છે. આ રાસાયણિક પ્રક્રિયા તણાવ ઘટાડીને માતાને પ્રસન્નતાનો અનુભવ કરાવે છે, જે પ્લેસેન્ટા (placenta) દ્વારા બાળક સુધી પહોંચે છે. આનાથી બાળકને ગર્ભમાં જ શાંતિ અને સુરક્ષાનો અહેસાસ થાય છે. જાપાન અને યુરોપમાં થયેલાં સંશોધનો દર્શાવે છે કે ગર્ભાવસ્થા દરમિયાન નિયમિત સંગીત સાંભળવાથી બાળકના ભાષાવિકાસ, શ્રવણ કૌશલ્ય, સંગીત પ્રત્યેની રુચિ અને જન્મ પછી શ્રેષ્ઠ ગાઢ નિદ્રા પર સકારાત્મક અસર થઈ શકે છે. કેટલાક અભ્યાસો તો એ પણ સૂચવે છે કે ગર્ભમાં સાંભળેલું સંગીત જન્મ પછી બાળકને યાદ રહી શકે છે અને તેને શાંત કરવામાં મદદરૂપ થાય છે, જેને 'પ્રિનેટલ લર્નિંગ' તરીકે ઓળખવામાં આવે છે.

  ''नादब्रह्मं जगत्सर्वं, नादेनैव प्रवर्तते ॥''

  (સમગ્ર જગત નાદબ્રહ્મ છે, અને નાદથી જ પ્રવર્તે છે.) - સંગીત રત્નાકર

- **રંગોની ચિકિત્સા અને સર્જનાત્મક ઊર્જા** : રંગો માનવ મન પર સૂક્ષ્મ પણ શક્તિશાળી અસર કરે છે. ક્રોમોથેરાપી (Chromotherapy) અનુસાર, શાંત અને સકારાત્મક રંગો (જેમકે વાદળી, લીલો, સફેદ, ગુલાબી) માતાના મનને શાંતિ પ્રદાન કરે છે અને નકારાત્મક વિચારોને દૂર કરે છે. ગર્ભવતી માતા દ્વારા કરવામાં આવતું ચિત્રકામ, મંડાલા આર્ટ કે રંગોળી એ એક પ્રકારનું ધ્યાનાત્મક પ્રવૃત્તિ છે જે તણાવ ઘટાડે છે અને માતાની સર્જનાત્મકતાને ઉત્તેજિત કરે છે. માતાની આ શાંત અને સર્જનાત્મક અવસ્થા બાળકના મગજના ન્યુરલ કનેક્શન (Neural Connections) ના વિકાસ માટે અત્યંત અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. જોકે બાળક ગર્ભમાં રંગો જોઈ શકતું નથી, પરંતુ માતાના મગજમાં ઉત્પન્ન થતાં સકારાત્મક રસાયણો બાળકના ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસને પ્રભાવિત કરીને તેની ભાવિ માનસિકતાનો પાયો નાખે છે.

- **ગતિ અને નૃત્યની જીવંતતા અને વેસ્ટિબ્યુલર સિસ્ટિમનો વિકાસ** : ડૉક્ટરની સલાહ મુજબ કરવામાં આવતું હળવું નૃત્ય કે લયબદ્ધ ગતિશીલ પ્રવૃત્તિઓ માતાના શરીરમાં એન્ડોર્ફિન્સનું ઉત્સર્જન વધારે છે. આનાથી માતા અને બાળક બંને ખુશ અને ઊર્જાવાન રહે છે. ધીમી, લયબદ્ધ ગતિ બાળકને ગર્ભમાં આરામદાયક અને સુરક્ષિત અનુભવ કરાવી શકે છે. કેટલાક અભ્યાસો સૂચવે છે કે માતાની સંતુલિત અને આનંદદાયક શારીરિક પ્રવૃત્તિ બાળકની વેસ્ટિબ્યુલર સિસ્ટિમ (સંતુલન જાળવતી પ્રણાલી) ના વિકાસમાં પરોક્ષ રીતે મદદ કરી શકે છે, જે જન્મ પછી બાળકની ગતિશીલતા અને સંતુલન માટે મહત્ત્વપૂર્ણ છે.

- **શબ્દ અને ભાવનો સંવાદ : ભાષા અને ભાવનાત્મક બુદ્ધિમત્તા** : ગર્ભાવસ્થા દરમિયાન બાળક સાથે વાતો કરવી, વાર્તાઓ કહેવી કે કવિતાઓનું પઠન કરવું બાળકના શ્રવણ કૌશલ્ય અને ભાષા વિકાસને પ્રારંભિક ઉત્તેજના પૂરી પાડે છે. માતા દ્વારા લખાયેલી કવિતાઓ, ડાયરી કે કોઈ રચનાત્મક લેખન તેના વિચારો અને ભાવનાઓનું પ્રદર્શન છે, જે તેને ભાવનાત્મક સ્થિરતા પ્રદાન કરે

છે. માતાના શાંત અને વિચારશીલ સ્વભાવની સકારાત્મક અસર બાળકની ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Quotient - EQ) ના વિકાસ પર પડે છે. બાળક માતાના અવાજ અને તેની ભાવનાઓને ગર્ભમાં જ ઓળખતાં શીખે છે, જે જન્મ પછી માતા-બાળકના બંધનને વધુ દૃઢ બનાવે છે.

'મન ચંગા તો કથરોટ મેં ગંગા'

(જો મન શુદ્ધ હોય તો ગમે ત્યાં ભક્તિ શક્ય છે.)

- કબીરદાસ

આ પંક્તિ માતાના શુદ્ધ અને સકારાત્મક મનના મહત્ત્વને દર્શાવે છે, જે ગર્ભસ્થ શિશુ પર સીધી અને ઊંડી અસર કરે છે.

- **સ્પર્શ અને સંવેદનાનો સેતુ : સૂક્ષ્મ ગતિ કૌશલ્યો** : માટીકામ (Pottery), ભરતકામ, ગૂંથણકામ જેવી કલાત્મક પ્રવૃત્તિઓમાં હાથનો ઉપયોગ થાય છે, જે માતાના મગજમાં અમુક ચોક્કસ વિસ્તારોને સક્રિય કરે છે, જેને ફાઈન મોટર સ્કિલ્સ (Fine Motor Skills) અને હેન્ડ-આઈ કોઓર્ડિનેશન સાથે જોડવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા માતાને મળતી શાંતિ અને સંતોષની ભાવના બાળક સુધી પહોંચે છે. ગર્ભ પર હળવો સ્પર્શ કરીને વાર્તાઓ કહેવી કે ગીતો ગાવાની પ્રથા માતા-બાળકના અતૂટ બંધન (Bonding) ને વધુ મજબૂત બનાવે છે અને બાળકમાં સુરક્ષાનો ભાવ ઉત્પન્ન કરે છે.

  ''काव्यं कला च ज्ञानं च, माता गर्भस्थाय ददाति ॥''

  (કાવ્ય, કલા અને જ્ઞાન માતા ગર્ભસ્થ શિશુને આપે છે.)

**સગર્ભાવસ્થામાં કલાલક્ષી પ્રવૃત્તિઓ : પ્રાયોગિક સૂચનો અને સર્જનાત્મક પહેલ**

સગર્ભા માતાઓ તેમના દૈનિક જીવનમાં નીચેની કલાલક્ષી પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને ગર્ભસ્થ શિશુના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે:

1. **શ્રવણ સુધા** : સંગીત અને શ્રાવ્ય સાહિત્યનું નિસ્યંદન :

- દરરોજ સવારે અને સાંજે શાસ્ત્રીય સંગીત (હિન્દુસ્તાની કે કર્ણાટક), વૈદિક મંત્રોચ્ચાર, સુમધુર ભજનો અથવા શાંત વાદ્ય સંગીત (જેમકે વાંસળી, સિતાર, વીણા) સાંભળો. ગર્ભસંસ્કાર સંગીત માટે ખાસ રચાયેલા રાગ અને ધૂન પણ ઉપલબ્ધ છે, જે મનને શાંતિ આપે છે.
- જો સંગીતનું જ્ઞાન હોય, તો પોતે ગાઓ કે કોઈ વાદ્ય વગાડો. આનાથી મનની એકાગ્રતા વધે છે અને આત્માને પરમ શાંતિ મળે છે.
- પ્રેરણાદાયી ઓડિયો બુક્સ, ધાર્મિક કથાઓ (જેમકે રામાયણ, ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવતનો સારાંશ), કે જીવનલક્ષી પ્રવચનો સાંભળો.

2. **રંગોની દુનિયા : ચિત્રકામ અને વિઝ્યુઅલ આર્ટનું રસદર્શન** :

- કાગળ પર પ્રકૃતિના રમણીય દ્રશ્યો, ખીલેલા ફૂલો, શાંત નદીઓ, દેવી-દેવતાઓના ચિત્રો કે અન્ય મનોહર દશ્યો દોરો અને તેમાં શાંત રંગો પૂરો.
- મંડાલા આર્ટ, ઝેનટાંગલ જેવી ધ્યાનાત્મક ચિત્રકલાનો અભ્યાસ કરો, જે મનને સ્થિર કરવામાં મદદરૂપ થાય છે.
- ઘરમાં રંગોળી કરો અથવા બાળકના રૂમ માટે સકારાત્મક વાતાવરણ ઊભું કરતા ચિત્રો બનાવો, જેમાં ખુશી અને શાંતિનું પ્રતિબિંબ હોય.
- કુદરતી રંગો અને ટેક્સ્ચર સાથે સમય વિતાવો, જેમ કે ફૂલો કે પાંદડાં ગોઠવવાં.

3. **ગતિ અને લય : નૃત્ય અને યોગાસનનો સમન્વય** :

- ડૉક્ટરની સલાહ મુજબ, હળવા લયબદ્ધ નૃત્ય જેમ કે ક્લાસિકલ મ્યુઝિક પર ધીમા સ્ટેપ્સ, કે ધીમા ગરબા કરી શકાય છે. ભારતીય શાસ્ત્રીય નૃત્યોના ધીમા હલનચલન પણ ફાયદાકારક છે.
- પ્રેગ્નન્સી યોગાસનો અને પ્રાણાયામ (ભ્રમરી, અનુલોમ-વિલોમ, ઊંડા શ્વાસ) નિયમિતપણે

કરો. આ શરીરને લચીલું રાખે છે, રક્ત પરિભ્રમણ સુધારે છે અને મનને શાંતિ આપે છે. સૂર્ય નમસ્કારનાં હળવાં રૂપો પણ કરી શકાય.

4. **શબ્દ શક્તિ : વાર્તાકથન અને લેખનનું માધ્યમ :**

- ગર્ભસ્થ બાળક સાથે નિયમિતપણે વાત કરો. તેને વાર્તાઓ કહો, ખાસ કરીને પૌરાણિક કથાઓ જેમાં સકારાત્મક મૂલ્યો હોય (જેમકે ધ્રુવ, પ્રહ્‌લાદ, ભક્ત સુદામાની કથા) અથવા વીરતા અને પરાક્રમની વાર્તાઓ.
- પ્રેરણાદાયી પુસ્તકો વાંચો અને તેમાંથી શીખેલા જ્ઞાનને બાળક સાથે શેર કરો.
- તમારા વિચારો, લાગણીઓ અને ભવિષ્ય માટેની આશાઓને એક પ્રેગ્નન્સી ડાયરીમાં લખો. આ ડાયરી ભવિષ્યમાં બાળક માટે એક અમૂલ્ય સ્મૃતિ બની રહેશે.
- કવિતા લેખન કે શ્લોક પઠન કરો. ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજય મંત્ર જેવા મંત્રોનો જાપ મનને શાંતિ આપે છે.

5. **હસ્તકલા અને સ્પર્શનો જાદુ : સર્જનનો આનંદ :**

- નાની ક્રાફ્ટ વસ્તુઓ બનાવો, જેમકે બાળકના કપડાં સીવવાં, ટોપી ગૂંથવી કે રમકડાં બનાવવાનો પ્રયાસ કરો.
- માટીકામ (Pottery) કે પ્લાસ્ટિસિનનો ઉપયોગ કરીને સર્જનાત્મક આકારો બનાવો. આ હાથ-આંખના સંકલન અને માનસિક શાંતિ માટે ઉત્તમ છે.
- ગર્ભ પર હળવા હાથે માલિશ કરો અને બાળક સાથે માનસિક સંવાદ કરો. આ ટચ થૅરપી માતા અને બાળકના બંધનને વધુ મજબૂત બનાવે છે.

**મહત્ત્વપૂર્ણ ધ્યાન : સંભાળ અને સભાનતાનો અનુગ્રહ**

- કોઈ પણ નવી પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં સ્ત્રીરોગ નિષ્ણાત (Gynecologist) ની સલાહ લેવી અતિ અનિવાર્ય છે. તેમની પરવાનગી વિના કોઈ નવી કે કઠિન પ્રવૃત્તિ ન કરવી.
- પ્રવૃત્તિઓ આનંદદાયક, તણાવમુક્ત અને સ્વેચ્છાએ થવી જોઈએ, દબાણરૂપ કે ફરજિયાત નહીં. આ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય માતાની પ્રસન્નતા છે.
- માતાએ હંમેશાં પોતાની શારીરિક ક્ષમતા અને આરામને પ્રાધાન્ય આપવું જોઈએ. થાક લાગે તો તરત આરામ કરવો.
- પ્રવૃત્તિઓ નિયમિતપણે અને સુસંગત રીતે કરવી જોઈએ જેથી તેની સકારાત્મક અસર વધુ ઊંડાણપૂર્વક અને લાંબા સમય સુધી ટકી રહે.

**નિષ્કર્ષ : કલા દ્વારા ભાવિ પેઢીનું દિવ્ય નિર્માણ :**

સગર્ભાવસ્થા દરમિયાન કલાલક્ષી પ્રવૃત્તિઓ માત્ર માતાના મનને શાંતિ, આનંદ અને સર્જનાત્મકતા જ નથી આપતી, પરંતુ ગર્ભસ્થ શિશુના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસ માટે એક દૃઢ અને સશક્ત આધાર પણ પૂરો પાડે છે.

ગર્ભસંસ્કારની પ્રાચીન વિભાવનાને આધુનિક વિજ્ઞાનના દૃષ્ટિકોણથી સમજવું એ એક અદ્‌ભુત અને પ્રેરણાદાયક સંયોગ છે. કલા એ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે ગર્ભસ્થ શિશુના ઉજ્જવળ ભવિષ્ય માટે એક અમૂલ્ય ભેટ અને સમૃદ્ધ વારસો છે. આ પ્રવૃત્તિઓ દ્વારા માતા અને બાળક વચ્ચેનો ભાવનાત્મક સેતુ વધુ મજબૂત બને છે, જે સ્વસ્થ, સંસ્કારી, પ્રતિભાશાળી અને સકારાત્મક પેઢીના નિર્માણમાં પાયારૂપ અને અગ્રણી ભૂમિકા ભજવે છે.

આધુનિક જીવનશૈલીના તણાવ અને પડકારો વચ્ચે, કલા એ માતા અને બાળકના સ્વાસ્થ્ય માટે એક ઉપચારાત્મક, પ્રેરણાદાયક અને દીર્ઘકાલીન પ્રભાવવાળું માધ્યમ બની શકે છે. ચાલો, આ કલાત્મક ગર્ભસંસ્કારના માધ્યમથી એક સશક્ત અને સંસ્કારી સમાજના નિર્માણનો સંકલ્પ લઈએ.

‘કલા એવી ચીજ છે જે આત્માને ધૂળમાંથી ધોઈ નાખે છે.’

- પાબ્લો પિકાસો

# ભાવનાત્મક અને સંવેદનાત્મક વિકાસમાં કળાઓનો ફાળો




**- જયદેવ જી. ધાંધિયા**
**કલા શિક્ષક**
**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.**
**મો. ૯૯૨૪૭૭૬૨૪૫**


બાળકનો ભાવાત્મક અને સાંવેગિક વિકાસ એ તેના સર્વાંગી વિકાસનો મહત્ત્વનો ભાગ છે. આ વિકાસ બાળકને પોતાની લાગણીઓને સમજવા, વ્યક્ત કરવા અને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, જે તેના સામાજિક, શૈક્ષણિક અને વ્યક્તિગત જીવનને મજબૂત બનાવે છે. આ સંદર્ભમાં, કળાઓ (જેમકે ચિત્રકળા, સંગીત, નૃત્ય, નાટક અને સાહિત્ય) બાળકના ભાવાત્મક અને સાંવેગિક વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. કળાઓ બાળકોને તેમની લાગણીઓને સર્જનાત્મક રીતે વ્યક્ત કરવાની તક આપે છે, તેમની કલ્પનાશક્તિ અને આત્મવિશ્વાસને વધારે છે, અને તેમને સામાજિક અને ભાવનાત્મક રીતે પરિપક્વ બનાવે છે. આ લેખમાં, આપણે બાળકના ભાવાત્મક અને સાંવેગિક વિકાસમાં કળાઓના ફાળા વિશે વિગતવાર ચર્ચા કરીશું.

**ભાવાત્મક અને સંવેદનાત્મક વિકાસનો અર્થ :**

ભાવાત્મક અને સાંવેગિક વિકાસ એ બાળકની લાગણીઓને સમજવાની, તેનું નિયમન કરવાની અને અન્યો સાથે સહાનુભૂતિ દર્શાવવાની ક્ષમતાનો વિકાસ છે. આ વિકાસમાં બાળકની આત્મ-જાગૃતિ, આત્મ-નિયંત્રણ, સામાજિક કૌશલ્યો અને નૈતિક મૂલ્યોનો સમાવેશ થાય છે. બાળપણ એ એક એવો સમયગાળો છે જ્યારે બાળકનું મન લાગણીઓને સમજવા અને તેનો પ્રતિસાદ આપવા માટે સંવેદનશીલ હોય છે. આ સમયે, કળાઓ એક શક્તિશાળી માધ્યમ તરીકે કામ કરે છે, જે બાળકોને તેમની લાગણીઓને સુરક્ષિત અને સર્જનાત્મક રીતે વ્યક્ત કરવામાં મદદ કરે છે.

**કળાઓનો ફાળો :**

1. **લાગણીઓની અભિવ્યક્તિ અને સમજ :** કળાઓ બાળકોને તેમની લાગણીઓને વ્યક્ત કરવા માટે એક સુરક્ષિત સ્થાન પૂરું પાડે છે. ઉદાહરણ તરીકે, ચિત્રકળા અથવા રેખાંકન દ્વારા બાળકો તેમના આંતરિક વિચારો અને લાગણીઓને રંગો, આકારો અને ચિત્રો દ્વારા વ્યક્ત કરી શકે છે. જ્યારે બાળક ખુશી, દુઃખ કે ગુસ્સો અનુભવે છે, ત્યારે તે શબ્દો દ્વારા લાગણી વ્યક્ત કરવામાં મુશ્કેલી અનુભવી શકે છે. આવા સમયે, ચિત્રકળા અથવા સંગીત જેવી કળાઓ એક ભાષા બની જાય છે જે બાળકને તેની લાગણીઓને સમજવામાં અને વ્યક્ત કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત ચિત્રકળા દ્વારા બાળકોના હસ્તાક્ષર સુધારી શકાય છે. મૌલિક વિચારતાં કરી શકાય છે.

સંગીત પણ બાળકોના ભાવાત્મક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. ગીતો ગાવાથી અથવા સંગીતનાં સાધનો વગાડવાથી બાળકો તેમની લાગણીઓને ધ્વનિ દ્વારા વ્યક્ત કરે છે. ઉદાહરણ તરીકે, ધીમું અને શાંત સંગીત બાળકોને આરામ આપે છે, જ્યારે ઝડપી અને ઉત્સાહી સંગીત તેમનામાં ઊર્જા અને ખુશીનો સંચાર કરે છે. આ રીતે, સંગીત બાળકોને તેમની લાગણીઓને ઓળખવામાં અને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

2. **આત્મવિશ્વાસ અને આત્મસન્માનનો વિકાસ :** કળાઓ બાળકોમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માન વધારવામાં મદદ કરે છે. જ્યારે બાળક કોઈ ચિત્ર દોરે છે, ગીત ગાય છે કે નૃત્ય કરે છે, ત્યારે તેની સર્જનાત્મકતા અને કૌશલ્યોની પ્રશંસા થાય છે. આ પ્રશંસા અને સફળતાનો અનુભવ બાળકના આત્મવિશ્વાસને વધારે છે. ઉદાહરણ તરીકે, જ્યારે બાળક નાટકમાં ભૂમિકા ભજવે છે અને દર્શકો તેની પ્રશંસા કરે છે, ત્યારે

તેને પોતાની ક્ષમતાઓ પર વિશ્વાસ થાય છે. આ આત્મવિશ્વાસ તેના ભાવાત્મક વિકાસને મજબૂત બનાવે છે અને તેને પડકારોનો સામનો કરવા માટે પ્રેરિત કરે છે. આ ઉપરાંત તે જાતે નિર્ણય કરવા માટે સક્ષમ બને છે અને નવું સાહસ કરતી વખતે ભય કે ડરના સ્થાને આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી શકે છે.

3. **સામાજિક કૌશલ્યોનો વિકાસ** : કળાઓ બાળકોમાં સામાજિક કૌશલ્યોનો વિકાસ કરવામાં પણ મદદ કરે છે. નૃત્ય, નાટક અથવા સમૂહ સંગીત જેવી પ્રવૃત્તિઓમાં બાળકો એકબીજા સાથે સહયોગ કરે છે, ટીમમાં કામ કરે છે અને એકબીજાની લાગણીઓને સમજે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકો સહાનુભૂતિ, સહકાર અને સંચારની કુશળતા શીખે છે. ઉદાહરણ તરીકે, એક નાટકની રજૂઆત દરમિયાન, બાળકો એકબીજાની ભૂમિકાઓને સમજે છે અને સાથે મળીને કામ કરે છે, જે તેમનામાં સામાજિક બંધન અને સહાનુભૂતિ વધારે છે.

4. **તણાવ નિવારણ અને ભાવનાત્મક સ્થિરતા** : બાળપણમાં તણાવ અને ચિંતા સામાન્ય હોઈ શકે છે, જે શાળા, પરીક્ષાઓ કે પારિવારિક પરિસ્થિતિઓને કારણે ઉદ્ભવે છે. કળાઓ આવા તણાવને દૂર કરવામાં મદદરૂપ થાય છે. ચિત્રકળા, સંગીત કે નૃત્ય બાળકોને તેમના મનને શાંત કરવામાં અને તણાવને મુક્ત કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, ધ્યાન કરવું, આકર્ષક ચિત્રો દોરવાં અથવા સંગીતનાં સાધનો વગાડવાથી બાળકોનું મન શાંત થાય છે, એકાગ્રતા વધે છે અને તેમની ભાવનાત્મક સ્થિરતા જળવાય છે.

5. **કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ** : કળાઓ બાળકોની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે, જે તેમના ભાવાત્મક વિકાસનો આધારસ્તંભ છે. જ્યારે બાળકો વાર્તાઓ લખે છે, ચિત્રો દોરે છે કે નૃત્ય રચે છે, ત્યારે તેઓ તેમની કલ્પનાનો ઉપયોગ કરે છે. આ પ્રક્રિયા તેમના મનને નવા વિચારો અને દૃષ્ટિકોણો માટે ખોલે છે, જે તેમની ભાવનાત્મક ઊંડાણ અને સમજણને વધારે છે. કલ્પનાશીલ રમતો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકોને જટિલ લાગણીઓને સમજવામાં અને તેનો સામનો કરવામાં મદદ કરે છે. જીવનમાં આવનારા પડકારો અને મુશ્કેલીઓમાં માનસિક કે આવેગિક સંતુલન ગુમાવ્યા વગર ધીરજપૂર્વક તેમાંથી રસ્તાઓ શોધીને આગળ વધવામાં બળ પૂરું પાડે છે.

6. **નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું શિક્ષણ** : કળાઓ બાળકોને નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો શીખવવાનું એક અસરકારક માધ્યમ છે. વાર્તાઓ, નાટકો અને ગીતો દ્વારા બાળકો સહાનુભૂતિ, ન્યાય, સહકાર અને આદર જેવાં મૂલ્યો શીખે છે. પ્રાદેશિક કળા, ભાષા અને સંસ્કૃતિ વિશે સમજ મેળવે છે અને સમાજના પ્રત્યેક વર્ગમાં રહેલી વિશિષ્ટતાઓનો આદર કરે છે અને તેને માન અને સન્માન આપે છે. ઉદાહરણ તરીકે, લોકકથાઓ અને સાંસ્કૃતિક નૃત્યો બાળકોને તેમની સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડે છે, જે તેમનામાં ગૌરવ અને ભાવનાત્મક સ્થિરતાની ભાવના જગાડે છે અને કલા કારીગરો પ્રત્યે તેમનું માન વધે છે અને તેઓની કલાને સન્માનિત કરે છે એને તેમનું મૂલ્ય સમજે છે.

7. **કળાઓનું શૈક્ષણિક અને વ્યાવહારિક અમલીકરણ:** શાળાઓ અને ઘરોમાં કળાઓને શિક્ષણના ભાગ રૂપે સામેલ કરવાથી બાળકોના ભાવાત્મક વિકાસને વધુ મજબૂતી મળે છે. શાળાઓમાં ચિત્રકળા, સંગીત, નૃત્ય અને નાટકના વર્ગો યોજવાથી બાળકોને સર્જનાત્મક રીતે વ્યક્ત થવાની તક મળે છે. શિક્ષકો અને વાલીઓએ બાળકોને કળાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત

કરવાં જોઈએ અને તેમની સર્જનાત્મકતાને પ્રશંસા આપવી જોઈએ. આ ઉપરાંત, કળાઓને ચિકિત્સક ઉપચાર (આર્ટ થૅરપી) તરીકે પણ ઉપયોગ કરી શકાય છે, જે ખાસ કરીને ભાવનાત્મક સમસ્યાઓ ધરાવતાં બાળકો માટે ફાયદાકારક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020એ તો આ વિચાર પર હવે તો મહોર મારી દીધી છે. આવનારા સમયમાં શિક્ષકોએ વિવિધ કળાઓને થોડા વત્તા અંશે હસ્તગત કરવી જ પડશે કારણ કે બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કોઈ પણ કળાની સાથે જોડીને કરાવવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. જેના વડે વર્ગકાર્ય આનંદમય અને અસરકારક બનશે. જેને આર્ટ ઇન્ટિગ્રેશન એજ્યુકેશન તરીકે ઓળખવામાં આવે છે. કળાના આધાર પર અપાતું શિક્ષણ એ નૂતન પેડાગોજી તરીકે અસ્તિત્વમાં આવશે.

બાળકના ભાવાત્મક અને સાંવેગિક વિકાસમાં કળાઓનું યોગદાન અનન્ય અને અમૂલ્ય છે. કળાઓ બાળકોને તેમની લાગણીઓને વ્યક્ત કરવા, આત્મવિશ્વાસ વધારવા, સામાજિક કૌશલ્યો વિકસાવવા, તણાવ ઘટાડવા અને કલ્પનાશક્તિને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. શાળાઓ, વાલીઓ અને સમાજે કળાઓને બાળકોના શિક્ષણ અને વિકાસનો અભિન્ન ભાગ બનાવવો જોઈએ. આ રીતે, કળાઓ દ્વારા બાળકો ભાવનાત્મક રીતે મજબૂત, સર્જનાત્મક અને સામાજિક રીતે સભાન વ્યક્તિ બની શકે છે, જે તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવશે.

**વર્તમાન પરિપ્રેક્ષ્યમાં કલાઓની તાતી આવશ્યકતા :**

આજના વર્તમાન પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો બાળકો વધુ ને વધુ યંત્રવત્ થતાં જાય છે. ક્લાસરૂમ સ્માર્ટ (ડિજિટલ) થતા જાય છે શિક્ષણ કોમ્પ્યૂટર, લેપટોપ અને મોબાઇલ પર ટ્રાન્સફર થતું જાય છે. બાળકની રમતો પણ મેદાન છોડીને વર્ચ્યુઅલ થતી જાય છે ત્યારે બાળકની પોતાની શારીરિક, માનસિક કસરતો ઘટતી જાય છે ત્યારે તેમાં મૌલિકતાની તો શું વાત કરવી ? અત્યારે પરીક્ષા પદ્ધતિમાં પણ  બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નો પૂછવામાં આવે છે જેના કારણે બાળકો નિબંધાત્મક અને વિસ્તૃત પ્રશ્નોના ઉત્તર આપવામાં મુશકેલી અનુભવે છે. આવા સમયે આપના બાળકને દિવસમાં એક કલાક પણ લલિતકળાઓ પૈકી કોઈ પણ એક કળા સાથે જોડવામાં આવે અને પૂરતું વાતાવરણ આપવામાં આવે તો તેની કલ્પનાશક્તિ (ઇમેજીનેશન), તર્કશક્તિ વધુ સુદૃઢ બનશે. સંવેદના અને ભાવનાઓને ઝીલતા શીખશે. તાજેતરમાં આપણે ઘણા સમાચારપત્રોમાં વાંચીએ છીએ કે શાળામાં બાળકો એટલી હદે સંવેદનાહીન થતાં જાય છે કે, તે મારામારી પર ઊતરી આવે છે અને જીવ સુધ્ધાં લઈ લે છે.

આવી ઘટનાઓમાં સંવેદનાનો અભાવ સ્પષ્ટ જોવા મળે છે. તેનું કારણ પણ એ જ કે બાળકોને પ્રકૃતિથી, સર્જનાત્મકતાથી, મૌલિકતાથી જોજનો દૂર કરી દીધા છે. ઘણાં માતા-પિતાઓ પોતાનું બાળક આ કળાના વિષયોમાં આગળ વધે કે સમય આપે તે બિનજરૂરી સમજે છે અને એમ પણ સમજે છે કે કળાના વિષયો એ માત્ર મનોરંજન અને શોખ પૂરતા જ મર્યાદિત છે, આ વિષયોમાં કારકિર્દી બનતી નથી. તો આ વિચાર તદ્દન ભૂલભરેલો છે. કારણ કે રાષ્ટ્રીય  શિક્ષણ નીતિ-2020માં સ્પષ્ટ દિશાનિર્દેશ કરી આપ્યો છે કે અલગ-અલગ વિષયો સાથે વિવિધ કળાઓને જોડીને તેની આધારશિલા પર તમામ વિષયોનું શિક્ષણ વર્ગખંડમાં પુરુ પાડવું અને બાળકોને પ્રાદેશિક કળાઓ શીખવવી.

આ રીતે બાળકોને વિવિધ કળાઓ સાથે જોડીને આવનારા સમયમાં સમાજને સંવેદનાસભર અને મૌલિક રીતે સ્વતંત્ર નિર્ણય કરનારો સમાજ તૈયાર કરી શકાય છે નહીં કે AI જેવા સોફ્ટવેર કે ટૅક્નોલૉજીમાં એપ્લિકેશનો જે રીતે દિશાનિર્દેશ કરે તે પ્રકારે. આજની પેઢીને અત્યારથી જ આ પ્રકારે કેળવીશું તો અને તો જ માન. વડાપ્રધાનશ્રી દ્વારા સેવેલા સ્વપ્ન વર્ષ 2027માં વિક્સિત ભારતનું નિર્માણ કરી શકાશે અને પ્રેમ, સહાનુભૂતિ અને સંવેદનાસભર સમાજ તૈયાર કરી સમગ્ર વિશ્વને એક દિશાનિર્દેશ કરી પ્રેમ, સહાનુભૂતિ અને સંવેદનામય બનાવી શકાશે.

# બાળકની કલ્પનાશક્તિને ઉડાન : માટીકળા



- અશોકકુમાર બી. પ્રજાપતિ
આસિસ્ટન્ટ પ્રોફેસર સૂરજબા કોલેજ
ઓફ એજ્યુકેશન, સર્વ વિદ્યાલય કેમ્પસ,
કડી. જિ : મહેસાણા. મો. ૯૦૧૬૯૨૨૨૬૫

"માટીકળા એ બાળકના કલ્પનાની પ્રથમ નિશાળ છે, જ્યારે બાળક માટીને સ્પર્શે છે, ત્યારે તેની કલ્પના પાંખો ફેલાવે છે."

માટીકળા એ કુદરતની એક અદ્‌ભુત ભેટ છે જે બાળકોની કલ્પનાશક્તિને અનંત આકાશમાં ઉડાન ભરાવવાની શક્તિ ધરાવે છે. આ સાદા ધરતીના ટુકડામાં છુપાયેલો છે અમૂલ્ય ખજાનો - બાળકોની સર્જનાત્મકતાનો, કલા પ્રત્યેના પ્રેમનો અને આત્મ-વિશ્વાસનો. જ્યારે નાના હાથ માટીને સ્પર્શ કરે છે, ત્યારે માત્ર એક માધ્યમ નહીં, પરંતુ અનંત શક્યતાઓનું જગત ખૂલી જાય છે. માટીકળા બાળકોને માત્ર કલાત્મક કૌશલ્ય જ નથી શીખવતી પરંતુ તે તેમના માનસિક, શારીરિક અને ભાવનાત્મક વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ કલા તેમના મગજના બંને ભાગોને સક્રિય કરે છે, એકાગ્રતા વધારે છે અને તણાવ ઘટાડે છે. નાના બાળકોથી લઈને કિશોરો સુધી, દરેક વયજૂથ માટે માટીકળાની અલગ-અલગ તકનીકો અને પ્રવૃત્તિઓ ઉપલબ્ધ છે. આજના ડિજિટલ યુગમાં, જ્યાં બાળકો સ્ક્રીનમાં ખોવાઈ જાય છે, માટીકળા તેમને વાસ્તવિક જગત સાથે જોડે છે. તે તેમના હાથની ચપળતા વધારે છે, કાલ્પનિક વિવિધ આકારોને વાસ્તવિક રૂપ આપવામાં મદદ કરે છે અને સૌથી મહત્ત્વનું એ છે કે તે બાળકોને પોતાના અંદરના કલાકારને ઓળખવામાં અને વિકસાવવામાં સહાય કરે છે. માટીકળા માત્ર એક શોખ નથી, પરંતુ બાળકોના સર્વાંગીણ વિકાસનું એક શક્તિશાળી માધ્યમ છે.

**માટીકળાનો ઈતિહાસ અને સાંસ્કૃતિક મહત્ત્વ :**

માટીકળાનો ઈતિહાસ માનવ સભ્યતા જેટલો જ જૂનો છે. સિંધુ સભ્યતાથી લઈને આધુનિક યુગ સુધી, દરેક સંસ્કૃતિમાં માટીકળાનું પોતાનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે. ભારતીય પરંપરામાં માટીકળા માત્ર કલા નથી, પરંતુ એક આધ્યાત્મિક સાધના પણ છે. તે પૃથ્વી તત્ત્વ સાથેના આપણા જોડાણને દર્શાવે છે અને જીવનની ક્ષણભંગુરતાની યાદ અપાવે છે. ગુજરાતમાં માટીકળાનો વિશેષ મહત્ત્વનો ઈતિહાસ છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કુંભારોએ પેઢીઓથી આ કળાને જીવંત રાખી છે. ધ્રાંગધ્રા, મોરબી, ગોંડલ અને વાંકાનેર જેવા વિસ્તારો માટીકળા માટે પ્રસિદ્ધ છે. વિશ્વભરની વિવિધ સંસ્કૃતિઓમાં માટીકળાની અલગ-અલગ પરંપરાઓ વિકસી છે. જાપાનની સાદગી પસંદ કરતી રાકુ પરંપરા, ચીનની નફાસતભરી પોર્સેલેઇન કલા, મેક્સિકોની રંગબેરંગી તલાવેરા કળા અને ભારતના વિવિધ પ્રાંતોની પોતાની વિશિષ્ટ શૈલીઓ આ કલાની વૈવિધ્યતાને દર્શાવે છે. આ બધી પરંપરાઓનું એક સામાન્ય તત્ત્વ એ છે કે તે બાળકોને નાની વયથી જ કલા અને સંસ્કૃતિ સાથે જોડવાનું કામ કરે છે. માટીકળા ધાર્મિક અને સામાજિક જીવનનો અભિન્ન ભાગ છે. ગણેશચતુર્થી, નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારોમાં માટીનાં દીવા, મૂર્તિઓ અને કળશનો ઉપયોગ થાય છે. પરંપરાગત રસોડામાં માટીના વાસણોનું વિશેષ સ્થાન છે, કારણ કે તે ખોરાકનાં પોષક તત્ત્વો અને સ્વાદ જાળવે છે.

**બાળકોના વિકાસમાં માટીકળાની ભૂમિકા :**

માટીકળા બાળકોના વિકાસનાં અનેક પાસાઓને પ્રભાવિત કરે છે. આ કલા બાળકોના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

**શારીરિક વિકાસ :**

માટીકળા કરવાથી બાળકોના હાથના નાના સ્નાયુઓનો વિકાસ થાય છે. આંગળીઓની ચપળતા વધે

છે અને હાથ-આંખનું સંકલન સુધરે છે. માટીને દબાવવી, લંબાવવી, વાળવી અને આકાર આપવો જેવી ક્રિયાઓ બાળકોની મોટર સ્કિલ્સને મજબૂત બનાવે છે. આ કૌશલ્યો પછીથી લેખન, ચિત્રકારી અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં કામ આવે છે.

**માનસિક વિકાસ :**

માટીકળા બાળકોના દિમાગના બંને ભાગોને સક્રિય કરે છે. જમણો ભાગ સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનું કેન્દ્ર છે, જ્યારે ડાબો ભાગ તર્કશક્તિ અને વિશ્લેષણનું કામ કરે છે. માટીકળા કરતી વખતે બાળકોએ એકસાથે બંને ભાગોનો ઉપયોગ કરવો પડે છે - કલ્પના કરવા માટે અને તેને વ્યાવહારિક રીતે અમલમાં મૂકવા માટે. આ પ્રક્રિયા તેમની સમસ્યા ઉકેલવાની ક્ષમતા વધારે છે અને ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં પણ મદદરૂપ થાય છે.

**ભાવનાત્મક વિકાસ :**

માટીકળા બાળકોને પોતાની ભાવનાઓને અભિવ્યક્ત કરવાનું એક સ્વસ્થ માધ્યમ પ્રદાન કરે છે. જ્યારે બાળકો નિરાશ હોય, ગુસ્સામાં હોય કે ખુશ હોય, તેઓ આ બધી ભાવનાઓને માટી દ્વારા વ્યક્ત કરી શકે છે. માટીને મસળવી અને આકાર આપવો તણાવ ઘટાડવાનું કુદરતી માધ્યમ છે. આ પ્રક્રિયા સચેતન મનને પ્રોત્સાહન આપે છે અને બાળકોને વર્તમાન ક્ષણમાં રહેવા શીખવે છે.

**સામાજિક વિકાસ :**

જૂથમાં માટીકળાની પ્રવૃત્તિઓ કરવાથી બાળકો સહયોગ અને વહેંચણી શીખે છે. તેઓ એકબીજાના કામને જોઈને પ્રેરણા લે છે અને નવી તકનીકો શીખે છે. આ સામાજિક વાતાવરણ તેમના વ્યક્તિત્વ વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**સંવેદનાત્મક વિકાસ :**

માટીનું મુલાયમ અને ઠંડક આપતો સ્પર્શ બાળકોને સ્પર્શ સાથે ઇંદ્રિયોને વિકસાવે છે. વિવિધ સર્જનતા અને તાપમાનનો અનુભવ મળે છે.

**માટીકળા અને બાળકની કલ્પનાશક્તિનો વિકાસ :**

માટીકળા બાળકની કલ્પનાશક્તિના વિકાસ માટે આદર્શ માધ્યમ છે. કાગળ પર ચિત્ર દોરવાથી વિપરીત જેમાં માટીકળામાં બાળકો ત્રિ-પરિમાણીય આકારો બનાવી શકે છે. તેઓ પોતાની કલ્પનાનાં પાત્રોને સંપૂર્ણ રીતે સજીવ બનાવી શકે છે. માટીકળા બાળકોની કલ્પનાશક્તિના વિકાસ માટે એક શક્તિશાળી માધ્યમ છે. માટીની મુલાયમ અને પરિવર્તન પ્રકૃતિ બાળકોને તેમના મનમાં રહેલા વિચારોને મૂર્ત રૂપ આપવાની અનંત શક્યતાઓ પ્રદાન કરે છે. માટી સાથે કામ કરતી વખતે બાળકોની કલ્પનાશક્તિ કોઈ સીમાઓમાં બંધાતી નથી. તેઓ સામાન્ય વસ્તુઓથી માંડીને કાલ્પનિક પ્રાણીઓ, અવકાશી વાહનો કે વાર્તાનાં પાત્રો સુધી કંઈ પણ બનાવી શકે છે. આ પ્રક્રિયામાં તેમની માનસિક ક્ષમતાઓનો વિસ્તાર થાય છે.

**વિવિધ વય જૂથ માટે માટીકળાની પ્રવૃત્તિઓ :**

**2-4 વર્ષનાં બાળકો માટે :** આ વયનાં બાળકો માટે માટીનો મુખ્ય આકર્ષણ તેની સ્પર્શની અનુભૂતિ છે. તેઓ માટીને દબાવવી, ફાડવી અને સાદા આકારો બનાવવાનો આનંદ લે છે. માટીમાં વિવિધ વસ્તુઓની છાપ પાડવી, બોલ બનાવવા અને તેને ચપટા કરવા જેવી સાદી પ્રવૃત્તિઓ તેમના સંવેદનાત્મક વિકાસ માટે આદર્શ છે.

**5-7 વર્ષનાં બાળકો માટે :** આ વયે બાળકોમાં વધુ જટિલ આકારો બનાવવાની ઇચ્છા જાગે છે. તેઓ પ્રાણીઓ, ફૂલો, વાટકા વગેરે જેવા આકાર બનાવી શકે છે. કોઇલ તકનીક અને પિંચ પોટ મેથડ આ વયનાં બાળકો માટે આદર્શ છે. તેઓ રંગોનો ઉપયોગ કરીને પોતાની કૃતિઓને વધુ આકર્ષક બનાવી શકે છે.

**8-12 વર્ષનાં બાળકો માટે :** આ વય જૂથનાં બાળકો વધુ વિગતવાર અને જટિલ પ્રોજેક્ટ્સ હાથ ધરી શકે છે. તેઓ પોટર્સ વ્હીલનો (કુંભારી ચાક) ઉપયોગ શીખી શકે છે, વાર્તાઓનાં પાત્રો બનાવવાં, કૃત્રિમ દુનિયા બનાવવી અને થીમ આધારિત પ્રોજેક્ટ્સ તેમની રુચિ જાળવી રાખે છે.

**કિશોરો માટે :** કિશોરવયના બાળકો માટે માટીકળા

આત્મ-અભિવ્યક્તિનું શક્તિશાળી માધ્યમ બને છે. તેઓ અમૂર્ત કલા અને વૈચારિક કૃતિઓ બનાવી શકે છે. કોઇલ બિલ્ડિંગ (લાંબા પટ્ટા બનાવીને વાસણો બનાવવાં), પિંચ પોટ્સ (આંગળીઓથી દબાવીને નાનાં વાસણો), સ્લેબ કન્સ્ટ્રક્શન (સપાટ પત્રાઓથી બનાવવું)

**શૈક્ષણિક વાતાવરણમાં માટીકળાનું એકીકરણ :**

આજના યુગમાં શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન આવી રહ્યું છે. પરંપરાગત બુક આધારિત શિક્ષણ સાથે હેન્ડ્સ-ઓન લર્નિંગનું મહત્ત્વ વધી રહ્યું છે. માટીકળા આ હેન્ડ્સ-ઓન લર્નિંગનું એક આદર્શ ઉદાહરણ છે.

**ગણિત સાથે જોડાણ :**

માટીકળા દ્વારા બાળકો ભૂમિતિના આકારો સમજી શકે છે. તેઓ સિલિન્ડર, કોન, સ્ક્વેર જેવા આકારો બનાવીને તેમના ગુણધર્મો સમજી શકે છે. માપદંડો, પ્રમાણ અને સપ્રમાણતા જેવા ગાણિતિક સિદ્ધાંતો પ્રેક્ટિકલ રીતે શીખી શકે છે.

**વિજ્ઞાન સાથે જોડાણ :**

માટીકળાની રસાયણિક પ્રક્રિયાઓ બાળકોને વિજ્ઞાનના સિદ્ધાંતો સમજાવવામાં મદદ કરે છે. માટીનું પાણી સાથે મિશ્રણ, સૂકવવાની પ્રક્રિયા અને આગમાં પકવવાની રાસાયણિક પ્રતિક્રિયાઓ તેમને પ્રૅક્ટિકલ રીતે વિજ્ઞાન શીખવે છે.

**ઇતિહાસ સાથે જોડાણ :**

પ્રાચીન કાળની માટીની વસ્તુઓ બનાવીને બાળકો ઇતિહાસને બેહતર રીતે સમજી શકે છે. સિંધુ સભ્યતાના પાત્રો, ગ્રીક કે ચીની લોકોની માટીથી બનાવવાની પ્રવૃત્તિઓ તેમને તે સમયની સંસ્કૃતિ અને જીવનશૈલી સમજાવે છે.

**ભાષા અને સાહિત્ય સાથે જોડાણ :**

વાર્તાકથન દ્વારા પાત્રો બનાવવાં, શબ્દભંડોળનો વિકાસ, વર્ણનાત્મક લેખન, મૌખિક અભિવ્યક્તિ

**ભૂગોળ સાથે જોડાણ :**

ટોપોગ્રાફિક મૉડેલ્સ, નકશા અને લેન્ડસ્કેપ, જલવાયુ અને વાતાવરણ, પ્રાકૃતિક સંસાધનોની સમજ.

**ડિજિટલ યુગમાં માટીકળાનું મહત્ત્વ :**

ડિજિટલ યુગમાં માટીકળાનું મહત્ત્વ અભૂતપૂર્વ રીતે વધ્યું છે કારણ કે આ પ્રાચીન કળા આધુનિક જીવનશૈલીના અસંતુલિત ડિજિટલ આધિપત્યનો સ્વાભાવિક પ્રતિકાર પૂરો પાડે છે. જ્યારે આપણા દિવસના મોટાભાગનો સમય સ્ક્રીન સામે વીતે છે અને વર્ચ્યુઅલ દુનિયામાં ખોવાઈ જાઓ છો, ત્યારે માટીકળા આપણને ભૌતિક વાસ્તવિકતા સાથે ફરીથી જોડે છે. માટીનો સ્પર્શ, તેની મુલાયમ અને ઠંડક આપતી અનુભૂતિ આપણી સંવેદનાઓને જાગૃત કરે છે અને ડિજિટલ થાકથી રાહત આપે છે. આ કળા મેડિટેશનની જેમ માનસિક શાંતિ અને એકાગ્રતા લાવે છે, જે આજના તણાવપૂર્ણ અને ઝડપી જીવનમાં અત્યંત જરૂરી છે. વર્ચ્યુઅલ રિયાલિટી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં માટીકળા માનવીય સર્જનાત્મકતા અને વ્યક્તિગત અભિવ્યક્તિનું અનમોલ સાધન છે જે કોઈ મશીન કે એલ્ગોરિધમ વડે બદલી શકાતું નથી. તે બાળકોથી માંડીને પુખ્ત વયના લોકો સુધી સૌને સ્ક્રીન ટાઇમ ઘટાડવા, હાથની કુશળતા વિકસાવવા અને માનસિક આરોગ્ય સુધારવાનો માર્ગ બતાવે છે. આધુનિક 3D પ્રિન્ટિંગ અને ડિજિટલ ડિઝાઇન ટૂલ્સ સાથે પણ માટીકળાનું સંયોજન નવી કલાત્મક શક્યતાઓ ઉત્પન્ન કરે છે, જેથી પરંપરા અને આધુનિકતા વચ્ચે સુંદર સેતુ બને છે.

**માટીકળામાં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા :**

માટીકળાની સફળતામાં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ બાળકોને પ્રોત્સાહન આપવા અને યોગ્ય માર્ગદર્શન પ્રદાન કરવાનું કામ કરે છે.માટીકળામાં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા બાળકોના સર્જનાત્મક વિકાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે કારણ કે તેઓ માત્ર સુવિધાઓ પૂરી પાડનારા નથી પરંતુ પ્રેરણાદાયક સાથીદાર અને માર્ગદર્શક તરીકે કામ કરે છે. શિક્ષકોએ માટીકળાને શિક્ષણના એક અભિન્ન અંગ તરીકે સ્વીકારીને તેને અન્ય વિષયો સાથે જોડવી જોઈએ, બાળકોની વ્યક્તિગત પ્રગતિ અને સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું જોઈએ.

# બાળકના સર્વાંગી વિકાસમાં કલાઓનું યોગદાન



- અખિલકુમાર આર. દવે
ભાષાશિક્ષક - શ્રી સણોસરા પ્રાથમિક શાળા,
મુ. સણોસરા, તા. જિ. અમરેલી
મો. ૯૯૭૪૯ ૨૨૩૭૩

આપણી ભારતીય પરંપરાએ કલાને માનવજીવનમાં અદકેરું સ્થાન આપ્યું છે. ભર્તૃહરિ મહારાજ 'નીતિશતક'માં મનુષ્યદેહને સાર્થક બનાવવા માટે કલા અને સાહિત્યની અનિવાર્યતા દર્શાવતાં કહે છે કે,

''साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः।''

જીવનના પ્રારંભે જ બાળકના ભાવાત્મક અને સાંવેગિક વિકાસમાં વિવિધ કલાઓ જેવી કે સંગીત, નૃત્ય, ચિત્રકલા, નાટક, ઇત્યાદિ ખૂબ મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. કલા વ્યક્તિની મનોશારીરિક ચેતનાને વિકસાવે છે એ તો નિર્વિવાદ બાબત છે. આ કલાઓ કઈ રીતે પોતાનું યોગદાન આપે છે? અથવા આપી શકે એ અત્રે વિગતવાર જોઈએ.

**ભાવનાઓની અભિવ્યક્તિનું ઉત્કૃષ્ટ માધ્યમ :**

વિવિધ કલાઓ દ્વારા બાળક પોતાની અંદરની લાગણીઓ જેવી કે આનંદ, દુઃખ, ગુસ્સો, ભય, ઉદાસી વગેરેને વ્યક્ત કરી તેનું શમન કરી શકે છે. આને જ માનસશાસ્ત્ર 'ભાવવિરેચન' (catharsis) કહે છે. ભાવવિરેચન એટલે 'ભાવની શુદ્ધિ.' જો લાગણીઓનું દમન થાય તો એ અનેક શારીરિક અને માનસિક વ્યાધિ તથા વિકૃતિઓ જન્માવી શકે છે. કલા દ્વારા લાગણીઓ યોગ્ય રીતે અભિવ્યક્તિ થવાથી વ્યક્તિ હળવી રહી શકે છે.

ઉદાહરણ તરીકે ખૂબ ગુસ્સો આવતો હોય ત્યારે બધા પર બરાડા પાડવાને બદલે કે ઝઘડા કરવા કરતાં એકાદ આક્રોશપૂર્ણ કવિતા લખીને કે સાહિત્યના અન્ય સ્વરૂપમાં પોતાના મનોભાવ વર્ણવીને તમે હળવા થઈ શકો છો. આ પદ્ધતિ મનોપચારમાં પણ વપરાય છે. જેમાં વ્યક્તિને કોઈ પણ વિશે જે લખવું હોય એ લખવાની છૂટ આપવામાં આવે છે અને પછી એ કાગળ ફાડીને ફેંકી દેવાનો હોય છે. આ સામાન્ય લાગતી બાબત પણ આવેગથી મુક્ત થવામાં ખૂબ ઉપયોગી છે.

આ ઉપરાંત એકપાત્રીય અભિનય દ્વારા બાળકની લાગણીઓને યોગ્ય રસ્તે બહાર લાવી શકાય છે. આ જ રીતે ચિત્ર દ્વારા પણ અલગ-અલગ આવેગોનું શમન શીખવી શકાય. ચિત્રકાર પોતાના ગુસ્સાને પીંછી વડે કેનવાસ પર લાલરંગના છાંટણા સાથે છાંટી શકવા સમર્થ છે.

સંગીત પણ અહીં ખૂબ ઉપયોગી થાય છે. નિરાશાથી ઘેરાયેલો માણસ સંગીતનાં અલગ- અલગ વાદ્ય પર પોતાનાં ડૂસકાંઓને સૂરાવલી સાથે વહેતા મૂકીને, આવેગોની પોતાના શરીર અને મન પર થતી નકારાત્મક અસર નિવારી શકે છે.

હૃદયમાં ઊઠતાં કોમળ ભાવ અને લાગણીઓને તરુણ કે તરુણી નૃત્ય દ્વારા યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકે. આ રીતે શબ્દો વગર પણ વિવિધ કલાઓ દ્વારા વ્યક્તિ પોતાનું મન હળવું કરી શકે છે.આમ, બાળપણથી જ બાળક પોતાના રસ અને કૌશલ્ય મુજબ જે તે કલા પ્રત્યે કલાભિમુખ બને તે ખૂબ અગત્યનું છે. આ બાબત માતાપિતા અને શિક્ષકોએ વધુ રસ લઈને, તેના પ્રાવીણ્યને પિછાણી, સતત પ્રોત્સાહિત કરતાં રહેવું જોઈએ.

**આત્મવિશ્વાસનો વિકાસ :**

કલા બાળકને અન્ય કરતાં અલગ પાડે છે. જેને કલા હસ્તગત હોય એ ગમે ત્યાં પોતાનું વિશિષ્ટ સ્થાન ઊભું કરી શકે છે. આનાથી બાળકનો આત્મવિશ્વાસ વધે છે. બાળક જ્યારે પોતાના સર્જન કે પરફોર્મન્સને પોંખાતું જુએ છે ત્યારે તેનામાં નિજગૌરવની લાગણી ઉદ્ભવે છે. વિવિધ કલાત્મક પ્રવૃત્તિઓ બાળકમાં 'હું પણ કંઈક સર્જન કરી શકું

છું' એવી પોતાના સ્વ વિશેની ઉમદા લાગણી જન્માવે છે. આ લાગણી જે-તે કલાના ક્ષેત્રે તેને આગળ વધારીને તેના જીવનને હકારાત્મક્તા અને આત્મવિશ્વાસથી ભરી દે છે. આમ, કલા આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે.

**સાંવેગિક બુદ્ધિ (Emotional Intelligence)માં વધારો :**

માનવજીવનનું સૌથી સુંદર પાસું કયું છે? વિચારતાં જવાબ મળે છે કે, વ્યક્તિ અન્યને સમજતો થાય એમાં જ જીવનની સુંદરતા રહેલી છે. અન્યની તકલીફ, પીડા, દૃષ્ટિકોણને સમજવાથી જ માનવજીવન અને આ સૃષ્ટિ સુંદર બની રહેશે.

આ સમજણ વ્યક્તિના હકારાત્મક સાંવેગિક વિકાસ વગર શક્ય નથી. આપણે જોઈએ છીએ કે ઘણા પ્રશ્નો અને સમસ્યાના મૂળમાં ગેરસમજ અને નિષેધક મનોવલણ જ જવાબદાર હોય છે. બાલ્યાવસ્થાના પ્રારંભે જ બાળકમાં હકારાત્મક સાંવેગિક વિકાસ થાય તેવા પ્રયત્નો સજાગતા પૂર્વક થવા જરૂરી છે. વિવિધ કલાઓ આ કાર્યમાં આપણને ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે. ઉદાહરણ તરીકે નાટક અથવા નૃત્ય જેવી પ્રવૃત્તિઓમાં બાળક જુદી-જુદી ભૂમિકાઓ ભજવે છે જેને કારણે તે અન્યની લાગણીઓ અને પરિસ્થિતિઓને સમજી શકે છે. કોઈએ દિવ્યાંગ વ્યક્તિની ભૂમિકા ભજવી તો તેને ખ્યાલ આવશે કે દિવ્યાંગ વ્યક્તિને કેટલી મુશ્કેલી પડે છે. બાળક કોઈ માનવીય વિધ્વંસક પ્રવૃત્તિથી અકળાયેલું વૃક્ષ,પક્ષી કે પ્રાણી બન્યું તો તેને આપોઆપ સમગ્ર સજીવ સૃષ્ટિ પ્રત્યે સહાનુભૂતિ અને પરાનુભૂતિ જાગશે. આ અનુભવ તેનામાં સંવેદનશીલતાને દૃઢ બનાવશે. બીજાને થતું દર્દ અને તકલીફ તે મહેસૂસ કરીને તેના પ્રત્યે કરુણાવાન બનશે. આ કરુણા જીવન અને જગતના મંગલ માટે મહત્ત્વની છે.

**તણાવ અને માનસિક દબાણમાંથી મુક્તિ :**

આ સદીને વિચારકો 'તણાવની સદી' કહે છે. અનેક તણાવો વચ્ચે આજનો માણસ જીવી રહ્યો છે. બધી જ સુખ સગવડ પ્રાપ્ત કરીને પણ તે અકળ અભાવ અને ખાલીપાથી પીડાય છે. બધાં જ ક્ષેત્રોમાં ઝડપથી આવતાં પરિવર્તનો અને ગળાકાપ સ્પર્ધા વચ્ચે જીવવું દુષ્કર થતું જાય છે. આજે નાની વયના કિશોરો અને તરુણોમાં પણ આત્મહત્યાનું વધતું પ્રમાણ ચોંકાવનારું છે. હતાશા અને નિરાશા આજે તમામ હદો પાર કરીને સમગ્ર જીવનને ભરડો લઈ રહ્યાં છે, છિન્નભિન્ન કરી રહ્યાં છે. આવા સમયે કલાત્મક પ્રવૃત્તિઓ બાળક માટે થૅરપી સમાન બની રહે છે.

આપણી પરંપરાએ કલાની ઉપાસના જ આનંદ પ્રાપ્તિ માટે કરી છે. એ આનંદ પણ પાછો કેવો છે! કહ્યું છે કે, ब्रह्मानंद सहोदर । કલા દ્વારા આનંદ પ્રાપ્ત કરીને અંતે તો બ્રહ્માનંદ જ પ્રાપ્ત કરવાનું લક્ષ ભારતીય સંસ્કૃતિએ રાખ્યું છે.

એટલે જ તો આપણે શિલ્પ, સ્થાપત્ય કે સાહિત્ય દ્વારા કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ વિશ્વ સમક્ષ મૂકી શક્યા હતાં. કોઈએ પોતાના સર્જનમાં ક્યાંય પોતાનું નામ કોતરવાની પણ સ્પૃહા નથી રાખી. આ વાત જો બાળકોને સમજાવવામાં આવે તો તે નિઃશંક કલાની ઉપાસના કરીને પોતાનાં હૃદય અને મનને આનંદથી ભરી દેશે. રંગો, સંગીત અને નૃત્ય દ્વારા તે પોતાની ભાવનાત્મક ઊથલપાથલને શાંત કરી શકે છે.

આથી જ બાળકને એ પણ શીખવવું જરૂરી છે કે, કલા માત્ર પેટ ભરવા માટે નથી તે તણાવ સામે લડવાનું સબળું હથિયાર પણ છે.

**સામાજિક સંવાદિતા અને સહકારની ભાવના :**

આજનાં બાળકો એ આવતી કાલના નાગરિકો છે. એમનામાં સામાજિક સંવાદિતા અને સહકારની ભાવના વિકસે તે ખૂબ જરૂરી બાબત છે. બાળકમાં સામાજિક અનુકૂલન મજબૂત કરવામાં કલા ખૂબ અગત્યનો ભાગ ભજવી શકે છે. કલા કોઈ પણ ધર્મ, જાતિ અને ભાષાથી પર છે. એની ઉપાસના વ્યક્તિને ખરા અર્થમાં વિશ્વ નાગરિક બનાવે છે. કલા વ્યક્તિને સંકુચિતતા, પૂર્વગ્રહ અને કટ્ટરતાથી બચાવે છે.

જૂથમાં ગીત ગાવું, સમૂહનૃત્ય રજૂ કરવું, અલગ-અલગ પ્રદેશોના પહેરવેશ ધારણ કરીને અભિનય કરવો, સામાજિક સમરસતાનું મહત્ત્વ સમજાવતાં નાટકો કરવાં.

# બાળવિકાસના પરિપેક્ષ્યમાં નૃત્યકલા



- જિજ્ઞા એમ. દીક્ષિત
શોધ છાત્રા- પર્ફોર્મિંગ આર્ટ્સ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર મો. ૯૨૨૮૨૨૬૨૪૨

બાળક એ અનંત શક્યતાઓનું અદ્‌ભુત અને અનન્ય પાત્ર છે. તેના મનમાં ઊછરતી કલ્પનાઓ, પ્રશ્નો, લાગણીઓ અને અન્વેષણની ભાવનાઓ તેની અંદરની સર્જનાત્મકતાને જીવન આપે છે. જ્યારે બાળકને તેની અંદરની લાગણીઓ અને વિચારધારાને વ્યક્ત કરવા માટે યોગ્ય માધ્યમ મળે છે ત્યારે તે પોતાની જાતની ઊંડાણપૂર્વક ઓળખ કરી શકે છે. કલા અને સાહિત્ય એ એવાં માધ્યમો છે, જે બાળકને અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાનો મંચ પૂરો પાડી શકે છે.

જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે તે શબ્દો શીખતાં પહેલાં જ પોતાની લાગણીઓ અભિવ્યક્ત કરવા લાગેછે - રડવાનું, સ્મિત આપવાનું કે હાથપગ હલાવવાનું એ બધો સ્વાભાવિક અભિનય છે. પ્રાચીન ભારતીય ઋષિઓએ શિક્ષણના પાયામાં કલાને સ્થાન આપ્યું હતું. તેઓ માનતા હતા કે કલા એ જ સંસ્કારનો આધારસ્તંભ છે. ભારતીય તત્ત્વચિંતનમાં કલા ને ફક્ત શોખ કે મનોરંજન તરીકે ન જોવામાં આવી, પરંતુ તે જીવનના આધ્યાત્મિક અને નૈતિક ઘડતરનું માધ્યમ છે. મહાકવિ ભર્તૃહરિના નીતિશતકમાં એક વિખ્યાત શ્લોક આવે છે, જે કલાનું મહત્ત્વ દર્શાવે છે

સાહિત્યસંગીતકલાવિહીનઃ સાક્ષાત્પશુઃ પુચ્છવિષાણહીન**:** અર્થાત્ - જે મનુષ્ય સાહિત્ય, સંગીત અને કલાવિહોણો છે, તે પૂંછ અને શિંગડા વગરના પશુ સમાન છે. આ શ્લોકમાં સ્પષ્ટ સંદેશ છે કે કલા વિના માનવજીવન નિર્જીવ છે; કલા જ માનવને સંવેદનશીલ બનાવે છે. બાળ-મન પર તેનો પ્રભાવ વિશેષ છે, કેમકે બાળપણ એ મનુષ્ય ઘડતરની સૌથી લવચીક અવસ્થા છે.

**કલાના પ્રકારો** : સર્વાંગી દૃષ્ટિ : ભારતીય સંસ્કૃતિમાં કલા મુખ્ય ચાર વિભાગમાં વિભાજિત છે - લલિત કલા, સંગીત કલા, નૃત્ય કલા અને નાટ્ય કલા. આ ચારેય કલાઓ પરસ્પર એકબીજાની પૂરક છે.

**લલિતકલા** : ચિત્રકલા, શિલ્પકલા, આલેખન અને રંગોલી જેવી કલાઓ બાળકને સ્વ-અભિવ્યક્તિનો સૌમ્ય માર્ગ આપે છે અને ધીમે ધીમે તેની કલ્પનાશક્તિ સમૃદ્ધ બનાવે છે. જ્યારે બાળક રંગોથી રમે છે, માટીના પાત્રો બનાવે છે કે ભીંત પર આકાર દોરે છે, ત્યારે તે મનોરંજન સાથે પોતાની આંતરિક કલ્પનાશક્તિ અને સૂક્ષ્મ ગતિ કૌશલ્ય (Fine Motor Skills) ઘડી રહ્યો હોય છે.

**સંગીતકલા** : ગાયન અને વાદ્યસંગીત કલા બાળમનના ભાવજગતને સ્પર્શે છે. જ્યારે બાળક પ્રથમવાર હાલરડાં સાંભળે છે, ત્યારે તે માત્ર સ્વર સાંભળી રહ્યું નથી પરંતુ સૂરો સાથે ભાવનાનો સંચાર અનુભવી રહ્યું છે. સંગીત બાળકની આંતરિક શાંતિ વિકસાવે છે. તેને લયબદ્ધતા શીખવે છે અને ભાવાત્મક સંવેદનશીલતા તરફ દોરી જાય છે.

**નૃત્યકલા** : લયબદ્ધ ગતિ અને અભિનય દ્વારા સંદેશ આપતી આ કલા બાળકોમાં શરીર-મનનું સંકલન વિકસાવે છે. શાસ્ત્રીય નૃત્યો નિયમિતતા, શિસ્ત અને અભિવ્યક્તિ શીખવે છે, જ્યારે લોકનૃત્યો સામૂહિક આનંદ અને સાંસ્કૃતિક જોડાણ પેદા કરે છે. બાળકે જ્યારે નૃત્ય શીખે છે, ત્યારે તે પોતાના શરીરને નિયંત્રિત કરવાનું શીખે છે, ભાવનાને અભિવ્યક્ત કરવાનું શીખે છે અને સાથે સાથે સંસ્કૃતિને જીવી લે છે.

**નાટ્યકલા** : નાટક, અભિનય અને સંવાદ બાળકને ભાષાના પ્રયોગમાં કુશળ બનાવે છે. નાટ્યકલા બાળકને પાત્રાનુભાવ શીખવે છે આથી બાળકમાં સહાનુભૂતિ અને સામાજિક સમજણ વિકસે છે..

**નૃત્યના પ્રકારો** : ભારતીય પરંપરામાં નૃત્યને એક

આધ્યાત્મિક અનુભવ અને સાંસ્કૃતિક સંવાદના સાધનરૂપે સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન ભારતનાં મંદિરો અને યજ્ઞવિધિઓમાં નૃત્યનો ઉપયોગ દેવારાધના અને મૂલ્યપ્રેરણા માટે થતો હતો. આજના યુગમાં પણ શાસ્ત્રીય નૃત્યો એ જ તત્ત્વચિંતન સાથે બાળ વિકાસ માટે પ્રેરણાત્મક સાબિત થાય છે. નૃત્ય લય, ભાવ અને કથાનો અદ્વિતીય સમન્વય છે જે બાળકના મન-શરીર-આત્માની એકતા રચે છે.

**ભારતમાં નૃત્યને મુખ્યત્વે ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવે છે :**

1. **શાસ્ત્રીય નૃત્ય** : શાસ્ત્રીય નૃત્યો પ્રાચીન ગ્રંથો – ખાસ કરીને नाट्यशास्त्र અને अभिनयदर्पण– આ સિદ્ધાંતો પર આધારિત છે. આ નૃત્યોની રચના ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા સંવર્ધિત થઈ છે અને તેમાં શારીરિક લયબદ્ધતા સાથે ભાવનાત્મક અભિવ્યક્તિનું અદ્‌ભુત સંકલન જોવા મળે છે. ભારતનાં આઠ શાસ્ત્રીય નૃત્યો છે – ભરતનાટ્યમ, કથક, કથકલી, મોહિનીઅટ્ટમ, ઓડીસી, કુચીપુડી, મણિપુરી અને સત્રિયા. દરેક નૃત્ય પોતાની અનોખી ભૂમિ, સંગીત પરંપરા અને અભિવ્યક્તિ પદ્ધતિ માટે પ્રસિદ્ધ છે.
2. **લોકનૃત્ય** : લોકનૃત્યો પ્રાદેશિક જીવન અને તહેવારો સાથે સંકળાયેલાં છે. તહેવાર, પાક ઉત્સવ, લગ્ન પ્રસંગ કે સમૂહ આનંદના અવસરોએ લોકનૃત્યો પ્રસ્તુત થાય છે. ગુજરાતના ગરબા, પંજાબના ભાંગડા કે આસામનું બિહુ એ લોકનૃત્યોનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. લોકનૃત્યોમાં સાદગી, આનંદ અને સામૂહિક સાંસ્કૃતિક જોડાણનું પ્રતિબિંબ જોવા મળે છે.
3. **આધુનિક નૃત્ય** : આધુનિક નૃત્યોમાં સમકાલીન અભિવ્યક્તિઓ અને ફ્યૂઝન શૈલીઓનો સમાવેશ થાય છે. પશ્ચિમી અને ભારતીય શૈલીઓના સંગમથી ઉત્પન્ન થયેલી શૈલીઓ આજના બાળકોમાં સર્જનાત્મકતા જગાડે છે, પરંતુ સાંસ્કૃતિક ઊંડાણ માટે શાસ્ત્રીય નૃત્ય અત્યંત આવશ્યક છે.

**અભિનયદર્પણ** : નૃત્યનાં ચાર અંગોનો સંગમ

નંદિકેશ્વર રચિત अभिनयदर्पण શાસ્ત્રીય નૃત્યના સિદ્ધાંતોનો મુખ્ય ગ્રંથ છે. તેમાં અભિનયનાં ચાર અંગો - આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિકનું વિસ્તૃત વર્ણન મળે છે.

- આંગિક અભિનય - શરીરની ગતિ, પદન્યાસ, મુદ્રા અને ચહેરાના હાવભાવ દ્વારા અભિવ્યક્તિ.
- વાચિક અભિનય - કાવ્ય, ભજન, સંવાદ દ્વારા અભિવ્યક્તિ.
- આહાર્ય અભિનય - વેશભૂષા, રંગભૂષા અને દૃશ્ય સામગ્રી.
- સાત્ત્વિક અભિનય - આંતરિક ભાવનાઓનો અભિનય, જેમકે કરુણા, ભય, આનંદ, ક્રોધ વગેરે.
- અભિવ્યક્તિનો ક્રમઃ હસ્ત, દૃષ્ટિ, મન, ભાવ અને રસ

અભિનય દર્પણનો એક પ્રસિદ્ધ શ્લોક અભિવ્યક્તિનો ક્રમ સમજાવે છે - यत्र हस्तास्तत्र दृष्टिः, यत्र दृष्टिस्तत्र मनः । यत्र मनस्तत्र भावः, यत्र भावस्तत्र रसः ॥ અર્થાત્ - જ્યાં હાથ જાય ત્યાં નજર હોવી જોઈએ, જ્યાં નજર જાય ત્યાં મન, જ્યાં મન જાય ત્યાં ભાવ, અને જ્યાં ભાવ હોય ત્યાં જ રસની સર્જના થાય છે. આ શ્લોક બાળકોને શીખવે છે કે નૃત્ય ફક્ત શારીરિક પ્રક્રિયા નથી, પરંતુ શરીર, મન અને ભાવના સંકલનથી જન્મતો સૌંદર્ય અનુભવ છે.

**દૈવી પરિમાણ : નટરાજનું સ્મરણ :**

અભિનય દર્પણ નૃત્યના દૈવી સ્વરૂપનું વર્ણન એક અત્યંત લોકપ્રિય શ્લોક દ્વારા કરે છે -

आङ्गिकं भुनं यस्य, वाचिकं सर्व वाङ्मयम । आहार्यं चन्द्रतारादि, सात्तिकं च शिवं स्मरेत ॥

અર્થ - જેના આંગિક અભિનયમાં આખું ભુવન છે, જેના વાચિક અભિનયમાં સમસ્ત સાહિત્ય છે, જેનો

આહાર્ય અલંકાર ચંદ્ર-તારા છે અને જેના સાત્ત્વિક ભાવ શિવરૂપ છે, તેવા નટરાજનું સ્મરણ કરવું જોઈએ. આ શ્લોક દર્શાવે છે કે શાસ્ત્રીય નૃત્યમાં બ્રહ્માંડ સાથેનો આધ્યાત્મિક સંવાદ સમાયેલો છે.

**કથક નૃત્ય અને બાળ વિકાસ :**

કથક ઉત્તર ભારતની અનોખી શાસ્ત્રીય નૃત્યશૈલી છે, જેનું મૂળ વાર્તાકથનમાં છે. કથક શબ્દનું મૂળ 'કથા' એટલે કે વાર્તા પરથી આવેલું છે. 'કથા' એટલે વાર્તા અને શરૂઆતમાં 'કથક' શબ્દનો અર્થ વાર્તા કહેતો વ્યાસ અથવા વાર્તાકાર હતો. પછી આ જ વાર્તાકથન કરતી શૈલી નૃત્ય સ્વરૂપે વિકસીને શાસ્ત્રીય નૃત્યશૈલી - કથક બની. આજના સમયમાં 'કથક' શબ્દનો અર્થ વાર્તારૂપી અભિનય, લય અને પદન્યાસથી ભરપૂર શાસ્ત્રીય નૃત્યશૈલી થાય છે. કથકના મુખ્ય ઘટકો છે - થાટ, ટુકડા, પરણ, આમદ, કવિત્ત, ઠૂમરી - જે વાર્તાને લયબદ્ધ અભિવ્યક્તિ આપે છે. કથકમાં વાર્તાકથન મુખ્યત્વે શ્રીકૃષ્ણ લીલા, રાધા-કૃષ્ણ પ્રણય, મહાભારત અને રામાયણ પર આધારિત હોય છે. આ વાર્તાઓ બાળકોને સંસ્કૃતિ સાથે જોડે છે અને ભક્તિભાવ, સહાનુભૂતિ અને શૌર્ય જેવાં મૂલ્યો શીખવે છે.

ભારતના આઠ શાસ્ત્રીય નૃત્યોમાં કથક એક અનોખું સ્થાન ધરાવે છે. ઉત્તર ભારતમાંથી પ્રસારિત આ નૃત્યની મૂળભૂત ઓળખ જ તેના નામમાં છે - 'કથા' એટલે વાર્તા અને 'કથક' એટલે વાર્તા કહેતો નૃત્યકાર. કથકનું મૂળ મંદિર પરંપરામાં છે, જ્યાં કથાવાચકો શ્રીકૃષ્ણની લીલાઓ, રાધા-કૃષ્ણના પ્રણય પ્રસંગો અને મહાભારત-રામાયણની ગાથાઓને નૃત્ય સાથે રજૂ કરતા. સમય જતાં આ કલા રાજદરબારોમાં પણ પ્રસ્તુત થવા લાગી, પરંતુ તેની ભક્તિભાવના અને વાર્તાત્મક સત્ત્વ અખંડિત રહ્યું. કથકનું સૌંદર્ય તેની લયબદ્ધ પદન્યાસ, ત્વરિત ચક્કરો, મુદ્રાઓ અને અભિનયની સૂક્ષ્મતામાં છે. તેમાં થાટ, તોડા ટુકડા, પરન, આમદ, કવિત્ત અને ઠૂમરી જેવા ઘટકોનો સંગમ થાય છે. આ ઘટકો બાળક માટે અત્યંત પ્રેરક છે કારણ કે તે વાર્તા, સંગીત અને ભાવનાની ત્રિવેણી છે.

**'કવિત્ત' - કથકમાં વાર્તાકથન :**

ताल — तिनताल (१६ मात्राएँ)

जय जग वंदन केसरी नन्दन संकट मोचन महाबली।

धान धिकिट तक तान लिकिट पल में लंका पर कूद गये॥

सीता के दुख को दूर किये, तड़ातड़ लंका जरायो रामचन्द्र को काज सँवारयो

देख तुम्हारा अद्‌भुत बल शरश कोपे अवनी अम्बर॥

शिव शंकर अवतार सबल हे जयति महाकपिधोषी,

भूत बैताल नमत शीस आज प्रभु सुधि लो मेरी॥

આ કવિત્ત હનુમાનજીના વિરાટ વ્યક્તિત્વ અને તેમના અસાધારણ શૌર્યનું કલાત્મક વર્ણન કરે છે. 'केसरी नन्दन', 'संकट मोचन' અને 'महाबली' જેવાં વિશેષણો હનુમાનજીના પૌરાણિક ગુણોને રેખાંકિત કરે છે. કવિત્તની પંક્તિઓ હનુમાનજીના લંકાકાંડના પ્રસંગોને પ્રતિબિંબિત કરે છે, સીતાજીની પીડા દૂર કરવી, લંકા દહન કરવી અને રામચંદ્રજીના કાર્યમાં સહાય કરવી. કથક નૃત્યના પરિપ્રેક્ષ્યમાં આ કવિત્ત એક આદર્શ અભ્યાસ એકમ છે. તે બાળકને માત્ર પૌરાણિક વાર્તા જ નહીં, પણ લય, ભાવ અને અભિનયના સંકલનનો અનુભવ કરાવે છે. કવિત્તમાં આવતાં શબ્દસમૂહો (જેમ કે ''तड़ातड़ लंका जरायो'' નૃત્ય અભિનય દરમિયાન તીવ્ર ચક્કરો અને ઝડપભર્યા પદન્યાસો માટે પ્રેરક બની જાય છે, જ્યારે ''देख तुम्हारा अद्‌भुत बल'' જેવા શબ્દો આશ્ચર્ય અને ગૌરવભાવની અભિવ્યક્તિ પ્રસ્તુત કરે છે. કવિત્તના અભ્યાસ દ્વારા બાળકનાં લયબોધ, અભિનય અને સંસ્કાર તત્ત્વોનું ઘનિષ્ઠ સંવર્ધન શક્ય બને છે. શૈક્ષણિક દૃષ્ટિએ આ કવિત્ત નીચેનાં પરિમાણોમાં યોગદાન આપે છે :

1. કથકમાં લયની સમજણ સર્વોપરી છે. ત્રિતાલની 16 માત્રાઓની રચના બાળકને તાલ-ચક્રની ગણતરી શીખવાડે છે. પદન્યાસોની ગોઠવણી બાળકમાં લયબોધ, ગણતરી, અને એકાગ્રતાનો વિકાસ કરે છે.

2. ભાવાભિવ્યક્તિ કથકનું હૃદય છે. કાવ્યપંક્તિઓ, ભજન અને ઠુમરી દ્વારા બાળક પાત્રોમાં પ્રવેશી તેમની લાગણીઓને જીવી લે છે. આ પ્રક્રિયા બાળકની ભાવનાત્મક બુદ્ધિ (Emotional Intelligence) વધારે છે.

3. વાર્તાના પાત્રોને અભિનય દ્વારા રજૂ કરતી વખતે બાળક હનુમાનજીના ભક્તિભાવ અને શૌર્ય સાથે તાદાત્મ્ય અનુભવ કરે છે. આ અનુભવ તેના આંતરિક ભાવવિશ્વને સહાનુભૂતિ અને કરુણા તરફ દોરી જાય છે.

4. મુદ્રાઓ અને ચક્કરો દ્વારા કવિત્તનાં દશ્યો સર્જતી વખતે બાળક પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરે છે. આ પ્રક્રિયા તેની સર્જનાત્મક ચેતનાને પ્રેરિત કરે છે. આમ, કથક બાળકની સર્જનાત્મકતાને પોષે છે. મુદ્રાઓ દ્વારા વાર્તા કહેવાની કલ્પના, ચક્કર અને પદન્યાસોમાં નવીનતા લાવવાની ક્ષમતા, સંગીત સાથે અભિનયનો સંકલન બાળકની કલાત્મક ચેતનાને જાગૃત કરે છે.

5. કવિત્ત દ્વારા બાળકને રામકથા અને ભક્તિ પરંપરાનો પરિચય થાય છે, જે તેની સાંસ્કૃતિક ઓળખ મજબૂત કરે છે અને પરંપરાગત મૂલ્યો પ્રત્યે ગૌરવભાવ જગાડે છે.

કથક નૃત્ય બાળવિકાસ માટે એક સર્વગ્રાહી કલામાધ્યમ તરીકે પ્રગટ થાય છે. તેનાં પદન્યાસ અને ગતિશીલ ચક્કર બાળકોમાં સંતુલન, લવચીકતા અને શારીરિક સહનશક્તિનો વિકાસ કરે છે, જે શારીરિક આરોગ્ય માટે અનિવાર્ય છે. તાલચક્રોની ગણતરી અને વાર્તાત્મક અભિનય દ્વારા તેમની ગાણિતિક તથા ભાષાકીય બુદ્ધિ પ્રગટ થાય છે, જ્યારે પાત્રાભિનય તથા ભાવાભિવ્યક્તિ તેમના ભાવનાત્મક સંવેદનાને સમૃદ્ધ બનાવી સહાનુભૂતિ, કરુણા તથા આનંદની ભાવનાઓ વિકસાવે છે. સમૂહાત્મક પ્રસ્તુતિઓથી સહકાર, સંવાદ કુશળતા અને નેતૃત્વ ક્ષમતા વિકસે છે, જે તેમને સામાજિક રીતે જવાબદાર તથા સાંસ્કૃતિક રીતે જાગૃત બનાવે છે.

આ રીતે, કથક માત્ર એક શાસ્ત્રીય નૃત્યશૈલી નહીં, પરંતુ બાળમનમાં સર્જનાત્મકતા તથા મૂલ્યશિક્ષણનાં બીજ વાવતું એક પ્રબળ શૈક્ષણિક સાધન છે. આધુનિક શિક્ષણપદ્ધતિમાં કથકનું સંકલન બાળકોના સર્વાંગી વિકાસ સાથે સાથે ભારતીય સાંસ્કૃતિક ગૌરવના સંવર્ધનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

लयतालसमायुक्तं भावसौन्दर्यभूषितम्।
बालविकासाय कथकं सृजति मूल्यसम्पदम्॥

## વિશ્વના અનોખા કલાકારો

- **ફ્રીડા કાહલો : (Frida Kahlo)**

ફ્રીડા કાહલોનો જન્મ 6 જુલાઈ 1907માં મેક્સિકોમાં થયો હતો. તેઓ એક મેક્સિકન ચિત્રકાર હતાં તેવો પોર્ટ્રેટ સપોર્ટરેડ અને મેક્સિકોની પ્રકૃતિ અને કલાકૃતિઓથી પ્રેરિત કાર્ય માટે જાણીતાં હતાં. શ્રેણીના ચિત્રોમાં ઘણીવાર મજબૂત આત્મકથાત્મક તત્ત્વો અને કાલ્પનિકતા સાથે મિશ્ર વાસ્તવિકતા હતી. તેણી ક્રોનિક પીડાના તેના અનુભવ વિશે ચિત્રકામ કરવા માટે પણ જાણીતી હતી. બ્રહ્માંડ, પૃથ્વી (મેક્સિકો), ઘાયલ હરણ વગેરે તેમનાં નોંધપાત્ર કાર્યો હતાં.

- **ફર્નાન્ડ કોર્મોન : (Fernand Cormon)**

ફ્રાન્સના આ ઐતિહાસિક ચિત્રકારનું 'એટેલિયર કોર્મોન' (Atelier Cormon) એક મહત્ત્વપૂર્ણ કલા શૈક્ષણિક સંસ્થા હતી. જોકે તેમની પોતાની શૈલી પરંપરાગત હતી, પરંતુ તેમના સ્ટુડિયોમાં ઘણા ક્રાંતિકારી કલાકારોએ તાલીમ લીધી, જેમાં વિન્સેન્ટ વાન ગો (Vincent van Gogh) અને હેનરી ડી ટૂલુસ-લૉટ્રેક (Henri de Toulouse-Lautrec) જેવાં નામોનો સમાવેશ થાય છે. એક શિક્ષક તરીકે તેમણે વિદ્યાર્થીઓને પોતાની આગવી શૈલી વિકસાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

# આત્મરક્ષા માટેની પ્રાચીન કલા : માર્શલ આર્ટ



- ડૉ. વિપુલા વી. વાઘેલા
(આસિ. પ્રોફેસર,) શ્રી શારદાપીઠ આર્ટ્સ,
કોમર્સ એન્ડ કૉલેજ ઓફ એજ્યુકેશન,
દ્વારકા. મો. ૯૪૨૭૭૨૩૧૬૯

"The best Fighter is Someone who Never has to fight Because they control the Situation"
– Bruce Lee

માર્શલ આર્ટ એક લડાકુ અથવા આત્મરક્ષા માટેની શૈલી છે. પ્રાચીન સમયમાં લોકો તેને યુદ્ધકલા તરીકે વાપરતા. બ્રુસ લી (Bruce Lee) માર્શલ આર્ટના બાદશાહ માનવામાં આવે છે. માર્શલ આર્ટ દ્વારા આત્મરક્ષા, શારીરિક તાલીમ, રમત અને આત્મ અનુશાસનનો ઉપયોગ કેવી રીતે થાય તે શીખવા મળે છે. રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા-પ્રશિક્ષણ વર્ષ 2017-18 થી રાજ્યની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓની 10 લાખ જેટલી કન્યાઓને આત્મરક્ષા પ્રશિક્ષણ આપવામાં આવે છે.

**ભારતમાં માર્શલ આર્ટની સૂચિ :**

કલારીપાયટ્ટુ (કેરલ), લાઠી ખેલ (પંજાબ, બંગાળ, મહારાષ્ટ્ર તેમજ ઉત્તર ભારત), સિલંબમ (તામિલનાડુ), મર્દાની ખેલ (મહારાષ્ટ્ર), પરી ખંડા (બિહાર), ગટકા (પંજાબ), થાંગ-તા તેમજ સરિત સારક (મણિપુર), કાથી સામુ (આંધ્ર પ્રદેશ), પાઈકા અખાડા (ઓડિશા), થોડા (હિમાચલ પ્રદેશ), સ્ક્વે (કશ્મીર) વગેરે ઘણી બધી માર્શલ આર્ટ ક્લાઓ છે. જે NEP 2020નો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ પ્રદાન કરવાનો છે. જેમાં માર્શલ આર્ટ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

1. કલારીપાયટ્ટુ એક એવી માર્શલ આર્ટ છે, જેમાં શસ્ત્રો અને લડાયક યુક્તિઓનો સમાવેશ થાય છે. જે ભારત માટે અનોખી છે. 'કલારી' શબ્દનો અર્થ સંસ્કૃતમાં 'યુદ્ધક્ષેત્ર' થાય છે. ભારતીય માર્શલ આર્ટ્માં, કલારીપાયટ્ટુ તેના લાંબા ઈતિહાસ માટે જાણીતું છે. એવું માનવામાં આવે છે કે તેનો ઉદ્દભવ 3,000 વર્ષ પહેલા કેરળમાં થયો હતો. દંતકથા અનુસાર, તેની ઉત્પત્તિ ભગવાન પરશુરામે કરી હતી. તે ભારતની સૌથી જૂની ટકી રહેલી લડાયક કલા હોવાનું કહેવાય છે. તે વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક તેમજ સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ કલા છે. તેનું મહત્ત્વ ફક્ત સ્વ બચાવ જ નથી, પરંતુ વિદ્યાથીઓમાં શારીરિક તંદુરસ્તી, માનસિક વિકાસ, શિસ્ત, ધ્યાન કેન્દ્રિત તેમજ આધ્યાત્મિક વિકાસ પણ થઈ શકે છે. સાથે સાથે સ્વ-બચાવ માટે અનોખી કળા છે.

**શારીરિક લાભ :**

- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓની શારીરિક શક્તિ, લચીલાપન અને તેમની સહનશક્તિમાં સુધારો થાય છે.
- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણ વિદ્યાર્થીઓમાં સભાનતા, શારીરિક સંતુલન અને સમન્વય સાધવામાં મદદરૂપ થાય છે, જેનાથી દૈનિક ગતિવિધિઓમાં સુધાર આવે છે.
- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓને આયુર્વેદનું જ્ઞાન પણ મળે છે, જે શરીરના 108 મહત્ત્વપૂર્ણ બિંદુઓનો ઉપયોગ કરીને રોગો, ઈજાઓના નિવારણ અને સારવારમાં મદદ રૂપ થાય છે.

**માનસિક લાભ :**

- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓમાં એકાગ્રતા અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં વધારો થાય છે.
- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓમાં શારીરિક પ્રવૃત્તિ અને સભાનતાને કારણે માનસિક તણાવમાં

ઘટાડો થાય છે. તેમજ આત્મ નિયંત્રણ અને ભાવાત્મક સંતુલનને પ્રોત્સાહન મળે છે.

- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓમાં આત્મ વિશ્વાસ અને આત્મ સન્માનમાં વધારો થાય છે.

**આધ્યાત્મિક લાભ :**

- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક વિકાસ, આત્મજાગૃતતા, અંતરજ્ઞાન તથા જ્ઞાનમાં વધારો થાય છે.
- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી આંતરિક શાંતિ, સદ્દભાવ તેમજ દિવ્યતાનો અનુભવ થાય છે.

**સામાજિક અને સાંસ્કૃતિક મહત્ત્વ :**

- કલારીપાયટ્ટુ કેરલની કલા તથા સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે.
- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણથી વિદ્યાર્થીઓમાં રંગમંચ, નૃત્ય તેમજ સ્વસ્થતાની આત્મ અભિવ્યક્તિ થાય છે.
- કલારીપાયટ્ટુ પ્રશિક્ષણ વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક વિરાસતના સંરક્ષણમાં યોગદાન આપે છે.

2. **લાઠી ખેલ :** લાઠી ખેલ જેને લાઠી ખેલા તરીકે પણ ઓળખવામાં આવે છે. તે બંગાળની એક પરંપરાગત માર્શલ આર્ટ છે જે સ્વ-બચાવ અને શક્તિનું પ્રતીક છે. તે માત્ર એક માત્ર રમત જ નથી, પરંતુ બંગાળની સંસ્કૃતિ અને પરંપરાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

**લાઠી ખેલનું મહત્ત્વ :**

- લાઠી ખેલ વિદ્યાર્થીઓની આત્મરક્ષા માટે, જેમાં શારીરિક કૌશલ્ય તેમજ યુદ્ધ કલા શીખવા માટે ઉપયોગી થાય છે.
- લાઠી ખેલ દ્વારા શારીરિક કસરત પણ થાય છે. જે વિદ્યાર્થીઓમાં સહનશક્તિ, ચપળતા અને માંસપેશીઓને મજબૂત કરે છે.
- લાઠી ખેલ બંગાળની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતનું અભિન્ન અંગ છે. જેનાથી વિદ્યાર્થીઓમાં એકતા, સહયોગ, સાંસ્કૃતિક જાગૃતિ તેમજ સામાજિક જવાબદારીઓનો વિકાસ થાય.
- લાઠી ખેલ મનોરંજનનું એક લોકપ્રિય સ્વરૂપ છે. જે વિદ્યાર્થીઓને સક્રિય તેમજ પરિશ્રમી રહેવામાં મદદરૂપ થાય છે.
- લાઠી ખેલ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વ-શિસ્ત, એકાગ્રતા અને માનસિક શક્તિનો વિકાસ થાય છે.

આધુનિક સમયમાં લાઠી રમતમાં ઘટાડો જોવા મળે છે. પરંતુ પૂર્વી ભારત અને બંગાળની ગ્રામીણ સંસ્કૃતિમાં લાઠી ખેલનું મહત્વનું સ્થાન છે. હવે સમય આવી ગયો કે તેને જાળવવા આ પ્રકારના માર્શલ આર્ટને પ્રોત્સાહિત કરવામાં આવે વિદ્યાર્થીઓને આ કલાનું શિક્ષણ આપવામાં આવે તો ભારત તેની સમૃદ્ધ આર્ટ કલાને વિશ્વ ફલક પર પ્રદર્શન કરી શકે. હાલની પરિસ્થિતિ એવી છે કે આ માર્શલ આર્ટ સ્વરૂપના ખૂબ ઓછા વ્યવસાયકારો બચ્યા છે. જે ગામડાઓ અને અન્ય વિસ્તારો લાઠી ખેલાનું કેન્દ્ર હતા, ઈન્દ્રનીલ બંદોપાધ્યાય જેવા લોકો ફક્ત કલાને જીવંત રાખવા માટે જ નહીં પરંતુ તેને પુનર્જીવિત કરવા માટે પણ શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે.

**માર્શલ આર્ટના ફાયદાઓ :**

- માર્શલ આર્ટમાં વિદ્યાર્થીઓ સ્વ બચાવ કરતાં શીખે છે.
- માર્શલ આર્ટથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે.
- માર્શલ આર્ટ પ્રશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વનું કૌશલ્ય કેળવાય છે.
- માર્શલ આર્ટ દ્વારા વિદ્યાર્થીઓના ચારિત્ર્યનો વિકાસ થાય છે.
- માર્શલ આર્ટ દ્વારા વિદ્યાર્થીઓની સ્વ- શિસ્તને પ્રોત્સાહન મળે છે.
- માર્શલ આર્ટ વિદ્યાર્થીઓની નિયમિત શારીરિક પ્રવૃત્તિને કારણે સ્વાસ્થ્ય સંબંધિત તંદુરસ્તી જળવાઈ રહે છે.

# તણાવ વ્યવસ્થાપન અને કળા ઉપચાર



- ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી
અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર
શ્રીમતી બી.સી.જે.કૉલેજ ઓફ એજ્યુકેશન
એમ.એડ્., ખંભાત. મો. ૯૮૯૮૪૯૧૩૪૭

તણાવ એટલે 'શારીરિક, માનસિક, અથવા ભાવનાત્મક તાણ' છે. જ્યારે કોઈ વ્યક્તિની માંગણીઓ તેના વ્યક્તિગત અને સામાજિક સંસાધનોને એકત્રિત કરવાની તેની ક્ષમતા કરતાં વધી જાય છે ત્યારે તણાવ ઉદ્દભવે છે. તણાવ એ જીવનનો એક સર્વવ્યાપી ભાગ છે, જે આપણા દરેક પર અલગ-અલગ રીતે અસર કરે છે. તે પરિવર્તન અથવા કોઈ સમસ્યા પ્રત્યે શરીરની સામાન્ય પ્રતિક્રિયા છે. વધુ પડતો તણાવ, ખાસ કરીને જો લાંબા સમયથી ચાલતો હોય, તો તે માનસિક સ્વાસ્થ્ય અને એકંદર સુખાકારીને અસર કરી શકે છે.

લાંબા સમયથી ચાલતો તીવ્ર તણાવ એ એક ચિંતાજનક સ્વાસ્થ્ય સમસ્યા છે, જે થાક, ચિંતા અને નબળી રોગપ્રતિકારક શક્તિનું કારણ બને છે. તે વ્યક્તિના માનસિક, ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને શારીરિક સ્વાસ્થ્ય પર ખૂબ નકારાત્મક અસર કરી શકે છે માટે એવા તણાવનું વ્યવસ્થાપન કરવું જરૂરી બને છે.

વ્યક્તિ ખૂબ તણાવમાં છે કે નહીં તે કેવી રીતે જાણી શકાય? તો તે માટેનાં સામાન્ય લક્ષણો નીચે મુજબ છે. જેવાકે,

- ઊંઘની રીતો બદલાઈ જવી, જેમકે અનિદ્રા; વ્યક્તિ હંમેશાં થાક અનુભવે.
- લાંબા સમય સુધી ઉદાસીન અને હતાશ રહેવું, બીજાઓથી અલગ રહેવું,એકલા રહેવું
- તરત ઉશ્કેરાઈ જવું, ચીડિયાપણું, અથવા બેચેન થવું, અથવા ત્રણેય
- ભૂખમાં ફેરફાર, વધુ ખાવું કે ઓછું ખાવું
- વારંવાર તણાવ, માથાનો દુખાવો અનુભવવો
- ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થ, અવ્યવસ્થિત, સતત ચિંતાતુર અને અતિશય થાકેલા રહેવું
- પાચન સમસ્યાઓ જેમકે છાતીમાં બળતરા, કબજિયાત, અથવા ઝાડા
- હાઈ બ્લડપ્રેશર અને ધબકારા વધવા
- રોગપ્રતિકારક શક્તિ ઓછી થવાને કારણે વારંવાર શરદી અને ચેપ લાગે છે, સાથે સાથે સ્વસ્થ થવામાં પણ વિલંબ થાય છે.
- વ્યક્તિના સાંધા અને પીઠમાં દુખાવો અને તીવ્ર દુખાવો અનુભવવો

આજના સમયમાં ચિંતાજનક બાબત એ છે કે મોટેરાઓની સાથે-સાથે નાનાં બાળકોથી લઈ તરુણોમાં પણ તનાવનું પ્રમાણ આશ્ચર્યજનક રીતે વધુ જોવા મળી રહ્યું છે. તેની પાછળનાં કારણો અનેક છે જેમકે એકલું બાળક, ટૅક્નોલૉજીનો વધુ પડતો ઉપયોગ, વિભક્ત કુટુંબ, દરેક ક્ષેત્રમાં વધતી જતી હરીફાઈ અને સંતોષનો અભાવ, વગેરે.

સદ્નસીબે, સંશોધન એ વાતને સમર્થન આપે છે કે કળા તણાવ ઘટાડવા, સમાધાન શોધવા અને તેનું નિયમન કરવાની સાથે સાથે માનસિક સ્વાસ્થ્યને સુધારવા અને ટેકો આપવા માટે સરળતાથી સુલભ અને અત્યંત અસરકારક માધ્યમ પ્રદાન કરી શકે છે.

સુસાન મેગ્સામેન અને આઈવી રોસ તેમના પુસ્તક 'યોર બ્રેઈન ઓન આર્ટ : હાઉ ધ આર્ટ્સ ટ્રાન્સફોર્મ અસ'માં દર્શાવે છે કે, 'આપણા તણાવને દૂર કરવો એ ખોરાક ખાવા, પાણી પીવા અને ઊંઘવા જેટલું જ મહત્ત્વપૂર્ણ છે. અને, આ ક્ષણોમાં, જો તમે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણો છો, તો કળા અને સૌંદર્ય શાસ્ત્ર મોટો ફરક લાવે છે. કળાને એક એવી પ્રવૃત્તિ તરીકે વિચારો જે તમારી શારીરિક સ્થિતિ, ભાવનાત્મક સ્થિતિને બદલી નાખે છે અને તમારી માનસિક સુખાકારીને વધારે છે.' (પૃષ્ઠ ૨૮)

તણાવ ઘટાડવા માટે કળામાં જોડાવું આનંદપ્રદ પણ છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ હળવાશને પ્રોત્સાહન આપે છે, ધ્યાનમાં મદદ કરી શકે છે, જીવનનાં તણાવપૂર્ણ પરિબળોથી તમારા મનને દૂર કરી શકે છે, સ્વ-સંભાળમાં સંતોષકારક ભૂમિકા ભજવી શકે છે અને ગર્વ અને સિદ્ધિની ભાવના પ્રદાન કરી શકે છે. આ માટે કળા ઉપચાર(આર્ટ થૅરપી) ખૂબ અગત્યનો ભાગ ભજવે છે જેમાં વિવિધ કળાઓના માધ્યમથી બાળકો, મોટેરાઓમાં તણાવને દૂર કરવા માટે પ્રયાસ કરવામાં આવે છે અને જેનું પરિણામ મોટાભાગના કિસ્સાઓમાં હકારાત્મક મળે છે

કળાઓ અને તેનાં સ્વરૂપોને વ્યાપક રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી છે અને તેનો અનુભવ અનેક સ્વરૂપોમાં થઈ શકે છે. જેમકે, નૃત્ય, કોલાજ, ચિત્રકામ, શિલ્પકામ, ઢોલ વગાડવું, માટીકામ, ગાયન, ફોટોગ્રાફી, વાદ્ય વગાડવું, રંગકામ, અભિનય, બોલચાલની ભાષા, લેખન, બાગકામ, ગૂંથણકામ, કવિતા, સીવણ, વાર્તાકથન, વણાટ, ચિત્રકામ, રસોઈ વગેરે.

કળા ઉપચારમાં ઉપરમાંથી કોઈ એક કે વધુ કળાઓનો ઉપચાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

નીચે કેટલીક કળાઓ અને તેની પ્રવૃત્તિઓ અંગે દર્શાવવામાં આવેલ છે જે માનસિક સ્વાસ્થ્ય સુધારવા અને તણાવ ઘટાડવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.

આમ, બાળકોના એકંદર સુખાકારીને પ્રોત્સાહન આપવામાં કળા ઉપચાર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપચારાત્મક પદ્ધતિ બાળકો,યુવાન અને મોટેરાઓમાં ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને સામાજિક વિકાસને વધારવા માટે સર્જનાત્મક અભિવ્યક્તિનો ઉપયોગ કરે છે.

**બાળકો માટે આર્ટ થૅરપીને સમજવી :**

આર્ટ થૅરપી મનોવિજ્ઞાન અને કળા તકનીકોને જોડે છે જેથી બાળકોને તેમની લાગણીઓ વ્યક્ત કરવામાં મદદ મળે. આ અભિગમ તેમને શબ્દો નિષ્ફળ જાય ત્યારે દૃશ્ય માધ્યમો દ્વારા વાતચીત કરવાની મંજૂરી આપે છે. આર્ટ થૅરપિસ્ટ તાલીમ પામેલા વ્યાવસાયિકો છે જે બાળકોને તેમની લાગણીઓ અને જીવનના અનુભવોનું પ્રગટીકરણ કરવા માટે ચિત્રકામ, રંગકામ અને શિલ્પકામ જેવાં વિવિધ કળા સ્વરૂપોનો ઉપયોગ કરવામાં માર્ગદર્શન આપે છે.

**આર્ટ થૅરપીનો ઇતિહાસ અને ઉત્ક્રાંતિ :**

કળા ઉપચારની ઉત્પત્તિ 20મી સદીની શરૂઆતમાં થઈ હોય તેમ માનવામાં આવે છે જ્યારે મનોવૈજ્ઞાનિકોએ ક્લિનિકલ સેટિંગ્સમાં કળાની ઉપચારાત્મક સંભાવનાને સમજવાનું શરૂ કર્યુ. શરૂઆતમાં, તેનો ઉપયોગ મુખ્યત્વે પુખ્ત વયના લોકો માટે થતો હતો. જોકે, સમય જતાં, ધ્યાન બાળકો તરફ વળ્યું, તે ઓળખીને કે સર્જનાત્મક અભિવ્યક્તિ તેમના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક જરૂરિયાતોને નોંધપાત્ર રીતે લાભ આપી શકે છે.

આ ક્ષેત્ર વર્ષોથી વિકસિત થયું છે, જેમાં વિવિધ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો અને પ્રથાઓનો સમાવેશ થાય છે. બાળકો દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ મનોવૈજ્ઞાનિક અને વિકાસલક્ષી પડકારો માટે કળા ઉપચારને હવે અસરકારક પદ્ધતિ તરીકે વ્યાપકપણે ઓળખવામાં આવે છે.

**બાળકો માટે આર્ટ થૅરપીના ફાયદા :**

બાળકોના સ્વાસ્થ્ય માટે કળા ઉપચારના અનેક ફાયદા છે. આ ફાયદાઓને ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને સામાજિક પાસાંઓમાં વર્ગીકૃત કરી શકાય છે. ભાવનાત્મક પાસામાં લાગણીઓની અભિવ્યક્તિ, તણાવ રાહત, આત્મસન્માન વધારવું, જ્ઞાનાત્મક વિકાસમાં સર્જનાત્મકતામાં વધારો, સમસ્યાનું નિરાકરણ કૌશલ્ય સુધારવું, ઉત્તમ મોટર કૌશલ્ય વિકસાવવું તથા સામાજિક કૌશલ્યોમાં વાતચીતને પ્રોત્સાહન આપવું, સહાનુભૂતિ કેળવવી, વર્તનનું સંચાલન કરવું જેવી બાબતોનો સમાવેશ થાય છે.

બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને વિકાસને ટેકો આપવા માટે આર્ટ થૅરપી એક આવશ્યક સાધન છે. સર્જનાત્મક અભિવ્યક્તિની શક્તિનો ઉપયોગ કરીને, તે બાળકોને તેમની લાગણીઓનું પ્રગટીકરણ કરવા અને વિકાસ કરવા માટે એક સુરક્ષિત સ્થાન પૂરું પાડે છે.

**ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્ય લાભો :**

કળા ઉપચાર બાળકો માટે અસંખ્ય ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે. સર્જનાત્મક અભિવ્યક્તિમાં જોડાવાથી બાળકના એકંદર સુખાકારી પર નોંધપાત્ર અસર પડી શકે છે. જેમકે,

૧. **લાગણીઓની અભિવ્યક્તિ** : આર્ટ થેરાપી બાળકોને એવા વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવાની મંજૂરી આપે છે જે તેમને મૌખિક રીતે વ્યક્ત કરવામાં મુશ્કેલી પડી શકે છે. વિવિધ કળા સ્વરૂપો જેમકે ચિત્રકામ,પેઇન્ટિંગ, શિલ્પ અથવા કોલાજ દ્વારા, તેઓ સુરક્ષિત વાતાવરણમાં ઉદાસી, ગુસ્સો અને આનંદ જેવી જટિલ લાગણીઓ વ્યક્ત કરી શકે છે. આ પ્રક્રિયા તેમની લાગણીઓને સમજવા અને પ્રદર્શિત કરવામાં મદદ કરી શકે છે. પરિણામ સ્વરૂપ તેમનામાં તણાવ,હતાશા દૂર થાય છે, લાગણીઓની બાહ્ય અને સકારાત્મક સ્વ-અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે છે.

૨. **તણાવમાં રાહત અને હળવાશ :** કળા પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી બાળકો માટે તણાવ દૂર થઈ શકે છે. સર્જનાત્મક પ્રક્રિયા જેવી કે ચિત્રકામ, રંગકામ તેમને હાથમાં રહેલા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપે છે, જેનાથી મન પર શાંત અસર થાય છે. આ માનસિક બાબત ચિંતા દૂર કરવામાં અને હળવાશની ભાવના પ્રદાન કરવામાં મદદ કરે છે.

૩. **આત્મસન્માન અને આત્મવિશ્વાસનું નિર્માણ** : કળા ઉપચાર બાળકના આત્મસન્માન અને આત્મવિશ્વાસમાં વધારો કરી શકે છે. કળાના કાર્યને પૂર્ણ કરવાથી સિદ્ધિ અને ગર્વની ભાવના મળે છે. ચિકિત્સકો અને સંભાળ રાખનારાઓ તરફથી સકારાત્મક મજબૂતીકરણ બાળકની તેમની ક્ષમતાઓમાં વિશ્વાસને વધુ મજબૂત બનાવી શકે છે.

લાગણીઓના પ્રગટીકરણ, તણાવ રાહત અને આત્મસન્માનમાં વધારો દ્વારા, કળા ઉપચાર બાળકોના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્યને ટેકો આપવા માટે એક મૂલ્યવાન સાધન તરીકે કામ કરે છે.

**જ્ઞાનાત્મક અને વિકાસલક્ષી લાભો :**

કળા ઉપચાર બાળકો માટે નોંધપાત્ર જ્ઞાનાત્મક અને વિકાસલક્ષી ફાયદા પ્રદાન કરે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવાથી તેમના વિકાસના વિવિધ પાસાઓ પર સકારાત્મક અસર પડી શકે છે, જેમાં સર્જનાત્મકતા વધારવી, સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતામાં સુધારો કરવો અને ક્રિયાત્મક કુશળતા વિકસાવવાનો સમાવેશ થાય છે.

૧. **સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિમાં વધારો** : આર્ટ થૅરપીમાં ભાગ લેવાથી બાળકોની સર્જનાત્મક વિચારસરણી અને કલ્પનાશક્તિ ઉત્તેજિત થાય છે. વિવિધ માધ્યમો અને તકનીકોનો ઉપયોગ કરીને, બાળકો તેમના વિચારો અને લાગણીઓને અનન્ય રીતે વ્યક્ત કરવાનું શીખે છે. અભિવ્યક્તિનું આ સ્વરૂપ તેમને આઉટ ઑફ બોક્સ (કંઈક હટકે) વિચારવા અને મૌલિક વિચારો વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

૨. **સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતામાં સુધારો** : કળા ઉપચાર બાળકની સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતામાં પણ વધારો કરી શકે છે. જેમ જેમ તેઓ વિવિધ કળાસ્વરૂપોનો પ્રયોગ કરે છે, તેમ તેમ બાળકો વિવિધ પડકારોનો સામનો કરે છે જેમાં વિવેચનાત્મક વિચારસરણી અને નિર્ણય લેવાની જરૂર પડે છે. જેમકે ગ્રૂપ આર્ટ પ્રોજેક્ટ્સ, અમૂર્ત કળા પડકારો, સહયોગી ભીંતચિત્રો, સર્જનાત્મક વાર્તાકથન.આ પ્રક્રિયાઓ તેમને દૃઢતા, અનુકૂલનક્ષમતા અને વિશ્લેષણાત્મક કુશળતા વિકસાવવામાં મદદ કરે છે.

૩. **ક્રિયાત્મક કૌશલ્યનો વિકાસ** : કળા-પ્રવૃત્તિઓ ક્રિયાત્મક કૌશલ્ય વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ

ભૂમિકા ભજવે છે. જ્યારે બાળકો કટિંગ, ચિત્રકામ અથવા પેઇન્ટિંગ જેવાં કાર્યોમાં વ્યસ્ત રહે છે, ત્યારે તેઓ તેમના હાથ-આંખ સંકલન અને કુશળતાને સુધારે છે. આ કુશળતા રોજિંદા કાર્યો અને શૈક્ષણિક પ્રદર્શન માટે મૂળભૂત છે.

**સામાજિક અને વર્તણૂકીય લાભો :**

આર્ટ થૅરપી બાળકો માટે નોંધપાત્ર સામાજિક અને વર્તણૂકીય ફાયદાઓ પ્રદાન કરે છે, જે તેમની વાતચીત કરવાની, સંબંધો બનાવવાની અને લાગણીઓનું સંચાલન કરવાની ક્ષમતામાં વધારો કરે છે.

૧. **વાતચીત અને સામાજિક કૌશલ્યોને પ્રોત્સાહન આપવું** : આર્ટ થૅરપી બાળકોને પોતાને વ્યક્ત કરવા માટે બિન-મૌખિક માધ્યમ પૂરું પાડે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા, તેઓ એવા વિચારો અને લાગણીઓ વ્યક્ત કરી શકે છે જે વ્યક્ત કરવા મુશ્કેલ હોઈ શકે છે. આ પ્રક્રિયા વાતચીત કૌશલ્યને સરળ બનાવે છે, જેનાથી બાળકો સાથીદારો અને ચિકિત્સકો સાથે જોડાઈ શકે છે, આમ સામાજિક ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહન મળે છે.

૨. **સહાનુભૂતિ અને સમજણ કેળવવી** : આર્ટ થૅરપીમાં ભાગ લેવાથી બાળકોને વિવિધ દૃષ્ટિકોણને સમજવા અને પ્રશંસા કરવાની મંજૂરી આપીને સહાનુભૂતિ વિકસાવવામાં મદદ મળે છે. સહયોગી પ્રોજેક્ટ્સમાં ભાગ લઈને, તેઓ અન્યની લાગણીઓને ધ્યાનમાં લેવાનું શીખે છે, સમુદાય અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે. આમ કળા, બાળકોને પોતાની અને અન્યની લાગણીઓને ઓળખવામાં અને તેમની સાથે સંબંધ બાંધવામાં મદદ કરે છે, બાળકો બીજાના દ્રષ્ટિકોણથી પરિસ્થિતિઓ જોવાનું શીખે છે.

૩. **વર્તન અને લાગણીઓનું સંચાલન** : કળા ઉપચાર વર્તન અને લાગણીઓના નિયમનમાં મદદ કરી શકે છે. સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા, બાળકો તેમની લાગણીઓને ઓળખવાનું અને સામનો કરવાની વ્યૂહરચના વિકસાવવાનું શીખે છે, જે ભાવનાત્મક સ્થિતિસ્થાપકતામાં સુધારો લાવી શકે છે.

કળા ઉપચારને તેમના જીવનમાં સમાવિષ્ટ કરીને, બાળકોને સામાજિક અને વર્તણૂકીય રીતે ફાયદો થાય છે, અન્ય લોકો સાથે જોડાવાની અને તેમની લાગણીઓને અસરકારક રીતે નેવિગેટ કરવાની તેમની ક્ષમતામાં વધારો થાય છે.

**બાળકોના જીવનમાં આર્ટ થૅરપીનો સમાવેશ :**

બાળકોની દિનચર્યામાં આર્ટ થૅરપીનો સમાવેશ કરવાથી તેમના એકંદર સુખાકારીમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ ફાયદાકારક પદ્ધતિનો પરિચય કરાવવા, સહાયક વાતાવરણ બનાવવા અને આ ક્ષેત્રના વ્યાવસાયિકો સાથે સહયોગ કરવાની ઘણી રીતો છે.

**આર્ટ થૅરપી રજૂ કરવાની રીતો :**

આર્ટ થૅરપીનો પરિચય વિવિધ સેટિંગ્સમાં કરી શકાય છે, જેમકે ઘર, શાળાઓ અથવા સમુદાય કેન્દ્રો. અહીં કેટલીક અસરકારક પદ્ધતિઓ છેઃ જેમકે, ઘરે કળા પ્રવૃત્તિઓમાં માતાપિતા બાળકોને ચિત્રકામ, ચિત્રકામ અથવા હસ્તકળા જેવા સરળ કળા પ્રોજેક્ટ્સમાં સામેલ કરી શકે છે. સામગ્રી પૂરી પાડવાથી સર્જનાત્મકતા અને અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે છે.

શાળા કાર્યક્રમોમાં શાળાઓ વર્કશોપ અથવા સમર્પિત આર્ટ થૅરપી વર્ગો દ્વારા તેમના અભ્યાસક્રમમાં આર્ટ થૅરપીનો સમાવેશ કરી શકે છે. સમુદાય કેન્દ્રો /સ્થાનિક સંસ્થાઓ બાળકો માટે આર્ટ થૅરપી વર્કશોપનું આયોજન કરી શકે છે, જેથી તેઓ કળા દ્વારા તેમની લાગણીઓનું અન્વેષણ કરતી વખતે સાથીદારો સાથે વાતચીત કરી સલામત અને સહાયક વાતાવરણ બનાવવું.

# બાળકને કળાશિક્ષણ પ્રત્યે અભિમુખ બનાવવાની રીતો



- ડૉ. ફાલ્ગુની આર. રાઠોડ
સિસોદ્રા (ગ.વ) કન્યા શાળા
તા. જિ. નવસારી
મો. ૯૪૨૮૩૮૦૧૭૪

બાળક એ એક કુમળો છોડ છે. એને જેમ વાળો એમ વળે. નાનપણથી જ એની અંદર સારા સંસ્કારો કે સારી સારી ટેવોનો સમાવેશ કરવામાં આવે તો એ બાળક આગળ જતાં એના જીવનને ખૂબ સારી રીતે જીવી શકે. નાનપણથી જ બાળકની અંદર રહેલી અગણિત ક્ષમતાઓને જાણીને એને એ દિશામાં એક નવો વળાંક આપી એને નિખારવા માટે કળા શિક્ષણ અનેક રીતે ઉપયોગી છે. બાળકો એ જન્મજાત એક કુદરતી કલાકાર છે. બાળપણથી બાળક પ્રકાશ અને પડછાયા, આકાર અને રંગની આંતરક્રિયામાં આનંદ માણતો હોય છે. જેમ જેમ બાળકો વિકાસ પામે છે, તેમ તેમ તેઓ દ્દશ્ય અને સ્પર્શેન્દ્રિયને જોડે છે. ઢોળાયેલા અનાજમાં રમવું, દરિયા કિનારે રેતીનું શિલ્પ બનાવવું, આંગળીઓથી ચિત્રકામ કરવું અને ક્રેયોન્સથી લખવું આ બધું એ કરતાં થાય છે. તેઓ સૂર્યપ્રકાશના પેચમાં પડછાયા બનાવે છે અને પેટર્ન બનાવવા માટે લાકડીઓ મૂકે છે. આવી વસ્તુઓમાંથી એમના રસનો અનુભવ પૂરો પડે છે. આગળ જતાં આજ વસ્તુઓ થકી બાળકો કળાત્મક દિશામાં ડગ ભરવા માંડે છે. બાળકોને કળા શિક્ષણ પ્રત્યે અભિમુખ કરવા માટે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે તો કળા શિક્ષણ વધારે સારી રીતે શીખી શકે.જેના વિશે નીચે પ્રમાણે પ્રયત્નો કરી શકાય.

બાળકોને કળાનાં વિવિધ સ્વરૂપો જેવાં કે ચિત્રકામ, સંગીત, નૃત્ય, થિયેટર, વગેરેથી અવગત કરવામાં આવે તો એમની પસંદ નાપસંદનો ખ્યાલ આવી શકે. દરેક માતાપિતા,વાલી કે શિક્ષકોએ બાળકની રસ રુચિ જાણી એને એ કળામાં નિપુણ બનાવવા માટેના બનતા તમામ પ્રયત્નો કરવા જોઈએ. બાળકોની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવી એમાં પારંગત કરવા એમને હરહંમેશ એમની પડખે ઊભા રહેવું જોઈએ.

શાળામાં જયારે બાળક દાખલ થાય ત્યારે તે બાળકનું સતત અવલોકન કરતાં રહી એને જે કળામાં રસ હોય તે કરવા માટે એક શિક્ષક તરીકે એની અંદરની ક્ષમતાઓને બહાર લાવવામાં પૂરેપૂરું યોગદાન આપવું જરૂરી છે. શાળામાં કળાને લગતા તાસ ફાળવણી કરી એમની શક્તિઓને જાગૃત કરી એમને એમાં નવું નવું શીખવાની તક પૂરી પાડવી.

વિવિધ કળા પ્રદર્શનોની મુલાકાતનું આયોજન ગોઠવવામાં આવે તો બાળક ત્યાં જઈને પ્રત્યક્ષ અનુભવ દ્વારા શીખવા માટે પ્રેરાય છે.

શાળામાં વિવિધ કળા આધારિત પ્રવૃત્તિઓની હરીફાઈનુ આયોજન કરવામાં આવે જેથી બાળક એમાં ભાગ લઈને એમાં વિજેતા બની આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી શકે.

સંગીતકળા પ્રત્યે અભિમુખ કરવા વિવિધ વાજીંત્રો, વિવિધ રાગોનો ખ્યાલ આપવામાં આવે. સંગીત શિક્ષક દ્વારા બાળકની ગાયીકી ઉપર  વિશેષ ધ્યાન આપી એને સતત મહાવરો કરાવી એના જ્ઞાનમાં વૃદ્ધિ કરવામાં આવે.

ચિત્રકળા શીખવા માટે પ્રકૃતિની સમીપે લઈ જઈ બાળકોને અવલોકન કરતાં કરવા. વિવિધ રંગોના મિશ્રણ તૈયાર કરી કેનવાસ ઉપર ચિત્રો દોરવાનો સતત પ્રયાસ ચાલુ રાખવા પ્રેરણા પૂરી પાડવી.

ઘણાં બાળકોની અભ્યાસમાં રુચિ ઓછી હોય છે જયારે એમને નૃત્ય કરવામાં એકદમ તાલાવેલી હોય છે. એમને નૃત્યકળા દ્વારા એમની અંદરના સર્જકને બહાર લાવવા માટે એમને વિવિધ ફિલ્મી ગીતો કે નોન ફિલ્મી ગીતો ઉપર નૃત્ય કરવાનો અવસર પ્રદાન કરવો. શાળાના

સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જે બાળક નૃત્ય કરવાનું શોખીન હોય તેને જ તે ભાગ લેવડાવવો જોઈએ.

બાળકોને કલા-સામગ્રીની સુલભતા મળી રહે એ માટે રંગો, બ્રશ, કાગળ વગેરે જેવી કલા સામગ્રીની સુલભતા આપવી જોઈએ, જેથી તેઓ તેમની સર્જનાત્મકતા સારી રીતે વ્યક્ત કરી શકે.

કળાશિક્ષણ બાળકોના ભાવનાત્મક વિકાસમાં પણ અગત્યનો ફાળો આપે છે, તેમને તેમની લાગણીઓને વ્યક્ત કરવામાં અને તેનું સંચાલન કરવામાં મદદ કરે છે. એ માટે બાળકોને કળા પ્રત્યે અભિમુખ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

કોઈ બાળક સાહિત્ય પ્રત્યે વિશેષ રુચિ ધરાવતો હોય તો તેમને કાવ્ય, વાર્તા લેખન કરવા માટે પ્રોત્સાહિત કરવો. કવિતાલેખન માટે પ્રાસની ગોઠવણ, છંદની જાણકારી, ગીત કાવ્યની રચના વગેરે વિશે માહિતી આપી એમને કાવ્યલેખન કરવા માટે તૈયાર કરવા. વાર્તાલેખન માટે પુસ્તકાલયમાં વિવિધ બાળવાર્તાઓની પુસ્તક અને વાર્તાઓનાં પુસ્તકો વાંચવા માટે આપી એમની લેખન કળાને વિકસાવી ભવિષ્યમાં સારા લેખક બનવા માટે તૈયાર કરવા પર વિશેષ ધ્યાન આપવું.

કલાશિક્ષણ બાળકોને કલા અને સંસ્કૃતિનાં વિવિધ સ્વરૂપો પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવામાં મદદ કરે છે. બાળક સર્જનશીલ સર્જક બની ભવિષ્યમાં એક ઉત્તમ કળાકૃતિઓ નિર્માણ કરે છે.

બાળકોને તેમના કળાત્મક પ્રયાસોમાં પ્રોત્સાહન અને ટેકો આપી, તેમનો આત્મવિશ્વાસ વધારવામાં આવે અને તેમની કુશળતા વિકસાવવામાં મદદ કરવામાં આવે તો તેઓની કળાત્મક શક્તિનો ઝડપી વિકાસ થાય છે.

બાળકમાં કળાત્મક કૌશલ્યો વિકસાવવામાં મદદ કરવા માટે તેમને ચિત્રકામ, શિલ્પકામ, સંગીત, કંપોઝ વગેરે જેવા કળા પ્રોજેક્ટ્સ શાળામાં આપવામાં આવે તો તેઓ એ પ્રોજેક્ટ કરવામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને ખૂબ સુંદર દેખાવ કરી શકે.

બાળકોને કલાશિક્ષણમાં રસ કેળવવા માટે પ્રોત્સાહિત કરીને, આપણે તેમની સર્જનાત્મક ક્ષમતા વિકસાવવામાં, આત્મવિશ્વાસ વધારવામાં અને કલા પ્રત્યે આજીવન કદર કેળવવામાં મદદ કરી શકીએ છીએ.

બાળકોને તાલુકા અને જિલ્લા કક્ષાના કલા ઉત્સવ અને કલા મહાકુંભમાં ભાગ લેવડાવી એમની અંદરની સર્જનશીલતાને બહાર લાવી એમને એમના કળાક્ષેત્રમાં પ્રગતિ કરતાં કરી શકાય.

કળાશિક્ષણ બાળકમાં વ્યક્તિગત અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે, જેનાથી બાળકો તેમના વિચારો અને લાગણીઓને તેમની કલાકૃતિ દ્વારા શોધી શકે છે.

કળાશિક્ષણ વડે વિશ્વભરની વિવિધ કળાત્મક પરંપરાઓ અને પ્રથાઓનો સંપર્ક કરવામાં આવે છે, જેના થકી વિદ્યાર્થીઓ વિવિધ સંસ્કૃતિઓ અને દૃષ્ટિકોણથી માહિતગાર થાય છે.

કળાશિક્ષણમાં  રસ વધતા તે અન્ય સાક્ષરી વિષયો જેવા કે ઇતિહાસ, સાહિત્ય અને વિજ્ઞાન સાથે જોડાણ કરી શકે છે. જેના કારણે આંતરશાખાકીય શિક્ષણમાં વધારો કરે છે. જે એમને જ્ઞાનનાં વિવિધ ક્ષેત્રો વચ્ચે જોડાણ બનાવે છે.

કળાશિક્ષણ વિદ્યાર્થીઓને કળાનાં વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દી માટે તૈયાર કરી શકે છે, જેમાં આગળ જતાં તેઓ કલાકારો, ચિત્રકાર,નૃત્યકાર, નાટ્યકાર, સાહિત્યકાર જેવી ભૂમિકાઓમાં જોવા મળે.

વિદ્યાર્થીઓને વિવિધ સામગ્રી અને તકનીકોનો ઉપયોગ કરીને કળાશિક્ષણ માટે પ્રાયોગિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો આ વ્યવહારુ અનુભવ એમના ખ્યાલોને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

બાળકોને મૌલિક સર્જન કરવા માટે શાળા કક્ષાએ યોગ્ય વાતાવરણ નિર્માણ કરી એમને એમની ગતિએ એમની મનપસંદ કળામાં આગળ વધવા માટે અવકાશ પૂરો પાડવો.

જુદી જુદી કળામાં નિપુણ વ્યક્તિઓ વિશે ટૅક્નોલૉજીના માધ્યમથી વાકેફ કરાવી બાળકને કળા પ્રત્યે અભિમુખ કરી શકાય.

# નાટક અને કલા દ્વારા અસરકારક શિક્ષણ



- ડૉ. ખુશ્બૂ ગરાળા
ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કૂલ
યોગ કોચ, જૂનાગઢ
મો. ૯૪૦૯૧૮૧૬૩૮

કલ્પના કરો કે પાઠ્યપુસ્તકોને બદલે વિદ્યાર્થીઓ કાલ્પનિક મંચ પર પગ મૂકે છે. તેમને નાટકીય સંવાદો અને પ્રવૃત્તિઓ દ્વારા અભિવ્યક્તિ કરવાની તક મળે છે. તેવી જ રીતે, એક એવી દુનિયાની કલ્પના કરો જ્યાં કલા એ દીવાલ પરનું ચિત્ર નથી, પરંતુ ઈતિહાસ, લાગણીઓ અને સંસ્કૃતિઓને સમજવા માટેનું દ્વાર છે. તે પરંપરાગત શિક્ષણની સીમાઓથી આગળ વધે છે તે એક નિમજ્જન પ્રવાસ છે. તદુપરાંત, તે માનવીય અભિવ્યક્તિના સૌથી ઊંડાણને સ્પર્શે છે.

શિક્ષણમાં નાટક અને કલા એ માત્ર અભ્યાસેતર પ્રવૃત્તિઓ નથી. તેના બદલે, તેઓ સર્જનાત્મકતા, સહાનુભૂતિ અને બૌદ્ધિક વૃદ્ધિ વિકસાવવા માટેનાં શક્તિશાળી સાધનો છે. આ સાથે અમૂલ્ય જીવનકૌશલ્યો શીખતી વખતે વિદ્યાર્થીઓ તેમની કલ્પનાની સીમાઓનું અન્વેષણ કરે છે. તો ચાલો શિક્ષણમાં નાટક અને કળાની ઉત્પત્તિમાં ઊંડા ઊતરીએ. ઉપરાંત, તેમના સમૃદ્ધ ઐતિહાસિક મૂળને ઉજાગર કરીએ જે સમયાંતરે ખૂબ વિસ્તરેલ છે. ઉપરાંત, આજે પણ આધુનિક શિક્ષણમાં કલા અને નાટક શા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે તેનાં કારણોનું અન્વેષણ કરીએ.

**શિક્ષણમાં નાટક અને કલા શું છે?**

શિક્ષણમાં ડ્રામાનો અર્થ છે વિદ્યાર્થીઓના શીખવાના અનુભવને વધારવા માટે ભૂમિકા ભજવવા અને સુધારણા જેવી નાટકીય તકનીકોનો ઉપયોગ થાય છે. વધુમાં, નાટકમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓને તેમની લાગણીઓ, સંચાર કૌશલ્ય અને સર્જનાત્મક અભિવ્યક્તિનું અન્વેષણ કરવાની તક મળે છે. ડ્રામા સહાનુભૂતિ, વિવેચનાત્મક વિચારસરણી અને ટીમ વર્કને પ્રોત્સાહન આપે છે, જે તેને મૂલ્યવાન શૈક્ષણિક સાધન બનાવે છે.

શિક્ષણમાં કલાની ભૂમિકા સર્જનાત્મક અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપોને સમાવે છે. કેટલીક વિઝ્યુઅલ આર્ટ્સ, સંગીત, નૃત્ય વગેરે વિદ્યાર્થીઓને કલ્પનાશીલ વિચારસરણી અને ઉત્તમ કૌશલ્ય વિકસાવવા પ્રોત્સાહિત કરે છે. ઉપરાંત, સૌંદર્ય શાસ્ત્ર દ્વારા વિચારોનો સંચાર કરે છે. કલા શિક્ષણ સ્વ-અભિવ્યક્તિ, સાંસ્કૃતિક સમજણ અને સમસ્યાનું નિરાકરણ કરી વિદ્યાર્થીના વિકાસને પ્રોત્સાહન આપે છે. વધુમાં, તે સારી રીતે વિદ્યાર્થીઓનું પાલનપોષણ કરે છે. જેથી તેઓ કલા અને સંસ્કૃતિની દુનિયામાં યોગદાન આપી શકે છે.

**શિક્ષણમાં નાટક અને કલાની જરૂરિયાત :**

નીચે કેટલાંક કારણો છે જે શિક્ષણમાં નાટક અને કલાનું મહત્ત્વ સમજાવે છે :

1. **સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે :** નાટક અને કલા વિદ્યાર્થીઓને બોક્સની બહાર વિચારવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પ્રવૃત્તિઓ સ્વ-અભિવ્યક્તિ, કલ્પના અને નવીનતા માટેનું પ્લૅટફોર્મ પૂરું પાડે છે. તેઓ સર્જનાત્મક સમસ્યા હલ કરવાની કુશળતાના વિકાસને પણ પ્રોત્સાહન આપે છે.
2. **સંદેશાવ્યવહારને સુધારે :** નાટક અને કલામાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓને વધુ સારા સંવાદકર્તા બનવામાં મદદ મળે છે. વધુમાં, તેઓ વિચારો, લાગણીઓ અને વાર્તાઓને અસરકારક રીતે વ્યક્ત કરવાનું શીખે છે.
3. **સાંસ્કૃતિક સમજ :** વિદ્યાર્થીઓને વિવિધ સંસ્કૃતિનાં વિવિધ નાટકીય અને કલાસ્વરૂપોથી પરિચિત થવાની તક મળે છે. આ વિદ્યાર્થીઓને

વિવિધતા અને માનવીય અભિવ્યક્તિની ઊંડી સમજ મેળવવામાં મદદ કરે છે. ઉપરાંત, તે સાંસ્કૃતિક જાગૃતિ અને સહાનુભૂતિને પ્રોત્સાહન આપે છે.

4. **ભાવનાત્મક બુદ્ધિ** : નાટક અને કલા વિદ્યાર્થીઓને તેમની પોતાની અને અન્યની લાગણીઓને સમજવા અને સમજવામાં મદદ કરે છે. આ ભાવનાત્મક બુદ્ધિ સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ અને તંદુરસ્ત સંબંધો બનાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

5. **વિવેચનાત્મક વિચારસરણી** : કલા અને નાટકનું વિશ્લેષણ અને સર્જન કરવા માટે જટિલ વિચારસરણીની કુશળતા જરૂરી છે. વિદ્યાર્થીઓ કલાત્મક અને નાટ્યાત્મક કાર્યોની તપાસ, અર્થઘટન અને માહિતગાર નિર્ણયો લેવાનું શીખે છે, જેનાથી બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન મળે છે.

6. **આત્મવિશ્વાસ નિર્માણ** : અન્યની સામે આર્ટવર્કનું પ્રદર્શન અથવા પ્રદર્શન કરવાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ અને આત્મસન્માન વધે છે. જ્યારે તેઓ તેમની સર્જનાત્મકતાને પ્રશંસા પામતાં જુએ છે ત્યારે તેઓ સિદ્ધિની લાગણી અનુભવે છે.

7. **સ્ટ્રેસ રિડક્શન** : પેઈન્ટિંગ, ડ્રોઈંગ, એક્ટિંગ અથવા મ્યુઝિક જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવું એ વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક પ્રવૃત્તિ તરીકે સેવા આપી શકે છે. ઉપરાંત, તે તેમને તાણ અને ચિંતાનું સંચાલન કરવામાં મદદ કરે છે.

8. **ટીમવર્ક અને સહયોગ** : નાટકમાં ટીમવર્કનો સમાવેશ થાય છે, તેથી વિદ્યાર્થીઓ સાથે મળીને નાટકો બનાવે છે અને કરે છે. એ જ રીતે, સહયોગી કલા પ્રોજેક્ટ્સ સામૂહિક રીતે કામ કરવાનું અને અન્યના યોગદાનને મૂલવવાનું શીખવે છે.

9. **કારકિર્દીની તકો** : હા, નાટક અને કળા મનોરંજન ઉદ્યોગમાં કારકિર્દી બનાવવામાં મદદ કરે છે. તેમ છતાં, આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ વ્યાવસાયિક કારકિર્દી માટે મૂલ્યવાન હોઈ શકે છે.

10. **સર્વગ્રાહી શિક્ષણ** : નાટક અને કળા શૈક્ષણિક વિષયોથી આગળ, સારી રીતે સર્વાંગી શિક્ષણમાં ફાળો આપે છે. શૈક્ષણિક જ્ઞાનની સાથે, આ વિદ્યાર્થીઓનું સંવર્ધન કરે છે અને ભાવનાત્મક, સામાજિક અને સાંસ્કૃતિક બુદ્ધિને પ્રોત્સાહન આપે છે.

ટૂંકમાં, શિક્ષણમાં નાટક અને કળાનો હેતુ કલાકારોને તૈયાર કરવાનો નથી. તેના બદલે, આ રચનાત્મક, સહાનુભૂતિશીલ અને વિવેચનાત્મક વિચારકો જેવા સર્વાંગી વ્યક્તિત્વનો વિકાસ કરે છે. તદુપરાંત, આ વિદ્યાર્થીઓના શૈક્ષણિક અનુભવને સમૃદ્ધ બનાવે છે. આમ, નાટક અને કલા દ્વારા અસરકારક શિક્ષણ પ્રસ્થાપિત કરી શકાય છે.

## વિશ્વના એક અનોખા કલાકાર

**થોમસ હાર્ટ બેન્ટન : (Thomas Hart Benton)**

થોમસ હાર્ટ બેન્ટન એક અમેરિકન ચિત્રકાર હતા અને તેમણે 'આર્ટ સ્ટુડન્ટ્સ લીગ ઓફ ન્યૂયોર્ક' (Art Students League of New York)માં ઘણાં વર્ષો સુધી શિક્ષણ આપ્યું. તેમના સૌથી પ્રખ્યાત શિષ્ય જેક્સન પોલોક હતા, જે પાછળથી અમૂર્ત અભિવ્યક્તિવાદના પિતા તરીકે ઓળખાયા. બેન્ટનની શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓને અવલોકન કરવાની અને તેમની આસપાસના સમાજને કલામાં દર્શાવવા માટે પ્રોત્સાહિત કરતી હતી.

આ કલા શિક્ષકોએ કલાને એક જીવંત પ્રવાહ તરીકે જોયો, જે સમાજ અને સંસ્કૃતિ સાથે બદલાતો રહે છે. તેમનું કાર્ય ફક્ત શિક્ષણ પૂરતું સીમિત નહોતું, પરંતુ કલાના ક્ષેત્રમાં નવી વિચારધારા અને ક્રાંતિ લાવવા માટે પણ હતું.

# બાળકના ઉછેરમાં કળા : સંશોધન સારાંશ



- પારસ ટી. વાઘેલા
મદદનીશ પ્રાધ્યાપક, સૂરજબા કૉલેજ
ઑફ એજ્યુ. જિ. મહેસાણા ૩૮૨૭૧૫
મો. ૮૭૮૦૬૧૦૩૦૪

બાળકના ઉછેરમાં કળા એ માત્ર રંગો, આકારો કે સંગીતની વાત નથી; તે તો બાળકને 360 ડિગ્રી સંપૂર્ણ ઉપયોગી એવી સંવેદનશીલ રીત છે. કળા બાળકને માત્ર વ્યક્તિત્વ ખીલવવાનું માધ્યમ નથી આપતું, પરંતુ તેના વિચારો, લાગણીઓ અને સંબંધોને ઘડવાનું શક્તિશાળી સાધન છે. માતા-પિતાઓ માટે આ એક સોનેરી તક છે કે તેઓ બાળકના હૃદય અને મન વચ્ચેનો નાજુક પુલ મજબૂત કળાશિક્ષણ દ્વારા મજબૂત કરે, શિક્ષકો માટે તે શૈક્ષણિક પ્રક્રિયાને જીવંત બનાવવાનું અસરકારક માધ્યમ છે, અને નીતિ નિર્માતાઓ માટે ભવિષ્યના સંસ્કારી, સંવેદનશીલ અને સર્જનાત્મક નાગરિકોની રચના કરવાની ઉત્કૃષ્ટ દિશા છે.

આ લેખમાં ગુજરાતથી લઈને વિશ્વ સુધીનાં સંશોધનોને આવરી લીધાં છે. જે કળાશિક્ષણની સફરમાં માર્ગદર્શક બનીને બતાવે છે કે કેવી રીતે કળા એ બાળઉછેરનો આત્મા બની શકે છે.

બાળઉછેરમાં કળાશિક્ષણ અંગે સંશોધનો શું કહી રહ્યા છે?

ભારત તેમજ પરદેશના વિવિધ પ્રાંતોમાં થયેલા અસરકારક સંશોધનો વર્ષોથી આ વાતને મજબૂત કરે છે કે કળાશિક્ષણ બાળકના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ચિત્રકામ, સંગીત, નૃત્ય, નાટક જેવી કળાત્મક પ્રવૃત્તિઓ બાળમનમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને નવીન વિચારશક્તિને પ્રોત્સાહન આપે છે. આવાં સંશોધનો દર્શાવે છે કે કળા આધારિત શિક્ષણ માત્ર શૈક્ષણિક વિકાસને સુધારવા પૂરતું જ નથી, પરંતુ બાળકોમાં આત્મવિશ્વાસ, સંવેદનશીલતા, સંવાદક્ષમતા અને સહકાર ભાવનાનું નિર્માણ પણ કરે છે, જે બાળઉછેરમાં શીખવાની પ્રક્રિયાને વધુ રસપ્રદ, અર્થપૂર્ણ અને જીવનસંબંધિત બનાવે છે.

અહીં, કેટલાંક મહત્ત્વપૂર્ણ સંશોધનો છે, જે બાળ ઉછેરમાં કળાશિક્ષણ વિષયક પર થયાં છે. તેનાં પરિણામો શું આવ્યાં અને તેમાંથી શું શીખવા જેવું છે તેની ઝલક જોઈએ.

**1. 2021 – Global Systematic Review (Physical-Digital Play with Indian Subsample)**

AR/Interactive પ્લૅટફૉર્મ સાથે બાળકોને કળા-આધારિત રમતો માટે એકીકૃત કરતો અભ્યાસ.

**નિષ્કર્ષ**: AR/Interactive પ્લૅટફૉર્મ પર કળા-કળાકૃતિ રમતાં બાળકોમાં વિચારશીલતા અને self-regulation વધુ વિકસે છે.

આથી સ્પષ્ટ થાય છે કે ટૅક્નોલૉજી અને કળાનું સંયોજન શૈક્ષણિક તેમજ વ્યક્તિગત વિકાસમાં સહાયક બની શકે છે.

**2. 2022 – Ahmedabad Preschools (Visual Arts Impact Study)**

આ સંશોધનમા 4–6 વર્ષની વયનાં બાળકોમાં દૈનિક ચિત્રકામની પ્રથા શું અસર પાડે છે, તેને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો.

**નિષ્કર્ષ**: નિયમિત દૃશ્ય-કળા કાર્ય (painting/drawing)થી ભાષાની સ્પષ્ટતા અને કલ્પનાત્મક વિચારશક્તિ, બંનેમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.

તે દર્શાવે છે કે પ્રારંભિક વયમાં સર્જનાત્મક તેમજ કળાત્મક પ્રવૃત્તિઓ ભાષા અને વિચારશક્તિના પાયા મજબૂત કરે છે.

**3. 2022 – Educational NGO, Rural Schools (Robotics + Storytelling Workshops)**

આ સંશોધનમા ગ્રામીણ શાળાઓમાં વર્કશોપ :

સ્ટોરી ટેલિંગ સાથે રોબોટિક મોડ્યુલોનો ઉપયોગ કરવામાં આવ્યો.

**નિષ્કર્ષ**: બાળકોમાં ક્રિટિકલ થિંકિંગ અને સર્જનાત્મક પ્રોબ્લેમ-સોલ્વિંગ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થયો.

આવા સંયુક્ત અભિગમો STEM શિક્ષણમાં પણ સર્જનાત્મકતા ઉમેરે છે.

**4. 2022 – Saturday Art Class, Mumbai (Low-income Schools)**

આ સંશોધન વંચિત સમુદાય દ્વારા સંચાલિત આર્ટ કાર્યક્રમો પર આધારિત છે.

**નિષ્કર્ષ** : આવા કળા-વર્ગોમાં જોડાયેલાં બાળકોમાં આત્મ-અભિવ્યક્તિ અને શાળાકીય જોડાણમાં સ્પષ્ટ સુધારો જોવા મળ્યો છે.

આથી સાબિત થાય છે કે કળા સામાજિક અવરોધોને પાર કરવામાં પણ અનેરું યોગદાન પૂરું પાડે છે.

**5. 2022 – Indian Primary Schools (Creative Dance Pedagogy)**

આ સંશોધન પ્રાથમિક શાળાઓમાં સર્જનાત્મક નૃત્ય શિક્ષણમાં institutional project આધારિત અભ્યાસ છે.

**નિષ્કર્ષ**: નિયમિત ક્રિયા પ્રધાન, નૃત્ય સંતુલન, શૈક્ષણિક ધ્યાન અને જૂથ કામગીરીમાં વૃદ્ધિ લાવે છે.

આ પ્રકારની શારીરિક-કળાત્મક પ્રવૃત્તિઓ શરીર અને મન વચ્ચેનું સંકલન મજબૂત કરે છે.

**6. 2022 – Ohio State University (Thesis on Art Education & Executive Function)**

આ સંશોધન યુ.એસ.માં કરાયેલ આર્ટ-બેઝ્ડ અભ્યાસ પર આધારિત છે.

**નિષ્કર્ષ**: કળાના અભ્યાસ પછી બાળકોમાં working memory અને cognitive flexibility જેવા executive functionમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.

તે દર્શાવે છે કે કળા જટિલ માનસિક કાર્યક્ષમતાઓ માટે પણ અસરકારક સાધન બની શકે છે.

**7. 2023 – Vadodara Children (Dance & Rhythm Program)**

આ સંશોધન વડોદરાના નૃત્ય એકેડેમી દ્વારા 6–8 વર્ષનાં બાળકોમાં નૃત્ય અને તાલ આધારિત તાલીમનો પ્રયોગ છે.

**નિષ્કર્ષ**: રિધમ અને નૃત્યના માર્ગ ને ધ્યાનમાં રાખીને આગળ-વધતાં બાળકોમાં શારીરિક સંયમ વધ્યો, ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા મજબૂત બની અને જૂથ ચર્ચામાં સહકાર વધ્યો.

આ પરિણામો શાળામાં શિસ્ત અને ટીમવર્ક માટે પણ ફાયદાકારક સાબિત થાય છે.

**8. 2023 – Shoolini University, HP (Art Therapy for Emotional Wellbeing)**

આ સંશોધન શાળાની ક્લિનિકલ પરિસ્થિતિમાં આર્ટ-થૅરપીની અસરનું મૂલ્યાંકન છે.

**નિષ્કર્ષ**: આર્ટ-થૅરપીથી માઈલ્ડથી મધ્યમ માનસિક તણાવ અને ચિંતા ઘટાડવામાં મદદ મળી; ઘણાં બાળકો ચિત્ર દ્વારા પોતાના અનુભવો અભિવ્યક્ત કરતાં થયાં.

આથી કળા ભાવનાત્મક-આરોગ્ય (આર્ટ-થૅરપી) માટે પ્રાકૃતિક અને અસરકારક ઉપચાર બની શકે છે.

**9. 2023 – Participatory Design Lab, Delhi (Empathy & Design Games)**

આ સંશોધન ડિઝાઈન ગેમ્સ દ્વારા સહાનુભૂતિ અને વિચારવિમર્શમાં સુધારો કેવી રીતે થાય છે તેના પર આધારિત છે.

**નિષ્કર્ષ**: બાળકો ડિઝાઈન ગેમ્સમાં રસપૂર્વક જોડાય છે, જેના દ્વારા સક્રિય રીતે વિચાર રજૂ કરવાની અને સમજાવવાની ક્ષમતા વિકસે છે.

તેથી શિક્ષણમાં સહાનુભૂતિ અને સહકારનાં મૂલ્યો વિકસાવી શકાય છે.

**10. 2023 – Delhi University, Visual Art in ECCE**

આ સંશોધન ECCE (Early Childhood Care and Education)માં visual arts (દૃશ્યકળા) પ્રવૃત્તિઓનો અભ્યાસ છે.

**નિષ્કર્ષ**: દૃશ્યકળાએ બાળકોમાં comprehension, vocabulary અને concentration સુધારે છે.

આથી ECCEમાં કળાનો સમાવેશએ શીખવાની પ્રક્રિયામાં મજબૂત પાયો પૂરો પાડે છે.

**11. 2023–Swiss RCT (Visual Arts vs Music)**

આ સંશોધન સ્વિટ્ઝર્લૅન્ડમાં દૃશ્યકલા અને સંગીતના પ્રભાવનો નિયંત્રિત અભ્યાસ છે.

**નિષ્કર્ષ:** દૃશ્યકળા તાલીમથી attention અને planning ક્ષમતામાં ખાસ સકારાત્મક અસર જોવા મળી.

તે દર્શાવે છે કે દૃશ્યકળા ઉચ્ચ કક્ષાની આયોજન ક્ષમતાઓ વિકસાવવા માટે સહાય રૂપ છે.

**12. 2024 – Rajkot Art Center & Primary Schools (Craft-Based Storytelling)**

આ પ્રયોગ રાજકોટમાં હસ્તકલા સાથે વાર્તાવાચન સાથે સંકળાયેલ છે.

**નિષ્કર્ષ:** બુનિયાદી શાળામાં બાળકોનાં વાર્તાત્મક દૃષ્ટિકોણ અને visual-thinking કુશળતા ઝડપથી વિકસાવી શકાય છે. આ અભિગમ સર્જનાત્મક લેખન અને પ્રેઝન્ટેશન કૌશલ્યમાં પણ વધારો લાવે છે.

**13. 2024 – Frontiers in Psychology (Kindergarten Art Activities Study)**

આ સંશોધન પૂર્વ-શાળાત્મક બાળકોમાં શિક્ષક-આધારિત કળાકૃતિ પ્રવૃત્તિઓનો અભ્યાસ છે.

**નિષ્કર્ષ:** શિક્ષક-આધારિત કળાકૃતિ પ્રવૃત્તિઓથી બાળકોની સર્જનાત્મક અભિવ્યક્તિ, ભાવનાત્મક અને self-regulation ઝડપથી સુધરે છે.

આથી સ્પષ્ટ થાય છે કે કળા આધારિત શિક્ષણ ભાવનાત્મક બુદ્ધિ માટે પાયાની ભૂમિકા ભજવે છે.

બાળકના ઉછેરમાં કળાનું સ્થાન માત્ર શોખ કે સમય-વિતાવવા માટેનું સાધન નથી, પરંતુ તે બાળકના માનસિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસનો પાયો છે. ગુજરાતથી લઈ વિદેશ સુધી થયેલાં સંશોધનો સ્પષ્ટ દર્શાવે છે કે સંગીત, ચિત્રકલા, નૃત્ય, નાટ્ય, વાર્તાલિખન જેવી કળાત્મક પ્રવૃત્તિઓ બાળકને માત્ર આનંદ નથી આપતી, પરંતુ તેમની કલ્પનાશક્તિ, સંવેદનશીલતા અને આત્મવિશ્વાસને ગહન રીતે મજબૂત બનાવે છે. કળા, શિક્ષણ અને ઉછેર વચ્ચેનો આ સુમેળ બાળકને જીવનના પડકારો સામે વધુ સંવેદનશીલ, લવચીક અને આત્મનિર્ભર બનાવે છે.

આથી, શિક્ષકો, માતા-પિતાઓ, બાળ-પરામર્શદાતાઓ, બાળ સંસ્થાઓ અને સંશોધકોએ મળીને એવી શૈક્ષણિક અને ઘરેલુ પરિસ્થિતિ રચવી જોઈએ જ્યાં કળા માત્ર એક વિષય નહીં, પરંતુ ઉછેરનો અવિભાજ્ય હિસ્સો બની રહે. બાળકના ભવિષ્યના મજબૂત પાયા માટે કળાને ઉછેરના કેન્દ્રમાં સ્થાન આપવું એ હવે વિકલ્પ નહીં, પરંતુ અનિવાર્ય જવાબદારી છે.

"જ્યાં કળા મળે, ત્યાં સર્જનશીલતા ફૂટી નીકળે."

## સ્થાપત્ય કળા

મકાનો, નગરો, રાજમહેલો, કૂવાઓ, કિલ્લાઓ, દરવાજાઓ, છતરડીઓ, ચબૂતરાઓ, ઝરૂખાઓ, ઘુમ્મટો, મિનારા, મંદિરો, મકબરાઓ, સ્મારકો, સ્તંભો વગેરનું બાંધકામ સ્થાપત્ય કલાનાં ઉદાહરણો છે. આ ભવનો કે ઈમારતો બાંધવામાં પૂર્વ આયોજન કરીને તે મુજબ રેતી, માટી, ચૂનો, પથ્થર, સિમેન્ટ વગેરેનો ઉપયોગ થાય છે. ગુપ્તયુગના સમયગાળાનાં સ્થાપત્યોમાં અજંટા, સિંધમાં મીરપુર, સારનાથ અને નાલંદાનાં સ્થાપત્યો પ્રસિદ્ધ છે. પંજાબના સપ્તસિંધુના પ્રદેશમાં વિકસેલી સિંધુખીણની સંસ્કૃતિના અવશેષો સૌપ્રથમ હડપ્પા પાસેથી મળી આવ્યા હોવાથી આ સંસ્કૃતિને હડપ્પીય સંસ્કૃતિ કહે છે.સિંધ(અત્યારે પાકિસ્તાન)ના લારખાના જિલ્લામાં અવશેષો મળ્યા એ પરથી મોહેંજો-દડોનાં મકાનો ઊંચા ઓટલા પર બાંધવામાં આવેલાં કે જેથી નદીઓનાં પૂર અને ભેજથી તે બચી શકે. પ્રાચીન ભારતનાં નગરોમાં મુખ્ય સ્થાપત્ય કળાનો ઉપયોગ થયેલો છે. મૌર્યયુગ દરમિયાન ભારતમાં બૌદ્ધ ધર્મના સ્તૂપો, વિહારો, ચૈત્યો. સ્તંભલેખો અને શિલાલેખોની સ્થાપત્યકલાનો વિકાસ થયો. ગુપ્તકાલીન ગુફા-સ્થાપત્યો મનુષ્યે બનાવેલાં સૌંદર્યધામો ગણાય છે.

# પૂતળીકળા :
# એક સાંસ્કૃતિક ધરોહર



- હિતેશકુમાર બ્રહ્મભટ્ટ
વાલ્લા પ્રાથમિક શાળા,
તા. નડિયાદ, જિ.ખેડા
મો. ૯૮૯૮૫૯૭૩૩૫

હાલની ટેક્નોલૉજીના હાઈ-ફાઈ યુગમાં આપણી ગૌરવવંતી અનેક કળાઓ લુપ્તતાના આરે છે. જેમાં નટ બજાણિયા,રામલીલા,બહુરૂપી,ભવાઈ કળા અને પૂતળી કળા મુખ્ય છે, જેમાંની એક પૂતળી કળાનો પરિચય અને અગત્ય જાણીએ. આપણા દેશમાં સદીઓથી પૂતળી કળાનો ઉપયોગ થતો આવ્યો છે.ભારતની લોકસંસ્કૃતિમાં આ પૂતળીકળાની વિશેષ ઝલક દેખાય છે. જેમાં કલાકાર કાપડ, લાકડું, માટી અથવા અન્ય સામગ્રીથી બનાવેલ પૂતળીઓને હલાવીને જીવંત પાત્રોનો અભિનય કરે છે. ભારતમાં પૂતળીકળાનો ઇતિહાસ હજારો વર્ષો જૂનો છે.

1. પહેલાંવહેલાં અશ્વઘોષના કાળમાં આ પૂતળી-કળાની વાત આવે છે.
2. ભારતમાં વાલ્મીકિ રામાયણના સમયમાં છાયા નાયક તરીકે કઠપૂતળીનો ઉલ્લેખ જોવા મળે છે.
3. પ્રાચીન સમયમાં ભૂતપ્રેત કે મંત્ર-તંત્ર માટે ભૂવાઓ પણ કઠપૂતળીનો ઉપયોગ કરતા હતા.
4. પ્રાચીન ગ્રંથો,મંદિર શિલ્પો અને ભીંતચિત્રોમાં પણ પૂતળી નાટકોનો ઉલ્લેખ જોવા મળે છે.
૫. વિશ્વમાં સૌથી પ્રાચીન એ આંધ્રપ્રદેશની છાયા પૂતળી (SHADOW PUPPET) ગણાય છે.ઘેટા કે ભેંસના ચામડામાંથી અવનવા આકારમાં તે બનાવી પાત્રોને અનુરૂપ રંગપૂરણી કરી તેના વિવિધ અવયવો દોરીથી ગાંઠ મારીને સફેદ પડદાની પાછળ ચલાવવામાં આવે છે.
6. તેના માધ્યમથી ધાર્મિક પ્રસંગો - જેમાં ખાસ કરીને રામાયણ મહાભારતના પ્રસંગો ભજવવામાં આવે છે.
7. મદ્રાસ અને મલબારના કાંઠે દસ્તાના પૂતળી (GLOVE PUPPET)ખૂબ જાણીતી છે.જ્યારે ઓરિસ્સા અને રાજસ્થાનમાં કઠ પૂતળી(STRING PUPPET)નું આગવું સ્થાન છે.
8. દક્ષિણ ભારતમાં 'કોટડી બક્ષનપ્પા' નામના વિદ્વાને સૌ પ્રથમ ઈ.સ.1820માં એક એવી શાળાની સ્થાપના કરી કે જેમાં બધા જ વિષયો માત્ર આ પૂતળીકળા દ્વારા જ ભણાવવામાં આવતા હતાં.આ શાળા ઈ.સ. 1920 સુધી અસ્તિત્વ ધરાવતી હતી.આ ઉપરથી પૂતળીકળાનો વિશેષ મહિમા જાણી શકાય છે.
9. હાલ આ પૂતળીકળાના સૌથી વધુ કલાકારો પશ્ચિમ બંગાળના કલકત્તામાં જોવા મળે છે.
10. રાજસ્થાનના ઉદયપુરમાં લોકકલા-મંડળ આયોજિત પૂતળી સંગ્રહાલય છે, તે દરરોજ મુલાકાતીઓ સમક્ષ કઠપૂતળીના ખેલ કરે છે.
11. ભારતની ભવ્ય સંસ્કૃતિરૂપી પૂતળીકળાની ઓળખ રક્ષા કરતી શૈક્ષણિક સંસ્થા એટલે સાંસ્કૃતિક સ્રોત અને પ્રશિક્ષણ કેન્દ્ર - જેનું ટૂંકું નામ સી.સી.આર.ટી.છે.આ સંસ્થાનું વડું મથક નવી દિલ્હીમાં આવેલું છે.
12. ગુજરાતમાં હાલ અમદાવાદમાં 'દર્પણ અકાદમી' નામની સંસ્થામાં શ્રીમતી મલ્લિકા સારાભાઈ પૂતળી કળા-તાલીમ કેન્દ્ર ચલાવે છે.

**પૂતળીના વિવિધ પ્રકાર :**

1. **અંગૂઠા /આંગળી પૂતળી** (FINGAR PUPPET)

હાથની આંગળી કે અંગૂઠા પર પહેરીને સંચાલન કરી શકાય છે.નાની વાર્તાઓ કે નાટકો આ પૂતળી દ્વારા રજૂ કરી શકાય છે. કાર્ડ પેપર કે ક્રેપ પેપરમાંથી ઓછા ખર્ચે ઝડપથી બનાવી શકાય છે.

**2. મહોરાં પૂતળી** (MASK PUPPET)

આપણા ચહેરા પર બીજો ચહેરો - મ્હોરું પહેરીને સંચાલન કરી શકાય તેવી આ પૂતળી છે.વિવિધ પાત્રો - પશુ-પંખીનાં મહોરાં બનાવી પાછળના ભાગે દોરી બાંધીને સંચાલક પોતાના ચહેરા પર તે પૂતળી લગાવીને રજૂઆત કરે છે.

**3. ટેબલ પૂતળી** ( TABLE TOP PUPPET )

ટેબલ પર મૂકીને ચલાવી શકાય તેવી નાના કદની પૂતળીને ટેબલ પૂતળી કહે છે.આવી પૂતળીઓને ટેબલ પર મૂકી આપણા બંને હાથ વડે તેનું સંચાલન કરી શકાય છે.નાની ઉંમરના વિદ્યાર્થીઓમાં તે આવકારદાયક છે.

**4. બામ્બુ પૂતળી** ( ROD/STICK PUPPET )

આ પ્રકારની પૂતળીમાં પાછળના ભાગે વાંસની સળી અથવા કાગળની મજબૂત ભૂંગળી લગાડવામાં આવે છે, જે બ્રાઉન પેપરમાંથી બનાવાય છે.

**5. છાયા પૂતળી** (SHADOW PUPPET)

આંધ્રપ્રદેશની મશહૂર પૂતળી છે.આ પ્રકારની પૂતળીની રજૂઆત સફેદ પડદા પાછળથી કરવાની હોય છે.આવી પૂતળીઓ મૃત પ્રાણીના ચામડામાંથી કે પૂઠામાંથી બનાવાય છે.

**6. ધાગા પૂતળી** ( STRING PUPPET )

રાજસ્થાનની આ જગવિખ્યાત પૂતળી છે, જેને કઠપૂતળી પણ કહે છે. જેનું સમગ્ર સંચાલન પૂતળીના શરીરે વિવિધ ભાગોએ બાંધેલી 6 દોરીથી થાય છે. રાજસ્થાનના ઘણા કલાકારો આ પ્રકારની કઠપૂતળીના ખેલ કરીને જીવન ગુજારો કરતા હોય છે. આબાલવૃદ્ધ સૌ કોઈમાં જાણીતો અને અતિપ્રિય તેવો આ પૂતળીનો પ્રકાર છે.આ પ્રકારની પૂતળી ઘણો સમય અને મહેનત માગી લે છે તથા તેના સંચાલનમાં પણ ઘણી કુશળતા જરૂરી છે.

**7. દસ્તાના પૂતળી** ( GLOVE PUPPET )

આ પૂતળીમાં સંચાલકનો હાથ તે જ  પૂતળીનું આખું શરીર બની જાય છે. હાથે પહેરવાના મોજાની જેમ જ આ પૂતળી હાથ પર પહેરીને તેનું સંચાલન કરવાનું હોય છે.અન્ય પૂતળીની સરખામણીમાં આ પૂતળી વધુ આકર્ષક દેખાય છે.પરંપરાગત પૂતળીઓમાં આ પ્રકાર ઘણો જ લોકપ્રિય છે.આ પ્રકારની પૂતળી ખૂબ જ સમય અને મહેનત માંગી લે છે.

**8. મુંહબોલી પૂતળી** ( MOUTH PUPPET )

આ પ્રકારની પૂતળી યુફોમ (વાદળી)માંથી બનાવાય છે. તેના વિવિધ ભાગો રબર સૉલ્યુશનથી જોડીને તૈયાર કરાય છે.મોટો ચહેરો બનાવી તેના બંને હોઠ વચ્ચે કાપ મૂકીને હાથની આંગળીઓ અને અંગૂઠાની મદદથી તેનું સંચાલન કરવામાં આવે છે.આ પ્રકારમાં રજૂ થતાં સંવાદ મુજબ પૂતળીનું સંચાલન કરવાનું હોય છે.પૂતળી ખેલમાં સૂત્રધાર તરીકે આ પ્રકાર ધારી અસર ઉપજાવી શકે છે.

આ લુપ્ત થતી લોકકળા - પૂતળીકળાનું મહત્ત્વ હાલના ટૅક્નોલૉજીના હાઈ ફાઈ યુગમાં પણ જરાય ઓછું નથી.

પૂતળીકળા દ્વારા આપણાં સાંસ્કૃતિક વારસાનું જતન થાય છે.પૂતળી કલા દ્વારા લોકકથાઓ, પૌરાણિક પ્રસંગો તથા સાંસ્કૃતિક મૂલ્યો જળવાઈ રહે છે. સામાજિક સમસ્યાઓનું પ્રસ્તુતીકરણ થઈ શકે છે. માનવીય મૂલ્યો તથા સરકારશ્રીના અભિયાન  માટે ચોકક્સ સંદેશ આપી શકાય છે. ખેડા જિલ્લાની નડિયાદ તાલુકાની વાલ્લા પ્રાથમિક શાળા છેલ્લાં 21 વર્ષથી આ પૂતળીકળા દ્વારા ભાર વિનાનું ભણતર અને લોકજાગૃતિના સફળ પ્રયોગ કરી રહી છે. આ શાળાએ હાલ સુધીમાં પૂતળીકળાના કુલ 2030 પ્રયોગ 6,82,231 ( છ લાખ બ્યાસી હજાર,બસો એકત્રીસ ) વિદ્યાર્થીઓ તથા જનસમાજ સમક્ષ રજૂ કરીને લોક શિક્ષણની ઉમદા કામગીરી કરી છે. હાલ રાજ્યમાં આ પૂતળીકળાના કલાકાર માંડ આંગળીના વેઢે ગણાય તેટલા છે. તે સમયે  આ પૂતળી કળા દ્વારા  શિક્ષણ આપવાનો વિચાર ખૂબ જ આવકારદાયક છે. તેના થકી શિક્ષણ ચિરંતન બને છે.

પૂતળીકળાનો ઉપયોગ શિક્ષણમાં શા માટે ? તો તેની અગત્ય દર્શાવતા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર (જી.સી.ઈ.આર.ટી.) કહે છે.

# કલાવિહોણો માનવ એટલે પીંછાં વિનાનો મોર



- ગિરા પિનાકિન ભટ્ટ
બાળસાહિત્યકાર, ગાંધીનગર
મો. ૯૯૦૯૬૪૧૨૬૨

આદિમાનવને એના અને એના પરિવારના પેટનું પોષણ મળી રહે તે જ પર્યાપ્ત હતું. સંગ્રહવૃત્તિ ન હતી અને એની સમજ પણ ન હતી. તેવે સમયે પણ તે કળાનો ઉપાસક હશે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. માનવ માત્ર કળા સાથે જોડાયેલો છે. પ્રાચીન અને અતિ પ્રાચીન કળાઓ પણ એ વાતને સમર્થન આપે છે. આજે હજારો વર્ષ પછી પણ ગુફાઓમાં, પર્વતો ઉપર, અતિ પ્રાચીન અવશેષો જોવા મળે છે. પ્રાચીન સમયના ધાતુનાં વાસણો, ભીંતચિત્રો, કાષ્ઠ શિલ્પો, પ્રાચીન કિલ્લાઓ, કૂવા-વાવ જેવાં વિવિધ સ્થાનોમાં આપણી કલાને ઉજાગર કરતા અવશેષો મળે છે, જે દર્શાવે છે કે માનવ એની ઉત્પત્તિના થોડાક સમય પછી કલાને જાણતો, માણતો અને સમજતો થયો હશે. કારણ કે, ચોમેર વેરાયેલી પ્રકૃતિનો એ પૂજારી હતો. આપણી આસપાસની હરિયાળી ને જંગલોમાં, ડુંગરો, નદી-નાળાં, દરિયો, ઝરણાં, કુદરતની બેનમૂન કળા... એ બધું નૈસર્ગિક કલા નથી તો બીજું શું છે?

'હરેક કળા પ્રકૃતિનું અનુકરણ છે'- એમ સનેકાએ સાચું કહ્યું છે અને એ વાતને નકારી શકાય નહીં.

આદિ અનાદિકાળથી કલા આપણને વારસામાં મળતી રહી. કેટલીક લુપ્ત થતી ગઈ તો કેટલીક નવી ઉમેરાતી ગઈ. આપણી પાસે જેમજેમ ભૌતિક સાધનો, સામગ્રી અને સંપત્તિ વધતી ગઈ તેમતેમ પ્રાચીનકલાઓ કાળક્રમે લુપ્ત થતી રહી, તેમ પણ કહી શકાય.

આજના આધુનિક યુગમાં અદ્યતન સાધનો સહુની પાસે ઉપલબ્ધ છે ત્યારે... માનવ મનના આનંદ માટે ફાંફાં મારવાં પડતાં નથી. લ્યો, આજથી પચાસ વર્ષ પહેલાંની જ વાત કરો ને!

મેળો એ આપણા સહુના માટે આકર્ષણનું કેન્દ્ર ગણાતો. આનંદ-પ્રમોદનું માધ્યમ ગણાતો. મેળામાં લોકજીવન તેમની ભાતીગળ સંસ્કૃતિ સાથે આવે ને સાથે લાવે તેમની પરંપરાઓ ! પ્રત્યેક માનવમન માટે એ અવર્ણનીય આનંદની વાત હતી. જે આજના સંદર્ભે વિસરાઈ ગઈ છે, વિલુપ્તિના આરે છે... એ માટે જવાબદાર પણ આપણે જ છીએ ને? આપણા પૂર્વજોએ પોતાની આવડત, હોશિયારી, શોધ-સંશોધન ને મહેનતના બળે જે કળાઓને શોધી અને જીવંત રાખી તેને લુપ્ત થવા દેવાય ખરી? જો એનો જવાબ 'ના'માં હોય તો એ કળાઓ બાળકોને બાળપણથી શીખવવી જ રહી. એમાં એને રસ લેતાં કરો... જેથી કળાઓની ખૂબીઓ ને ખામીઓને જાણે. વંશપરંપરાગત કળાઓને ઉજાગર કરો, એની માહિતી બાળકોને આપો. શક્ય હોય તો એને જે તે સ્થળે લઈ જઈ પ્રત્યક્ષ માહિતગાર કરો. કલા જીવંત રહેશે તો અને તો જ આપણી સંસ્કૃતિ જીવંત રહેશે ને જીવંત રહેશે આપણા સંસ્કારો. કોઈ પણ પ્રદેશ એના મૂળના સંસ્કારો, સંસ્કૃતિ સાચવીને બેઠો હોય એનો વિકાસ કદી રૂંધાય નહીં પરંતુ એમાં ચાર ચાંદ લાગી જાય! આદિ અનાદિકાળથી સંસ્કૃતિને સાચવીને બેઠેલી આપણી કળાઓને એ માટે પણ સમજવી જ રહી. જાણવી રહી, એને જીવંત રાખવી જ રહી... ને એને જીવંત રાખવા માટે વંશપરંપરાગત શીખવવી રહી ને નવી પેઢીને એમાં રસ લેતી કરવી રહી.

ધાતુપાત્રો ઉપરની કળા કે જે પ્રાચીન કળામાં આવે. આપણા પૂર્વજો સાવ ટાંચાં સાધનો વડે પણ કેવી અદ્ભુત કારીગરી કરી જાણતા! એ અહો આશ્ચર્યમ્! પરંપરાગત આવડતથી ત્રાંબા-પિત્તળનાં વાસણો, પંચધાતુનાં વાસણો વગેરેમાં થતી બેનમૂન હસ્તકલા આજે પણ અચરજ પમાડે તેવી છે. કળશ, કુંભ, ગાગર, માણ, ચરુ, પેટી અને પટારાઓ, હિંડોળાની સાંકળ, તાંબાકૂંડી, જેવાં ધાતુનાં વાસણો ઉપરની કળા લુપ્ત થતી રહી છે. એ

કળા સાથે મોર, પોપટ, ચકલી, વાઘ, સિંહ, હાથી, ઘોડા જેવાં અનેક પશુ-પંખીઓની છાયા કોતરાતી... ને એમ અબોલ જીવો સાથેની માયા જોડાયેલી રહેતી. જેથી કરીને તે પશુ-પંખીના વૈવિધ્યની જાણકારી જીવંત રહેતી. સાથે જે તે જીવ સાથેનો આત્મીયતાભર્યો અહેસાસ થતો અને પશુ-પંખી સાથે પ્રેમનો નાતો અખંડ રહેતો. કંસારા, પિત્તળઘડા, ત્રાંબાઘડા ને કંસારાઓની કળાના નમૂના આજની પેઢીને બતાવી તેનું મહત્ત્વ સમજાવવું રહ્યું.

નાનાં બાળકો માટે લાકડાનાં વિવિધ રમકડાંઓની પણ આગવી દુનિયા હતી, જે આજના સમયમાં જોવા મળતાં નથી. શુદ્ધ પ્રાકૃતિક રંગો અને બાળકોને ગમતાં જીવ જગતનાં પાત્રો જેવાં કે, ધાવણી, ઘૂઘરો, ચકલી, પોપટ, મોર, ચકરડી, ભમરડા, ઢીંગલી, હાથી, ઘોડા, વિમાન, બોટ, ઢોલકી, જેવાં રમકડાં તો માત્ર મ્યૂઝિયમમાં શોભાનાં પૂતળાંની જેમ શોભાયમાન થઈ રહ્યાં. બાકી, આજના સમયમાં આવાં રમકડા અલભ્ય છે. આવી કલાઓથી ઈડરનું ખરાદી બજાર ધમધમતું. લાકડાના રમકડાંનું એ બજાર સહુના માટે આકર્ષણનું કેંદ્ર હતું, જે આજે સાવ લુપ્ત થઈ ગયું છે.

તો માટીનાં રમકડાંની માયા પણ કાચી નહોતી. કાળી માટી/ગારામાંથી બનાવાતાં રમકડાંની પણ અનોખી દુનિયા હતી. તેની ઉપર કુદરતી રંગોની રંગીલી મોજ, આહાહા... ભારતની આમજનતાનાં બાળકો માટે તો રંગબેરંગી રમકડાં જાણે કે સમગ્ર દુનિયા હતી. પરંતુ હવે એ બાળપણ ગયું... એ રમકડાં ગયાં... એ રમનારાં ગયાં... એના ઘડનારા ગયા... અત્યારે તો અવનવાં રમકડાં ને એની ભારે બોલબાલા છે. પ્લાસ્ટિકનાં, વિવિધ મટિરિયલનાં તો વળી લિગો સિસ્ટિમની માયા આજનાં બાળકોની પાસે છે ને એમને એ થોડાં ગમે છે. એમાંય પાછી ચાઈનીઝ બજારનાં આકર્ષક અને સસ્તાં રમકડાંની ભરમાર છે. એમાં આપણી ભારતીય પરંપરા અને એની કલા જાણે નૂર વિહોણી થઈ ગઈ. આજે સત્ય વાત ઉજાગર કરું તો બાળકોને હજાર રૂપિયાનાં રમકડાઓમાં રસ નથી. માત્ર અને માત્ર મોબાઇલમાં રસ છે. બોલો... આપણી કલાઓને એક જ ઝાટકે નવરી કરી નાખવા માટે એક મોબાઇલ કેટલો સક્ષમ સાબિત થયો... એ પણ વિચારવા જેવી બાબત છે.

પ્રાચીન કાળથી ચાલી આવતી વિવિધ ભીંતચિત્રની કલા પણ આપણી અલગ ઓળખ આપતી કળાઓમાંની એક છે. કુદરતી રંગો વાપરીને ઘરના પ્રવેશદ્વારે ગાય, હાથી, ઘોડા ને ઊંટને જાણે બોલતાં કરે! વિવિધ સાજ-શણગાર સાથે ગાય-બળદ, બળદગાડું, ઘોડાગાડી, ઊંટગાડી જોઈ રહેવાની મોજ જેને માણી હોય એને બીજું કશુંય ગમે ખરું? સાથે સાથે આંગણામાં રમતાં બાળકો, તુલસીક્યારો, પીપળો, વડ જેવાં વૃક્ષો ને વનસ્પતિની વિવિધતાભરી જાણકારીનો ભર્યોભર્યો રસથાળ માનવ મનને મોહી લેવાને પર્યાપ્ત હતો. શ્રીકૃષ્ણ, ગણપતિદાદા, રામ-લક્ષ્મણ અને જાનકીજીની સાથે સાથે વીર હનુમાનજીનાં જાણે સાક્ષાત્ દર્શન! નાગદેવતા, સૂર્ય-ચંદ્ર અને તારાઓ, ડુંગરદેવ, ખળખળ વહેતી નદી જોઈને કુદરતના સાંનિધ્યમાં વસતાં હોઈએ તેવું સતત લાગે. ગૌમાતાનાં ધણ, બારણે તોરણ, તો આરાધ્ય દેવ-દેવીઓનાં ચિત્રોમાં વૈવિધ્ય જેવી કંઈક કલાત્મકતા આજે છાને ખૂણે રડી રહી છે. બાકી, એક સમયે સનાતત સંસ્કૃતિ કે જે ઠેર-ઠેર ને ઘેર-ઘેર ઊડીને આંખે વળગતી. જેને જોવા માટે રાજા-મહારાજાઓ આતુર હોય! આવા કારીગરોને રાજાઓ માનભેર પોતાના મહેલમાં તેડાવતા. વળી સન્માન સાથે એવી કળાઓને ઉજાગર કરાવી સમાજમાં કલાકારનો માન અને મોભો જળવાય તેવી વાતોની ગઈકાલ હવે આથમી રહી છે. એને ઉજાગર કરશે કોણ? એને જીવંત કરવાને પણ બાળકોને જે-તે કળાઓ બતાવવી જ રહી. એમાં એમને રસ લેતાં કરવાં જ રહ્યાં. અને જો રસ હોય તો... એ રસ્તે એમને મોકળું મેદાન આપવું જ રહ્યું. આપણા પછીની પેઢીને આ મારગડે આગળ વધારવી જોઈએ. જેના કારણે આપણી મહામૂલી સંસ્કૃતિ ચિરંજીવી રહે.

કારણ કે કળા એવી છે કે એની સાથે જોડાનાર વ્યક્તિ એટલે કે કલાકાર સદાય જીવંત રહે છે. સમય

પ્રમાણે કલા બદલાય, કલાકાર બદલાય, પણ માનવમાં પડેલી મૂળભૂત કલાના કારણે માનવની જિંદગી બદલાય છે. પુસ્તક વાંચનથી, લેખનથી, જે આનંદ મળે છે તેવો અને તેટલો જ આનંદ જે તે કલાકારને મળે છે. કલાકાર એની કલાને વાંચે છે, લખે છે, જાણે છે, માણે છે... ને એમ કરતાં એ પરમાનંદને પામ્યાની ધન્ય ક્ષણોની અનુભૂતિ કરે છે. એ છે કલા! ઉદાહરણ તરીકે ડભોઈનો હીરો સલાટ તોરણના નકશીકામમાં એવો તો ખૂંપી ગયો હતો કે તેનો પગ મહારાજા સિદ્ધરાજના મસ્તકને ક્યારે અડક્યો તેનો તેને ખ્યાલ જ ન રહ્યો. કેટલી તલ્લીનતા! તો આવી જ તલ્લીનતા સાથેની વાત અને જે તે કલાની ઓળખ બાળકને કરાવો.

બાળકમાં પડેલી કલાને પારખો. બાળકોની રસ-રુચિને જાણી તેમાં તેને ઊંડું ઊતરવા દો અને એમાં રસતરબોળ થવા દો. પછી... બાળકને કહેવું નહીં પડે કે તું તારો સમય વેડફી રહ્યો છે. પછી તો બાળક પોતે જ સમયને સમજશે. કિંમતી સમયના સદુપયોગ કરતાં શીખી જશે. ને કલાને સમજતો બાળક આગળ જતાં સમજી જશે કે સુવર્ણ કિંમતી નથી એના કરતાં વધારે અધિક કીમતી તો સમય છે. અને તે પોતાની કલામાં ઊંડો ઊતરી જશે એ નક્કી.

આપણાં ઘરનાં બારી-બારણાં ને એના શણગાર, ટોડલા, તોરણો, સાથિયા, ઝુમ્મરો, કોતરણીવાળા પ્રવેશદ્વાર, અભરાઈઓ, ઘરના રૂપાળા મોભ, પાટલાઓ, બાજોઠ ને બેઠકો આજે એ બધુંય અદશ્ય! ક્યાંક એના દુર્લભ દર્શન થાય તો હૃદયમાં જાણે વસંત મ્હોરી ઊઠે! બાકી, તો પાણિયારે શોભતી તાંબા-પિત્તળની હેલ ગઈ... ને એક્વા ને R.O.ના દર્શન હવે ઠેર ઠેર નજરે પડે છે. આપણી વંશપરંપરાગત કલાને જોવાની દૃષ્ટિ પણ જાણે કાળના ખપ્પરમાં હોમાઈ ગઈ હોય એમ લાગે છે.

મોતી ગૂંથેલ ઈંઢોણી, હેલ, ઘોડિયા ને એની દોરીઓ, વીંજણા, મોતીઓ અને રંગરંગીન દોરાઓ વડે ભરેલા ચાકળાઓ હૃદયને આનંદિત કરી દે છે. કોડીઓ, શંખથી શણગારેલા થાંભલા-થાંભલીઓ એ બધુંય આ આંખોએ જોયું છે જે અત્યારે સ્વપ્ન માત્ર!

ગામેગામ વૈવિધ્યતા સભર ચબૂતરાઓ, મંદિરો, દેરાસરો, વાવ-કૂવા, પનિહારીઓના દશ્યકે રાસ રમતી રાધાકૃષ્ણની ટોળીવાળાં ચિત્રો જેવાં દશ્યો બધુંય આજે અદશ્ય છે.

આવી આવી અગણિત કળાઓ અત્યારે મૃતપ્રાય અવસ્થામાં છે. તો આ ટી.વી, મોબાઈલ જેવાં આધુનિક ઉપકરણોના કારણે આપણા પરંપરાગત ગવાતાં લોકગીતો, લોકનૃત્યો, ભવાઈ, નાટકો, ડાયરાઓ ને એનું વૈવિધ્ય પણ અટવાઈ ગયું. દાંડિયારાસ હજી ગવાય છે પરંતુ હીંચ, તલવાર રાસ, લાઠી યુદ્ધ, મંજીરા નૃત્ય, આદિવાસીઓના તરહ તરહના લોકનૃત્ય ક્યાંક જીવંત છે એનો પણ આનંદ છે.

રંગબેરંગી પોશાક, મોં ઉપર ને શરીરે અવનવા ચિતરામણ સાથે આવતા બહુરૂપીઓ, મદારીઓ, ભરથરીઓ, ગારુડીઓની પરંપરા, ભવાઈના વેશ, ડાયરાઓની સંસ્કૃતિ અને સંસ્કારોને ઉજાગર કરતી. તો વળી લોક નજરે અંકિત થઈ ગયેલી એ કલાઓ આજે છે જ ક્યાં?

શિવ-શક્તિની અનેરી ભક્તિનો મહિમા કે જે ઘેર-ઘેર હતો. એના પ્રસંગો પણ અનેરા ઊજવાતા. શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન તો અવર્ણનીય! મોરલી તો મેળાઓમાં આગવું સ્થાન ધરાવતી. પાવાઓના સૂર ને પીપૂડાઓના અવાજો મન મેળે મેળે મ્હાલતું કરી દેતું. ભાતીગળ રંગોની અવનવી ભાત ને ભારતના લોકોની આગવી ઓળખ ઊભી કરવાને આ કળાઓ સક્ષમ હતી, જે અત્યારે ખાસ ક્યાંય નજરે પડતી નથી.

સ્ત્રી-પુરુષનાં ઘરેણાંની શોભા પણ નોખી, એની ભાત અને એની વાત નોખી. શણગારમાં શરીરે છૂંદણાંની શોભા ચાર ચાંદ લગાવતી. નાની બાળકન્યા કે વહુવારુઓના શણગારમાં પણ કલા ઊડીને આંખે વળગતી. કલાને જોવાની, સમજવાની, એને અંગીકાર કરવાની, એમાં ઊંડા ઊતરવાની કલાદૃષ્ટિ પ્રાચીન સમયમાં હતી તે હવે ક્યાંક ક્યાંક આધુનિક સ્વરૂપ લઈને અવતરી રહી છે.

# કળાશિક્ષકઃ
# ગુણ, કૌશલ્ય અને જવાબદારીઓ



**- ડૉ. શ્વેતા એસ. ચૌહાણ**
અધ્યાપક - શ્રીમતી એસ. આઈ. પટેલ
ઈપ્કોવાલા, કોલેજ ઓફ એજ્યુકેશન,
પેટલાદ. મો. ૯૯૧૩૦૦૯૮૪૬

એક નાનો બાળક શાળામાં ગયો. તે ઘણો નાનો હતો અને શાળા ઘણી મોટી.પણ જ્યારે બાળકે શોધ્યું કે બહારના દરવાજામાંથી સાચા રસ્તે જઈએ તો પોતાના વર્ગમાં પહોંચી શકાય છે ત્યારે તે ખુશ થયો. અને શાળા હવે પહેલા જેટલી મોટી ન રહી.

એક સવારે બાળક હજી શાળામાં પહોંચ્યો જ હતો ત્યાં શિક્ષિકાએ કહ્યું 'આજે આપણે ચિત્રો બનાવીશું'.

'સરસ'. બાળક મનમાં બોલ્યો. તેને ચિત્રો દોરવા ગમતા. તે ઘણી જાતનાં ચિત્રો બનાવતો સિંહ-વાઘનાં, મરઘી અને ગાયનાં, ટ્રેન અને જહાજનાં- ઘણી જાતનાં. તણે ક્રેયોન કાઢ્યા અને શરૂ કર્યું.

શિક્ષિકા બોલ્યાં, હમણાં નહીં. બધા તૈયાર થાય પછી. બધા તૈયાર થયા પછી શિક્ષિકા બોલ્યા, શરૂ કરીએ?

આપણે ફૂલો બનાવીશું.

'સરસ'. છોકરાએ મનોમન વિચાર્યું તેને ફૂલ દોરવા ગમતા. તેણે ફૂલ દોરવાનું શરૂ કર્યુ.

ગુલાબી અને નારંગી અને વાદળી ક્રેયોનથી.

ફરી શિક્ષિકા બોલ્યાં-ઊભા રહો. 'હું બતાવું છું તેવાં ફૂલ દોરો'. તેમણે પાટિયા પર એક ફૂલ દોર્યું. તેનો રંગ લાલ હતો અને ડાળ લીલી હતી. જોયું? શિક્ષિકા બોલ્યાં. હવે શરૂ કરો. બાળકે શિક્ષિકાના ફૂલ તરફ જોયું અને પછી પોતાના ફૂલ તરફ. તેને પોતાનું ફૂલ વધુ સુંદર લાગ્યું. પણ તેણે એવું કહ્યું નહીં. કાગળ ઊંધો કરીને તેણે શિક્ષિકાએ બતાવ્યું હતું તેવું ફૂલ દોર્યું. લાલ રંગનું લીલી ડાળીવાળું.

બીજા દિવસે બાળકે જાતે દરવાજા ખોલ્યા. શિક્ષિકાએ કહ્યું આજે આપણે માટી કામ કરીશું. 'વાહ.' છોકરાએ વિચાર્યુ. તેને માટી ગમતી.

માટીમાંથી તે સાપ અને સ્નોમેન,હાથી ઉંદર, કાર અને ટ્રક બધું બનાવી શકતો. તેણે માટી ખેંચી તોડી અને ગોળો વાળ્યો.

શિક્ષિકા બોલ્યા, ઊભા રહો, હમણાં નહીં. 'બધા તૈયાર થયા એટલે તેમણે કહ્યું આપણે ડિશ બનાવીશું. 'સરસ'. બાળકે વિચાર્યું તેને ઘણી જાતની જુદા જુદા આકારની ડિશ બનાવતા આવડતી હતી. પણ શિક્ષિકા બોલ્યા 'જુઓ હું બતાવું છું તેમ બનાવો'. તેણે એક ઊંડી ડિશ બનાવી કહ્યું, જુઓ આમ શરૂ કરો'.

બાળકે શિક્ષિકાની ડિશ જોઈ અને પોતાની પણ. શિક્ષિકાની ડિશ કરતાં તેને પોતાની ડિશ વધુ ગમી. પણ તે કંઈ બોલ્યો નહીં. તેણે શિક્ષિકાએ બતાવી હતી તેવી ઊંડી ડિશ બનાવી. ઝડપથી તે શીખી ગયો. રાહ જોતા, ધીરજ રાખતા, શિક્ષિકા કરે એમ કરતા- અને ઝડપથી તે ભૂલી ગયો પોતાની રીતે વસ્તુઓ બનાવવાનું. અને પછી બાળક એના પરિવાર સાથે બીજા શહેરમાં ગયો. તેની શાળા પણ બદલાઈ. નવી શાળા જૂની શાળાથી પણ વધુ મોટી હતી. બહારથી ખોલવાનું બારણું ત્યાં નહોતું. તેણે મોટા પગથિયાં ચડીને એક મોટો હૉલ પસાર કરવો પડતો ને પછી તેનો વર્ગ આવતો.

પહેલા દિવસે શિક્ષિકા બોલ્યાં, 'આજે આપણે ચિત્ર દોરીશું' 'સરસ.' છોકરાએ વિચાર્યુ.અને શિક્ષિકા હવે શું બનાવવાનું કહેશે તેની રાહ જોવા લાગ્યો. શિક્ષિકાએ કંઈ ન કહ્યું.-તે કમરામાં ફરતાં રહ્યાં આમ તેમ.

છોકરાને બેઠેલો જોઈ તે બોલ્યા' તારે ચિત્ર નથી દોરવું?' 'દોરવું છે'. શું દોરવાનું મન થાય છે? 'તમે જે દોરશો તે હું દોરીશ'. 'એમ નહીં. તને જે દોરવાનું મન થાય તે દોર'.

કયો રંગ વાપરુ? જેની તને ઈચ્છા હોય તે. છોકરો જોઈ રહ્યો. શિક્ષિકા બોલ્યાં 'જો બધા એક જ જાતનું, એક

જ રંગનું ચિત્ર કરે તો કયું ચિત્ર કોનું છે, શાનું છે તે મને કેમ ખબર પડે? 'હું શું જાણું? 'છોકરો બોલ્યો. અને તેણે ગુલાબી, નારંગી, વાદળી ફૂલો દોરવા માંડ્યાં. નવી શાળા તેને ખૂબ ગમી. તેને બહારથી ખૂલે એવો દરવાજો ન હતો - તો પણ.- હેલન ઈ.બકલી

આ વાત પરથી એમ કહી શકાય કે બાળક જન્મ સાથે જ તેની વિશિષ્ટ ક્ષમતાઓ લઈને દુનિયામાં આવે છે. બાળકને શીખવાની શરૂઆત તેના પરિવારના વાતાવરણમાંથી જ થાય છે વિવિધ દશ્ય અવાજ અને બનતી ઘટનાઓમાંથી તે શીખે છે અને તે અનુરૂપ અનુકરણ કરી પ્રતિ ઉત્તર આપતાં શીખે છે. બાળક શાળામાં પ્રવેશ કરે તે પહેલાં તે ઘરમાંથી અને બહારના વાતાવરણમાંથી ઘણું શીખીને આવે છે.

''કલા એ વાસ્તવિકતાના આહ્વાન માટે માણસના સર્જનાત્મક આત્માનો પ્રતિભાવ છે.'' રવીન્દ્રનાથ ટાગોર. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાના વિકાસ માટે કળા શિક્ષકની સંવેદના કેટલી અનિવાર્ય છે. જ્યારે તમે તમારી શાળાના મનપસંદ કળા શિક્ષક વિશે વિચારો છો તો તમારા મનમાં શું આવે છે? તેમની કાર્યપદ્ધતિ? રમૂજી સ્વભાવ? લાગણી? રસ્તા સરળ કરી આપે એવું કંઈક? નવી તક આપનાર? આવા પ્રશ્નો વિચાર માંગી લે છે. વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસમાં ઘડતર કરનાર કળા શિક્ષક વિશેની નોંધ લેવી આવશ્યક છે. મહાન કળાશિક્ષકો કેવા હોવા જોઈએ તેનો ઉત્તર જરૂરી છે.

**કળા શિક્ષકના ગુણ અને કૌશલ્ય :**

1. **બાળકને પ્રત્યે પ્રેમ :** વિદ્યાર્થી પ્રત્યે સ્વ પ્રેમ રાખવો જરૂરી છે. તેમનામાં રહેલી સંભાવનાઓને ઓળખી તેમને ઉજાગર કરે છે.
2. **વ્યવસાય પ્રત્યેનો ઉત્સાહ :** કળા પ્રત્યેનો ઉત્સાહ અને સતત મહેનતથી કાર્યરત રહેવું કલાશિક્ષણ પ્રત્યેનો જુસ્સો હોય છે.
3. **સમર્પણ :** બાળકો અને કળા પ્રત્યેની તેમની સમર્પણ ભાવના અજોડ હોય છે.
4. **ઊર્જાવાન :** બાળકો સાથે સતત કાર્યરત રહેવા માટે ઊર્જાવાન રહેવું અનિવાર્ય છે જે કળાશિક્ષકના સ્વભાવમાં વણેલું હોય છે.
5. **આયોજક :** કળાની શિબિરો કરવી, પ્રદર્શન યોજવા માટે આયોજક તરીકે તેઓ તત્પર રહે છે.
6. **સર્જનાત્મક :** તેઓ નવું કરવા હંમેશાં તત્પર રહે છે. સર્જન કાર્યને પ્રથમ સ્થાન આપે છે, નહીં કે અનુકરણને.
7. **વાતચીતની કળા અને સંબંધ બનાવનાર :** વિદ્યાર્થીઓ સાથે સ્નેહભર્યો વાર્તાલાપ સર્જનાત્મકતા માટે જરૂરી છે માટે શિક્ષક વાતચીતની કળામાં નિપૂણ હોય છે અને સારા સંબંધો બનાવે છે.
8. **શીખનાર :** જીવન પર્યંત કંઈક નવું કરવાની પ્રબળ ઈચ્છાશક્તિ હોય છે. એટલાન્ટા, જ્યોર્જિયાના ડાના જંગ મુન્સન લખે છે, 'હું મારા વિદ્યાર્થીઓને ભૂલો કરવા અને શીખવા માટે પ્રોત્સાહિત કરું છું.'
9. **પ્રેરણાદાયી વ્યક્તિત્વ :** વિદ્યાર્થીઓને કળા શિક્ષણના કાર્ય થકી સતત પ્રેરણા આપે છે. હંમેશાં વિદ્યાર્થીઓને કંઈક નવું કરવા પ્રેરણા આપતા હોય છે.
10. **ધીરજવાન અને ખુશ રહેનાર :** તેઓ ધીરજથી કાર્ય કરે છે અને તેના વિદ્યાર્થીઓને કાર્યરત રાખે છે.
11. **વર્ગખંડ સંચાલન :** વર્ગખંડમાં તેઓ સકારાત્મક અને ઉત્પાદક શિક્ષણનું વાતાવરણ જાળવી શકે છે.
12. **અનુકૂલનક્ષમતા :** તેઓ વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને શિક્ષણના વાતાવરણને સંતુલિત કરી જોડાણ કરવા માટે તેમની શિક્ષણ શૈલી અને પાઠ યોજનાઓને સમાયોજિત કરી શકે છે.
13. **કલાશિક્ષણના હિમાયતી :** તેઓ કલાશિક્ષણના મહત્ત્વ અને વિદ્યાર્થી વિકાસમાંની ભૂમિકામાં માને છે.

# કળાક્ષેત્રે કારકિર્દીની ઊઘડતી અને વિસ્તરતી ક્ષિતિજો



- ધર્મેન્દ્રભાઈ એ. કનાલા
આચાર્ય શ્રી, જનતા વિદ્યાલય,
તાતણીયા. મો. ૯૯૯૮૩૨૦૦૪૫

બુદ્ધિની કેળવણી માટે શિક્ષણ છે જ્યારે ઉદ્દાત બનવા માટેના જીવનની કેળવણી કળા છે. માણસને પશુથી જુદાં પાડતાં કેટલાંક માનવીય પરિમાણોમાંનું એક સૌથી અગત્યનું પરિમાણ એટલે કળા. કળા એ માનવજાતને અભિવ્યક્તિ માટે કુદરતે આપેલ સૌથી પ્રાચીન, સાર્વત્રિક અને ઉત્તમ સોગાદ છે, પછી એ રંગબેરંગી ચિત્રની દુનિયા હોય કે લય અને તાલથી સમૃદ્ધ એવી સંગીતની દુનિયા હોય! જાતને છુપાવવા માટે મેનર્સ છે અને વ્યક્ત કરવા માટે કળા.

પહેલાની જેમ હવે કળાક્ષેત્ર માત્ર શોખ કે મનોરંજનનું સાધન નથી રહ્યું, પરંતુ સંભાવનાથી ભરપૂર એવું કારકિર્દીનું ક્ષેત્ર બની ગયું છે. વળી, સૌથી આનંદની વાત એ છે કે અહીં સાવ સરખું કામ કરનાર વચ્ચે પણ હરીફાઈ નથી! એક સરખું જ ગીત ગાનાર એક કરતાં વધુ કલાકારો અભિવ્યક્તિના કારણે અલગ પડતા હોવાથી બધા સફળ થઈ શકે છે! આથી કળાક્ષેત્રે ઊઘડતી અને વિસ્તરતી ક્ષિતિજોની સફર અનન્ય અને રોમાંચક બને છે.

કળાક્ષેત્રની વ્યાપકતા તેને વિશાળ સમુદ્ર સમ બનાવે છે. વળી, આજકાલ તો તેમાં થઈ રહેલ નવતર પ્રયોગોના કારણે આ દરિયામાં કેટલીયે નવોન્મેષ નદીઓ ભળી છે. ચિત્રકળા, શિલ્પકળા, નૃત્ય, સંગીત, નાટ્ય, ફિલ્મ, ફોટોગ્રાફી, ફેશન ડિઝાઇન, ગ્રાફિક ડિઝાઇન, એનિમેશન, લેખન, અને આજના ડિજિટલ યુગમાં ડિજિટલ આર્ટ અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવાં નવીન ક્ષેત્રો - આ બધાં જ કળાનાં અલગ-અલગ રૂપો છે. વાત આટલેથી ન અટકતાં ડિજિટલ, સોશિયલ મીડિયા પ્લૅટફોર્મ થકી અગાઉ ક્યારેય બહાર ન આવી હોય એટલી વૈવિધ્યસભર કળાઓ આજકાલ આપણી સમક્ષ પગરણ માંડી રહી છે. આમ કલા દરેક વ્યક્તિ માટે પોતાનું સ્થાન શોધવા માટેની એક તક બની રહી છે.

કળાને વર્ષોથી નડતું સ્થળનું બંધન હવે અદશ્ય થયું છે. આજે કળાક્ષેત્રની સીમાઓ ફક્ત પરંપરાગત માધ્યમો સુધી મર્યાદિત નથી. ડિજિટલ પ્લેટફોર્મ, સોશિયલ મીડિયા અને ટૅક્નોલૉજીના વિકાસે કળાને નવો આયામ આપ્યો છે. આજે એનિમેશન અને ગેમ ડિઝાઇન જેવા ક્ષેત્રોમાં કળા અને ટૅક્નોલૉજીનું અનોખો સંગમ જોવા મળે છે. આ નવી શાખાઓએ કળાક્ષેત્રમાં કારકિર્દીની અસંખ્ય શક્યતાઓનાં દ્વાર ખોલી નાખ્યાં છે.

કળાક્ષેત્રમાં કારકિર્દીની તકોનું વિસ્તરણ એટલું ઝડપથી થઈ રહ્યું છે કે આજે દરેક રુચિ અને કૌશલ્ય માટે કંઈક ને કંઈક ઉપલબ્ધ છે.

1. **ચિત્રકળા અને શિલ્પકળા** : એક તરફ પરંપરાગત ચિત્રકળા અને શિલ્પકળા હજુ પણ લોકપ્રિય છે. તો બીજી બાજુ ટૅક્નોલૉજી આવતા શિલ્પ - સ્થાપત્યમાં એબ્સર્ડ આર્ટ ધૂમ મચાવી રહી છે. જે કામ કરતા વર્ષો જતાં રહેતા તે આજે ટૅક્નોલૉજીની મદદથી ચપટી વગાડતાં થઈ રહ્યું છે. ટૅક્નોલૉજી અને ક્રિએટિવિટી મળીને એક નવા કળાજગતનું નિર્માણ કરી રહી છે. આજે ચિત્રકારો ગૅલેરીઓ, આર્ટ એક્ઝિબિશન અને ઓનલાઇન પ્લેટફોર્મ પર પોતાની કૃતિઓ વેચી શકે છે. ફ્રી લાન્સ આર્ટિસ્ટ તરીકે કામ કરવાની સાથે, ઘણા ચિત્રકારો આર્ટ ડિરેક્ટર, ઇલસ્ટ્રેટર કે આર્ટ થૅરપિસ્ટ તરીકે પણ કારકિર્દી બનાવી રહ્યા છે.
2. **સંગીત અને નૃત્ય** : સંગીત અને નૃત્યનું ક્ષેત્ર પણ ખૂબ વિસ્તૃત બન્યું છે. ગાયક, સંગીતકાર, કોરિયોગ્રાફર, નૃત્ય શિક્ષક કે પછી ફિલ્મ અને ઓટીટી પ્લૅટફોર્મ માટે બેકગ્રાઉન્ડ મ્યુઝિક કંપોઝર

તરીકેની તકો તો ઉપલબ્ધ હતી જ પરંતુ સંગીતને એક ખૂબ મોટી થૅરપી તરીકે પણ હવે જોવામાં આવી રહી છે. તો બીજી તરફ નૃત્યને માત્ર કલા તરીકે ન જોતા સ્વાસ્થ્ય સાચવવા માટેની શ્રેષ્ઠ રીત તરીકે જોતાં  એરોબિક્સથી લઈને કેટલાંય અવનવાં ક્ષેત્ર સાથે તેનું જોડાણ થઈ રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લૅટફોર્મ જેવા કે યૂટ્યૂબ અને ઇન્સ્ટાગ્રામે આ ક્ષેત્રમાં નવા કલાકારોને ઝડપથી લોકપ્રિયતા મેળવવાની બહુ મોટી તક આપી રહ્યું છે. ટેલિવિઝન અને સોશિયલ મીડિયાના માધ્યમથી નવા કલાકારોને જબરદસ્ત પ્લૅટફોર્મ આપવામાં આવી રહ્યું છે.

3. **ફિલ્મ અને મીડિયા** : ફિલ્મ ઉદ્યોગમાં દિગ્દર્શન, અભિનય, સિનેમેટોગ્રાફી, એડિટિંગ, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ (VFX), અને સ્ક્રિપ્ટ રાઇટિંગ જેવી અનેક ભૂમિકાઓ છે. ઓટીટી પ્લૅટફોર્મના આગમનથી આ ક્ષેત્રમાં તકોની સંખ્યા ઝડપથી વધી છે. શોર્ટ ફિલ્મ હવે સારા મોબાઇલ દ્વારા પણ બની જતી હોવાથી તેનો વ્યાપ ખૂબ વધ્યો છે. સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા આ ક્ષેત્ર અગાઉ ક્યારેય ન વિકસ્યું હોય તેવું વિકસવા પામ્યું છે. આ કળા હવે માત્ર પૈસાદાર લોકોનો ઇજારો નથી રહી.

4. **ડિજિટલ આર્ટ અને ગ્રાફિક ડિઝાઇન** : ડિજિટલ યુગે ગ્રાફિક ડિઝાઇન, એનિમેશન, અને ગેમ ડેવલપમેન્ટ જેવાં ક્ષેત્રોને ખૂબ લોકપ્રિય બનાવ્યાં છે. વેબસાઇટ ડિઝાઇન, એપ્લિકેશન ડેવલપમેન્ટ, અને ગેમિંગ ઇન્ડસ્ટ્રીમાં ગ્રાફિક ડિઝાઇનર્સ અને એનિમેટર્સની માંગ સતત વધી રહી છે. લોકો માત્ર ગેમ બનાવીને નહીં પણ તેને રમવાનું કૌશલ્ય હસ્તગત કરીને પણ પૈસા મેળવી રહ્યા છે. આનાથી જાહેરાત જગતમાં અકલ્પનીય વસ્ત્ર અને ફેરફાર થયાં છે.

5. **ફૅશન અને ઇન્ટિરિયર ડિઝાઇન** : ફૅશન ડિઝાઇન અને ઇન્ટિરિયર ડિઝાઇન આજે યુવાનોમાં ખૂબ લોકપ્રિય કારકિર્દી વિકલ્પો છે. ફૅશન ડિઝાઇનરો બ્રાન્ડ્સ, ફિલ્મ ઉદ્યોગ, અને ઓનલાઇન રિટેલ માટે કામ કરે છે, જ્યારે ઇન્ટિરિયર ડિઝાઇનર્સ ઘર, ઑફિસ અને વ્યાવસાયિક જગ્યાઓને સુંદર બનાવે છે. ઘરેબેઠાં પણ આ વ્યવસાય ખૂબ સારી રીતે કરી શકાય છે. વોર્ડરોબ અને બુટિકની સમગ્ર વ્યાખ્યા બદલાઈ ગઈ છે. સોશિયલ મીડિયા અને ટૅક્નોલૉજીના માધ્યમથી ગ્રાહકનો સંપર્ક કરી ખૂબ બહોળા વર્ગ સુધી પહોંચી શકાય છે.

6. **લેખન અને સાહિત્ય** : સાહિત્ય, કવિતા, પટકથા લેખન, કન્ટેન્ટ રાઇટિંગ, અને બ્લોગિંગ જેવાં ક્ષેત્રો પણ કળાક્ષેત્રનો એક ભાગ છે. આજે ડિજિટલ માર્કેટિંગ અને ઓનલાઇન કન્ટેન્ટની વધતી માંગે લેખકો માટે નવી તકો ઊભી કરી છે. જીંગલથી માંડીને નવલકથા સુધી, માઇક્રો-ફિક્શનથી માંડીને એકોક્તિ સુધીના સાહિત્ય પ્રકારો ખૂબ વિકસી રહ્યા છે.

આજના ડિજિટલ યુગમાં ટૅક્નોલૉજીએ કળાક્ષેત્રને નવી ઊંચાઈઓ આપી છે. ઓનલાઇન પ્લેટફોર્મ જેવાં કે ઇન્સ્ટાગ્રામ, યૂટ્યૂબ, અને ટિકટોકે કલાકારોને વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચવાની તક આપી છે. NFT (Non-Fungible Tokens) જેવી નવી ટૅક્નોલૉજીએ ડિજિટલ આર્ટને ખરીદવા-વેચવાનું એક નવું માધ્યમ બનાવ્યું છે. વર્ચ્યુઅલ રિયાલિટી (VR) અને ઓગમેન્ટેડ રિયાલિટી (AR) એ નવીન આર્ટ ફોર્મ્સ અને ઇન્ટરેક્ટિવ અનુભવો ઊભાં કર્યાં છે. ઉદાહરણ તરીકે, એક યુવા ચિત્રકાર હવે પોતાની કૃતિઓને ઓનલાઇન ગૅલેરીમાં પ્રદર્શિત કરી શકે છે, જે વૈશ્વિક ખરીદદારો સુધી પહોંચે છે. સંગીતકારો પોતાનાં ગીતોને સ્પોટિફાય કે યૂટ્યૂબ પર રિલીઝ કરીને લાખો શ્રોતાઓ સુધી પહોંચી શકે છે. આ ટૅક્નોલૉજિકલ પ્રગતિએ કળાક્ષેત્રમાં પ્રવેશની અડચણો ઘટાડી છે અને નવા કલાકારો માટે માર્ગ સરળ બનાવ્યો છે.

# ભારતની પરંપરાગત કલાઓ : પરિચય અને મહત્ત્વ



- ડૉ જગદીશ કે. રણોદરા (બંધવ)
વીસાવડી, વરણોસરી, શંખેશ્વર,
વાહેદપુરા.
મો. ૯૯૪૨૭૩૯૫૭૪૫

સાંસ્કૃતિક કલા એ આપણો પરંપરાગત વારસો છે. કલામાં ઘણાં બધાં કૌશલ્યોનો સમાવેશ થાય છે. પહેલાનાં જમાનામાં આપણા મનોરંજન તરીકે આપણી કલા સાંસ્કૃતિક કરાવતા લોકો છે. પહેલા ફક્ત પંચાયતે રેડિયો વાગે એમાં સમાચાર અને થોડા પ્રસંગો થકી મનોરંજન મળતુ હતું.

ભરથરીઓ રાવણહથ્થો લઈને આવે અને જેને ઘેર પારણું બંધાયું હોય એને ત્યાં હાલરડાં ગાઈને મનોરંજન આપતા હોય છે.

નટ - બજાણિયા દોરી પર ચાલીને જીવના જોખમે લોકોને મનોરંજન પૂરું પાડતા હતા.

વાદી-મદારી હાથચાલાકી અને સાપ પકડીને ખેલ કરતા હોય છે. તે ઉપરાંત તેઓ મોઢામાંથી મોટા ગોળા કાઢી હસી ખુશી કરાવતા હોય છે તેમજ મોંમાંથી વીંછી, એરુ જેવા જંતુઓ કાઢી હેરત પમાડે તેવા ખેલ બતાવતા હોય છે.

સાંસ્કૃતિક કલાથી આપણને જીવનમાં ઘણું શીખવા મળે છે. જેમકે રાજા રજવાડાઓનો ઈતિહાસ ભવાઈ દ્વારા જાણવા મળે છે. તે ઉપરાંત એકબીજા સાથે ભાઈચારો વધે છે.

સાંસ્કૃતિક વારસો જાળવવા સરકારશ્રી દ્વારા પણ અનેક યોજનાઓ થકી લોકોને મનોરંજન સાથે ભવાઈ કલાકારો, નટ, બહુરૂપી, તૂરી, તરગાળા અને ભરથરીઓને આર્થિક મદદરૂપ થવા કાર્યક્રમો કરવામાં આવે છે.

કલા સાંસ્કૃતિક વારસો જાળવવા શાળાઓમાં પણ કલા મહોત્સવ, યુવા મહોત્સવ અને ડાંગ દરબાર તથા લોકમેળાઓમાં રાસ-ગરબા અને મિમીક્રીઓ યોજાય છે. ગુજરાતમાં તરણેતરનો મેળો, જૂનાગઢ ભવનાથનો મેળો અને બીજા અનેક મેળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે છે.

સાંસ્કૃતિક શિક્ષણથી બાળકોમાં અનેક કૌશલ્યોનો વિકાસ થાય છે. તેમને જાહેર મંચ પર બોલવામાં શરમ,ક્ષોભ કે સંકોચ નો ભય દૂર થાય છે. તેઓ માનવ મેદની વચ્ચે નિશ્ચિત બોલી શકે છે. તેમનામાં આત્મવિશ્વાસ આપોઆપ આવે છે. તેઓ નીડરતાથી બોલી શકે છે અને એને રજૂઆત કરવાની વાત સ્વૈચ્છિક બધાની વચ્ચે મૂકી શકે છે. તે પોતે આવું બોલી શકે છે એનું એને ગૌરવ થાય છે અને પોતાની જાત પર વિશ્વાસ રાખે છે.

સાંસ્કૃતિક કાર્યક્રમો શાળાઓમાં એટલા માટે યોજવામાં આવે છે કે બાળકોમાં મૂલ્ય શિક્ષણ ઉપરાંત વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેની સાથે સાથે કોઠાસૂઝ અને મૂલ્યોનું ઘડતર થાય છે. તેમનામાં અભિનય કલા વિકસે છે. તેઓ સ્વયં શિસ્ત શીખે છે અને આદર સત્કાર કરતા થાય છે.

શાળાઓમાં આપણે પ્રાર્થનાસભામાં દિનવિશેષ મહત્ત્વ વિશે આજનો દિવસ એટલે કે આજના દિવસે જેની જન્મતિથિ હોય તથા કોઈ મહાન વ્યક્તિનો નિર્વાણ દિવસ તથા કોઈ તહેવાર હોય તો એનાં મહત્ત્વ વિશે બાળક પાંચ મિનિટ વક્તવ્ય આપે તો બાળકોમાં ઉત્સાહ જાગે અને પ્રોત્સાહિત થાય છે.

પહેલાનાં સમયમાં કોઈ રમૂજ કે મનોરંજનની હાથવગી પ્રવૃત્તિઓ એટલે ભવાઈ, નટ બજાણિયાના ખેલ, વાદી-મદારીનાં ખેલ તેમજ કઠપૂતળીઓના ખેલ જ ગામડાઓમાં થતા.

કઠપૂતળીઓના ખેલ એટલે રાજા મહારાજાઓની લડાઈઓ લડાવીને હાથચાલાકીથી ખેલ કરવામાં આવતા

હતા. એ ખેલ એક આવડત, આગવી સૂઝ અને રમૂજભરી વાર્તાઓનો ભંડાર કહી શકાય એવી બેનમૂન નમૂનારૂપ કઠપૂતળીઓના ખેલ રમાતા હતા. રાજાઓની લડાઈઓ તથા તેમના રાજકાજ વિશેના અદ્‌ભુત ખેલ રચાતા અને લોકો આંખે દેખ્યા અહેવાલ મુજબ ખેલ જોઈને હેરત પામી જતા હતા.

હમણાં શાળાઓમાં પણ શૈક્ષણિક ભાગરૂપે આવા કઠપૂતળીઓના ખેલ થાય છે. શિક્ષણને લગતી અનેક પ્રવૃત્તિઓ થકી કઠપૂતળીઓના ખેલ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત કરાવવાના હેતુસર આવી પ્રવૃત્તિઓ થાય છે અને બાળકોને આનંદ મળે છે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ કઠપૂતળીઓના ખેલ બતાવી રમૂજ પીરસવામાં આવે છે. જેમાં પૃથ્વીરાજ ચૌહાણ, જયચંદ બારોટ અને મહંમદ ઘોરીની લડાઈને નાટય સ્વરૂપે કઠપૂતળીના ખેલ બતાવી તાદૃશ જ્ઞાન પીરસવામાં આવે છે. જે જૂની સંસ્કૃતિ ઉજાગર થાય છે.

કઠપૂતળીના ખેલને શિક્ષક મિત્રોએ આજે શાળાઓમાં જીવંત રાખ્યો છે. આવી હસ્તકલા હંમેશાં જીવંત રહે એ માટે અવનવા વેશ બનાવી તથા એકમને અનુરૂપ કઠપૂતળીના ખેલ સાથે તાલમેલ કરીને અભ્યાસ કરાવવામાં આવે તો આજના ટૅક્નિકલ શિક્ષણને પણ વેગ મળશે. નવીનીકરણના એક અભિન્ન અંગ તરીકે ગણના થશે.

કઠપૂતળીઓના ખેલ આજે પણ શિક્ષકમિત્રોએ એટલો બધો રસપ્રદ બનાવ્યો છે કે રાજ્યકક્ષાએ એની ગણના થાય છે. જે કઠપૂતળીઓના ખેલથી શિક્ષણકાર્ય કરવામાં આવે છે એની ગણના કરવામાં આવે છે. કઠપૂતળીઓનો ખેલ આજીવન જીવંત રાખવામાં શિક્ષકોનો સિંહ ફાળો રહ્યો છે, જેનો અનેરો આનંદ છે.

શાળામાં રાષ્ટ્રીય તહેવારોએ અને બીજા કોઈ અવસરે નાટકો થાય,રાસ-ગરબા ગવાય કોઈ વાર્તાઓ પરથી નાની નાટિકાઓ ભજવાય તો લોકજાગૃતિ આપોઆપ આવશે. સાથે સાથે બાળકના વાલી પણ પોરહાતા હોય છે. શાળાઓમાં આવા અનેક કાર્યક્રમો ગોઠવી શકાય. આજના ટૅક્નોલૉજીના જમાનામાં જૂની ઘરેડની પ્રણાલીઓ લુપ્ત થતી જોવા મળે છે. ગામડાઓમાં હવે ભવાઈ કરનારા ભવાયા આવતા નથી.કોઈ નટ બજાણિયા પણ આવતા નથી, ક્યાંક ક્યાંક વાદી મદારી ખેલ કરતા નજરે પડે છે, તેમને શાળામાં બોલાવી હાથ ચાલાકી અને જાદૂઈ ખેલ બતાવવા જોઈએ. તેની સાથે વિજ્ઞાન પણ જોડાયેલું છે. દા.ત.

(1) તમે કોઈ કચરો પડ્યો હોય એમાં પોટેશિયમ પરમેંગેનેટ નાખીને ગ્લિસરીનનાં બે-ચાર ટીપાં નાખો તો આપોઆપ અગ્નિ પ્રગટશે.

(2) એવી રીતે પોટેશિયમ પરમેંગેનેટ અને લીંબુના ફૂલને ભેગાં કરી પડીકી બનાવી પાણીમાં ફેંકશો તો પાણીમાં ભડકો થશે.

(3) સોડિયમની ગોટીને હવામાં રાખશો તો સળગી ઊઠશે.

(4) કપૂરની ગોટી સળગાવીને મોંમાં મૂકી મોં બંધ કરશો એટલે દઝાશે નહીં અને સળગતી ગોટી ઓલવાઈ જશે.

(5) નારિયેળમાં અગાઉથી સલ્ફ્યુરિક ઍસિડનું ઈંજેક્શન આપીને બળેલું નારિયેળ બતાવી શકાય છે.

આવા અનેક પ્રયોગો કરીને બાળકોને સમજાવવામાં આવે તો જ્ઞાન સાથે ગમ્મત પણ મળી રહેશે.

તે ઉપરાંત રમત-ગમતથી અનેક કૌશલ્યો વિકસે છે. યોગ ભગાવે રોગ જેવી અનેક કલાઓથી બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે છે.

અવનવી વેશભૂષા દ્વારા દેશભક્તિનાં ગીતો તથા એકપાત્રીય અભિનય દ્વારા કલા શિક્ષણને મહત્ત્વ આપીને બાળકોમાં અભિનય કલા વિકસાવી શકાય છે.

કલા વારસો, લેખનકલા, સાહિત્યસર્જન જેવા કાર્યક્રમોથી બાળ કવિ તરીકે ઊભરી આવી શકાશે.

કલા સાંસ્કૃતિક વારસો જાળવવા પ્રાથમિક કક્ષાએથી લુપ્ત થતી કલાઓનો પરિચય અને તેનું મહત્ત્વ સમજીને આગળ વધી શકાય છે.

# 'કલાદર્શન'
# એક નવતર પ્રયોગ



- ડો. જિજ્ઞેશભાઈ એ. વેગડ
મદદનીશ શિક્ષક, સરકારી
માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ, ભાવનગર
મો. ૯૩૭૪૯૩૦૫૯૩

કલા કુદરતી નહીં, પરંતુ માનવસર્જિત પ્રક્રિયા છે. ભારતીય દષ્ટિકોણ મુજબ જેમાં કૌશલ્ય અપેક્ષિત હોય , તેવી બધી જ ક્રિયાઓને 'કલા' કહેવાય છે. પશ્ચિમી સંસ્કૃતિમાં પણ કલા શબ્દનો ઉપયોગ શારીરિક અને માનસિક કૌશલ્ય માટે વધુ ઉપયોગ થતો જણાય છે.કલા એક અભિવ્યક્તિ (Expression) છે. કલા માનવ જીવનનું પ્રાચીન સમયથી એક અવિભાજ્ય અંગ બની રહી છે, પરંતુ આધુનિક યુંગનો માનવી કલાથી વિમુખ થાય રહ્યો છે. મોબાઈલ અને ઇન્ટરનેટનો આ યુગ કલા-કારીગરીને ભરખી ગયો છે. વાસ્તવિક કલાસર્જન અને નિર્માણની જગ્યાએ વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ મોબાઈલમા let's create! Pottery, Drawing Games: draw & colour, Paint by number: colouring અને Origami art જેવી વિવિધ વિડીયો ગેમ્સ અને એપ્લિકેશનનાનો ઉપયોગ કરતો થયો છે. સાંપ્રત સમયમાં ચિત્રકલા, સંગીત જેવા વિષયોને અભ્યાસક્રમમાં યોગ્ય સ્થાન નથી મળી રહ્યું. કલા શિક્ષકોની ભરતી પ્રત્યે સરકાર પણ ઉપેક્ષા સેવી રહી છે. આવી વિપરીત પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન કરવી એક શિક્ષક માટે પડકાર છે. આ પડકારનો સામનો કરવાના ચિંતન સ્વરૂપે, મારી અંદર પડેલી વિવિધ કાલાઓના જ્ઞાનના પરિપાક સ્વરૂપે, મારા મનમાં એક નવતર પ્રયોગ કરવાની અંતઃપ્રેરણા સ્ફુરિ અને હાલ હું જે શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજવું છું, તે સરકારી માજીરાજ ગર્લ્સ હાઇસ્કૂલમાં તારીખ :- 31/07/2025 ના રોજ 'કાલાદર્શન' નામથી એક બુલેટિન બોર્ડનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

'કાલાદર્શન' બુલેટિન બોર્ડ શરૂ કરવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિવિધ કલા પ્રત્યે રસ અને અભિરુચિ વધારીને તેની સર્જનાત્મકતા અને સુષુપ્તશક્તિઓને વેગ આપવાનો હતો. 'કલાદર્શન' બુલેટિન બોર્ડમાં વિદ્યાર્થીઓ દ્વારા સર્જન પામેલી વિવિધ કૃતિઓ જેવી કે ચિત્રકામ, રંગપૂરણી, પેપર કોલાજ, પેપર કટિંગ, પેપર ક્રાફ્ટ, હેન્ડી ક્રાફ્ટ, ઓરેગામી, કારીગામી, ભરતકામ, વેસ્ટ માંથી બેસ્ટ, છાટનકામ અને ચીટકકામને પ્રદર્શિત કરવામાં આવે છે. દર મહિનાની પહેલી અને પંદરમી તારીખે આ બુલેટિન બોર્ડમાં પ્રદર્શિત થયેલી કૃતિઓને બદલવાનો નિર્ણય થયો છે. વર્ષ દરમ્યાન એકત્ર થયેલ આવી કૃતિઓમાંથી સારી કૃતિઓનો સંગ્રહ કરી ભવિષ્યમાં એક પ્રદર્શન કરવાનો વિચાર પણ છે. જેના દ્વારા નીચેની બાબતો સિદ્ધ થઈ શકશે.

(1) કલાકૃતિઓનું સર્જન થશે.

(2) દર્શકોને જાહેર સ્વરૂપે પ્રદર્શિત થયેલી કલાકૃતિઓ જોવા મળશે.

(3) કલાકૃતિઓની દર્શકો ઉપર માનસિક અને આવેગિક અસર થશે.

આ નવતર પ્રયોગના પરિપાક સ્વરૂપે વિદ્યાર્થીઓની કલા સર્જનાત્મકતામાં વધારો થશે. તેમના શારીરિક, માનસિક અને બોધાત્મક વિકાસમાં મદદરૂપ થશે. વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારની શક્તિઓની ખીલવણી થશે જેને આ પ્રમાણે દર્શાવી શકાય.

**(1)** **બોધાત્મક વિકાસ :** 'કલાદર્શન' બુલેટિન બોર્ડ માટે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ કૃતિઓથી તેમનો બોધિક વિકાસ થશે.કલા સર્જન માટેના વિવિધ માધ્યમો જેવા કે કાગળ, રંગ, પુંઠા, કાગળના ટૂંકડા, કાચ, નકામી વસ્તુઓ, દોરાઓ, શણ, ઉન, કાપડ, સુકા અને લીલા પાન, પેન્સિલનો છોલ વગેરેનો ઉપયોગ કેવી રીતે કરવો

તે વિચારવા મજબૂર કરશે. કલાના સર્જન માટે કેવા પ્રકારના સાધનો વાપરવા જેવા કે પેન-પેન્સિલ, કતાર, ગુંદર, ફેવિકોલ, પીંછી, સોય વગેરે તેના માટે ચિંતન કરશે. આમ આ પ્રવૃતિ દ્વારા વિચારણા, તર્ક, ચિંતન, સર્જનાત્મકતા, સૂઝ, નિર્ણય, નિર્ણય પ્રક્રિયા જેવી બોધાત્મક શક્તિઓનો વિકાસ થશે.

(2) **સર્જનાત્મકતામાં વધારો** : 'કલાદર્શન' બુલેટિન બોર્ડથી વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિમાં વધારો થશે.પોતાની કૃતી બુલેટિન બોર્ડ પર પ્રદર્શિત થશે અને શાળાના દરેક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્ય તેને જોશે તેવા વિચારથી નવી-નવી કૃતિઓ બનાવવાની પ્રેરણા અને પ્રલોભન તેની સર્જન શક્તિમાં વધારો કરશે. આવી પ્રવૃતિના માધ્યમથી વિદ્યાર્થીના મનના સર્જનાત્મક ભાગને સગ્ન કરવાથી તેની અમૂર્ત વિચારસરણીનો પણ વિકાસ થશે. વિદ્યાર્થીઓને સર્જનનો આનંદ પણ મળશે.

(3) **સુષુપ્ત શક્તિઓની ખીલવણી** : વિદ્યાર્થીઓમાં અનેક પ્રકારની સુષુપ્ત શક્તિઓ પડેલી હોય છે, બસ તેને બહાર લાવવા એક જામવંતની જરૂર હોય છે. મારા વિદ્યાર્થીઓ માટે હું આજ કામ કરી રહ્યો છું. ઘણા વિદ્યાર્થીઓને સારા ચિત્ર દોરતા, રંગો પૂરતા, કાગળ કામ વગેરે આવડતું હોય છે, પરંતુ તેમની આ શક્તિઓને ખીલવાની તક મળતી નથી. 'કલાદર્શન' બુલેટિન બોર્ડથી દરેક વિદ્યાર્થીઓમાં રહેલી આવી સુષુપ્ત શક્તિઓને ખીલવણી તક મળશે.

(4) **મૌલિકતાની કેળવણી** : સાંપ્રત સમયમાં મૌલિકતાનો વિચાર જ નષ્ટ થાય ગયો છે. હાલના સમયમાં નકલને જ સફળતાનું લક્ષણ ગણવામાં આવે છે. આપણે ત્યાં કહેવત છે કે "નકલને અક્કલ ન હોય", પરંતુ નકલ કરવામાં પણ અક્કલ વાપરવી હિતવહ છે. જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મૌલિકતા કેળવવી જરૂરી છે. આજે Google, You tube, WhatsApp, Facebook વગેરે માંથી સર્જન અને વિચારોની નકલ કરવામાં આવે છે. પરંતુ મારા વિદ્યાર્થીઓ જે કલાનું સર્જન કરે તેમાં તેને અસલ કે મૂળ સર્જન કરવાની પ્રેરણા આપી છે. જેથી તેનામાં મૌલિકતાનો વિકાસ થાય.

(5) **ધ્યાન અને એકાગ્રતાની પ્રાપ્તિ** : વિદ્યાર્થીઓની ઘણી બધી સમસ્યાઓમાંની એક છે તેની ધ્યાનની ખામી અને એકાગ્રતાનો અભાવ. હાલમાં ધ્યાનની ખામી (Attention-deficit disorder - ADD) માનસિક વિકૃતિ ધરાવતા ઘણા બાળકો પણ જોવા મળે છે. 'કલા દર્શન' જેવી પ્રવૃતિથી વિદ્યાર્થીઓની આવી સમસ્યાઓનો ઉકેલ મળી રહેશે. જે તેને શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરવામાં પણ મદદરૂપ થશે. કલા દર્શનની સર્જનાત્મક પ્રવૃતિથી વિદ્યાર્થીઓમાં ધ્યાન અને એકાગ્રતામાં વધારો થશે.

(6) **આંતર સૂઝનું પ્રાગટ્ય** : જર્મન સમષ્ટિવાદી મનોવૈજ્ઞાનિક કોહલર દ્વારા આપવામાં આવેલ સમસ્યા ઉકેલના શિક્ષણનો સિદ્ધાંત કે જે દર્શાવે છે કે માનવી અને પ્રાણીમાં સામે આવી પડેલી સમસ્યાના ઉકેલ અર્થે તેનામાં આંતર સૂઝ પ્રગટે છે.'કલાદર્શન' બુલેટિન બોર્ડ માટે જે કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા સર્જન થશે તેમાં તેને પોતાની આંતર સૂઝ પણ કામે લગાડવી પડશે. આ રીતે તૈયાર કરેલી કૃતિઓ વિદ્યાર્થીઓને 'આહઃ અનુભવ' અપાવશે. બીજી સમસ્યાઓના ઉકેલ અર્થે પણ તેના આ અનુભવો મદદરૂપ બનશે.

(7) **સૌંદર્યલક્ષી સૂઝનો વિકાસ** : કૌશલ્ય વગરના કાર્યોનું અને ખરાબ ઢંગથી રજૂ કરવામાં આવેલા કાર્યોનું કલામાં કોઈ સ્થાન નથી. ભારતીય સંસ્કૃતિમાં પણ 'સત્યમ્, શિવમ્ અને સુંદરમ્'ના ખ્યાલ દ્વારા સુંદરતાને સ્વીકારવામાં આવી છે.'કલા દર્શન'ની બુલેટિન બોર્ડની આ પ્રવૃતિથી

વિદ્યાર્થીઓમાં સૌંદર્યલક્ષી સૂઝનો પણ વિકાસ થશે.'વેસ્ટ માંથી બેસ્ટ', ચીટક કામ જેવુ પ્રવૃતિ દ્વારા નકામી વસ્તુઓમાં પણ તેને સૌંદર્યને જોવાની સૂઝ પ્રાપ્ત થશે. આવી પ્રદર્શિત કૃતિઓ જોઈને દર્શકોને પણ સૌંદર્યલક્ષી અનુભવ થશે.

**(8)** **શારીરિક કૌશલ્યની પ્રાપ્તિ** : હસ્ત કલાકારીગરી, ભરતકામ, ઓરેગામી, કારીગામી, પેપર ક્રાફ્ટ અને કટિંગ વગેરે જેવી પ્રવૃતી દ્વારા વિદ્યાર્થીઓમાં અંગુલિ ચાપલ્યતા તથા શારીરિક કૌશલ્યોની પ્રાપ્તિ થશે.'કલા દર્શન' બુલેટિન બોર્ડ માટે તૈયાર કરવામાં આવેલી આવી કૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ચપળતા, કુશળતા, ઝડપ અને શારીરિક શક્તિઓના યોગ્ય ઉપયોગની સમજ કેળવાશે.

**(9)** **ઉપયોગીતાલક્ષી** : 'કલાદર્શન' બુલેટિન બોર્ડ થકી વિદ્યાર્થીઓમાં ઉપયોગિતાલક્ષીતાની સમાજ પ્રાપ્ત થશે.ઉપયોગમાં ન આવી શકે તેવા શણના કાપડ અને કાચની મદદથી તૈયાર કરવામાં આવેલા આભૂષણો જે નવરાત્રિ જેવા તહેવારોમાં પહેરી ઉપયોગમાં લઈ શકાય છે. નાકમાં પુંઠા એને કાગળમાંથી તૈયાર થયેલ હેન્ડીક્રાફ્ટ ઘર અને શાળાની દીવાલો સજાવવા ઉપયોગી થઈ શકે છે. ઓરીગામી અને કારીગમી દ્વારા બનેલા ફૂલો અને શોપીસ શાળાના વિવિધ કાર્યક્રમોની શોભા વધારી શકે છે. વિદ્યાર્થીઓ દ્વારા દોરાયેલા સુંદર ચિત્રો અને બનાવાયેલ કોલાજ વર્ગખંડને ચમકાવી શકે છે.

**(10)** **નવ સર્જનની પ્રેરણા** : એક ગુજરાતી કહેવત પ્રમાણે ''નવરો નખ્ખોદ કાઢે'' પણ મનોવિજ્ઞાનના શિક્ષક તરીકે આ કહેવતને સકારાત્મક અભિગમથી જોતાં મને એવું લાગે છે કે ''નવરો નવીન સર્જન કરે''. શાળામાં શરૂ કરવામાં આવેલી આ પ્રવૃતિથી સર્જક અને દર્શક બંનેને કઈક નવીન સર્જન કરવાની પ્રેરણા મળશે. જે વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યે અણગમો છે તેમણે આ પ્રવૃતીથી પ્રોત્સાહન મળશે. અન્ય વિદ્યાર્થીઓની સર્જેલી કલાઓ જોઈને અને શાળામાં શિક્ષકો, આચાર્ય તથા સહાધ્યાયીઓ દ્વારા થતી તેની પ્રશન્નતા સાંભળીને અન્ય વિદ્યાર્થીઓને પણ નવ સર્જનની પ્રેરણા મળશે.

આમ, 'કાલાદર્શન' એક નવતર પ્રયોગ થકી શાળામાં અને વિદ્યાર્થીઓમાં કલા અને કલાશિક્ષણને જીવંત બનવાવનો પ્રયાસ કર્યો છે. સામાન્ય રીતે કલા દ્વારા ભાવનાત્મક શક્તિ, વૈચારિક શક્તિ, નિપૂર્ણતા અને સૌદર્યની અભિવ્યક્તિ થાય છે. ભવિષ્યમાં જો કોઈ વિદ્યાર્થી પોતાની કલામાં નિપૂર્ણતા પ્રાપ્ત કરે તો તે તેમાંથી સારું એવું આર્થિક ઉપાર્જન પણ કરી શકે છે. વર્તમાન સમયમાં ભરતકામની ફેશન આનું ઉદાહરણ છે.

# બાળવિકાસ અને કળાશિક્ષણ



- પરેશ શાહ
એ-૫૦૧, સેક્ટર-૨, સન સીટી,
બોપલ, અમદાવાદ
મો. ૯૯૨૪૩૧૮૨૬૯

શિક્ષણનો ઉદ્દેશ બાળકને સશક્ત બનાવાનો છે, જેથી બાળક સ્વતંત્ર રીતે વિચારી શકે, સમાજ અને પર્યાવરણ તરફ સંવેદનશીલ બની શકે, જ્ઞાન અને કૌશલ્યથી સમૃધ્ધ થાય. સાચું શિક્ષણ બાળકના જીવનમાં નૈતિક મૂલ્યોને પ્રસ્થાપિત કરવામાં મદદ કરે, જીવન જીવવાની સાચી રીત શીખવાડે અને બાળક જાહેર જીવનની કોઈપણ સમસ્યાનું કુશળતાથી નિરાકરણ કરી શકે, તેવો આત્મવિશ્વાસ અપાવે. શિક્ષણ બાળકને જીજ્ઞાસુ બનાવે જેથી તે જીવનભર નવું શીખવા અને જાણવા માટે ઉત્સુક રહે.

શિક્ષણમાં, બાળક સારી રીતે શીખે તે માટે સક્રિય શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવે છે, જેમાં શીખવા માટે બાળકની પોતાની ભાગીદારી વધારે હોય. જ્ઞાન અને કૌશલ્ય માટે ઘણા બધા વિષયોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે છે. પણ એક એવા વિષયનો અભાવ હોય છે જેમાં બાળક આ બધા જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરી શકે. બાળકમાં સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, કોઈપણ સમસ્યાનું હલ કરવાની સમજ, સંવેદનશીલતા, સર્વાંગી વિકાસ, આત્મવિશ્વાસ, સમાજિક જાગૃતિ, પોતાના વિચાર અને ભાવનાની અભિવ્યક્તિ કરવાની શક્તિ, ટીમમાં કામ કરવાની આવડત, આ બધુ વિકસાવા મદદ કરે એવા કોઈ વિષયની અભ્યાસક્રમમાં જરૂર છે. અને આ જરૂરિયાત કળાને લગતા વિષયો પુરી કરી શકે છે. કળા શિક્ષણએ બાળઉછેર માટેનું મહત્વનું અંગ બની શકે છે અને આ વિષય ઉપર ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

કળાના વિવિધ સ્વરૂપો, જેમકે ચિત્રકળા, સંગીત, નૃત્ય, નાટક, શિલ્પકળા, માટીકામ, ઓરિગામિ, સિવણકળા, ભરતકામ, સુથારીકામ, કચરામાંથી શ્રેષ્ઠ બનાવાની કળા (કચરાથી શ્રેષ્ઠ)(Best out of Waste), વગેરેમાંથી અમુક કળાઓનો સમાવેશ અભ્યાસક્રમમાં થઈ શકે. પણ શાળામાં મળી રહેતા સંસાધનો, શિક્ષકો, દરેક કળાને શીખવા માટે લાગતો સમય અને બાળકોની સંખ્યાને જોતા, સ્કુલો માટે આમાંથી ઘણી કળાઓ શીખવી મુશ્કેલ પડે. આ બાબત ધ્યાનમાં રાખીને, આ લેખમાં, ચિત્રકળા અને કચરા◦થી◦શ્રેષ્ઠ, આ બે કળાઓનો અભ્યાસક્રમમાં સમાવેશ માટે સૂચન કરવામાં આવે છે.

**ચિત્રકળા** :

ચિત્રકળા ઓછા સંસાધનોથી, દરેક શાળામાં અને દરેક બાળકને શીખવી શકાય એમ છે. જો ચિત્રકળાને સાચી રીતે અને ગંભીરતાથી શીખવામાં આવેતો તે બાળકના દિલ અને દિમાગને સ્પર્શી શકે છે. ચિત્રકળા બાળકને કઈ રીતે ફાયદાકારક છે તેની ચર્ચા નીચે કરી છે.

**અવલોકન શક્તિ** :

ચિત્રકામ બાળકને અવલોકન કરતા શીખવી શકે. અવલોકન એ કોઈપણ કામ કરવા કે શીખવા માટેનું પહેલા પગથીયુ છે. માણસની દ્રષ્ટિ, આપણા દ્રષ્ટિકોણ, પૂર્વગ્રહ કે જરૂરિયાતથી પ્રભાવિત હોય છે. એટલે આપણે જે જોઈએ છીએ તે સંપુર્ણ નહીં પણ અધુરુ દ્રશ્ય હોય છે. કેમેરાથી લીધેલો ફોટો અને હાથે દોરેલા ચિત્રમાં ફરક હોય છે. આ ફરક તરફ ધ્યાન દોરવામાં આવે તો ધીમે ધીમે બાળકની અવલોકન શક્તિ ઘણી વિકસિત થઈ શકે અને આ કૌશલ્ય બાળકને આગળ ઘણા ક્ષેત્રોમાં ઉપયોગી થઈ શકે.

**સંવેદનશીલતા** :

જો બાળકને એકાદ મહિનાનો સમય આપીને, ઘરેથી આવા વિષયઃ ''મારી આજુબાજુ, મને ના ગમતી વસ્તુઓ, મને ગમતી વસ્તુઓ અને મને સહનાભૂતિ થતી વસ્તુઓ,'' ઉપર ચિત્રો બનાવવાનું અને દરેક ચિત્ર સાથે

નાની નોંધ પણ લખીને આપવાનું કહેવા આવે, તો ભાળકને સંવેદનશીલ બનાવામાં ખાસ્સી મદદ થાય.

બાળકને, ''ના ગમતી વસ્તુઓ'' ના ચિત્રોમાં, જાહેર સ્થળો ઉપર થતી ગંદકી, કપાયેલા ઝાડ, પાણીનો બગાડ, બીન જરૂરી ચાલુ રહેતી લાઈટો, બાળ-મજુરી કરતા બાળકો, પાન ખાઈને થૂંકતા લોકો, ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વાહન ચાલકોનો સમાવેશ થઈ શકે.

બાળકને ''ગમતી વસ્તુઓ'' ના ચિત્રોમાં, કોઈ પ્રાર્થના કરતુ હોય, સફાઈ કરતુ હોય, કોઈ કોઈને મદદ કરતુ હોય, કોઈ મેદાનમાં રમતુ હોય, કોઈ કસરત કરતુ હોય, ક્યાંક વૃક્ષારોપણ થતુ હોય, કોઈ પક્ષીઓને દાણા નાખતું હોય, તહેવાર ઉજવાતા હોય, કોઈ બુક વાંચતું હોય, બધા ભેગા થઈને હસતા હોય, વગેરેને લઈ શકાય.

બાળકને ''સહનાભૂતિ થતી વસ્તુઓ'' ના ચિત્રોમાં, મમ્મીને બહુ કામ કરતા જોઈને, કોઈ મજદૂરને ભારે વજન ઉંચકતા જોઈને, કોઈ પશુ કે પંખીને ઘાયલ જોઈને, ફૂટપાથ ઉપર રહેતા કે ભુખ્યા માણસોને જોઈને, કોઈ બહુ બીમાર માણસને જોઈને, વગેરે વિષયોમાંથી બાળકને જેમાં સહનાભૂતિ થતી હોય તેનો સમાવેશ થઈ શકે.

**કલ્પના શક્તિ :**

એવા વિષયો ઉપરના ચિત્રો જરૂરી છે જેનાથી બાળકની કલ્પના શક્તિ વિકસિત થાય, તેના સ્વપ્નની દુનિયાની અભિવ્યક્તિ માટેની તક મળે, જેનાથી બાળકને પોતાની સર્જનાત્મક્તા તરફની સફરને એક દિશા મળે, કારણ કે બાળક સ્વપ્ન જોશે તો સર્જન કરશે. આમ પણ બાળકને સ્વપ્નની દુનિયાની વાતો બહુ ગમતી હોય છે. પરીઓની વાત કે જાદુઈ ચિરાગ કે ભૂતની વાત કે ટારઝન, એલિશ ઈન વન્ડરલેન્ડ કે મીકી-માઉસની વાતો બાળકોને આકર્ષિત કરતી હોય છે. તો પછી તેમને પણ પોતાની સ્વપ્નની દુનિયાનું સર્જન કરવા દઈએ.

**પ્રકૃતિ સાથે જોડાણ :**

માનવ જીવનનો પ્રકૃતિ સાથેનો સબંધ, માતા-પુત્રના સબંધ જેવો છે. આપણે જેટલા પ્રકૃતિની નજીક રહીશું, જેટલી તેની સંભાળ રાખીશું, ઈકોલોજીકલ સંતુલન જાળવવાની કોશિશ કરીશું, એટલું આપણું જીવન ખુશાલ રહેશે. બાળકો પણ આ વાત સમજે તે માટે પ્રકૃતિના સૌંદર્યના વિષય ઉપરના ચિત્રો મદદરૂપ થઈ શકે, જેવા કે નદી, પર્વત, જંગલ, પશુ, પંખી, વરસાદ, સૂર્યોદય, સૂર્યાસ્ત, વગેરે.

**કળા અને સાંસ્કૃતિક વારસો :**

ભારતીય લોકજીવણ, હસ્તકળા અને સાંસ્કૃતિક વારસાને દર્શાવતા ચિત્રોનો પણ સમાવેશ થઈ શકે. આમ કરવાથી બાળકોને આપણી વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિને સમજવાની તક મળશે, સાંસ્કૃતિક વારસા તરફનો દ્રષ્ટિકોણ બદલાશે અને તેના તરફ ગર્વની લાગણી થશે.

**કાર્ટુન અને ઈમોજી :**

આજના સમયમાં, કાર્ટુન અને ઈમોજી આપણી વાત રજુ કરવા માટેનું એક અગત્યનું માધ્યમ છે, જે આપણી વાતને, આપણી ભાવનાઓ કે લાગણીને, ટૂંકમાં રજૂ કરવાની તક આપે છે. બાળકોને ભાષા સિવાય દ્રષ્ય માધ્યમથી પણ અભિવ્યક્તિ કરતા શીખવે છે. આ વિષય ઉપરના ચિત્રો બાળકો માટે એક પડકાર બની શકે અને બાળકની સર્જનાત્મક શક્તિના વિકાસમાં મદદરૂપ થઈ શકે.

બાળકોના શિક્ષણમાં ચિત્રકળાના આ બધા ફાયદા સમજીને શાળાઓના અભ્યાસક્રમમાં બાળકોને બનાવવાના ચિત્રો માટેનું આયોજન થઈ શકે.

**કચરાથી શ્રેષ્ઠ :**

બાળકોને જો, ભારતીય સંસ્કૃતિમાં રહેલી હસ્તકળાની બહુ સુંદર પરંપરાનો પરિચય કરાવામાં આવે અને કોઈ એકાદ હસ્તકળા શીખવાડવામાં આવે તો તેનાથી તેમને ઘણો લાભ થશે. અલગ અલગ જગ્યાએ મળતી સામગ્રીનો ઉપયોગ કરી, લોકઉપયોગી, કલાત્મક અને નવીન વસ્તુઓ બનાવી તે બાળક માટે ખાસ્સુ રસપ્રદ થઈ શકે.

## 'બાળવિશ્વ' વિશે

- 'બાળવિશ્વ'નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.

- લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઇટ **www.cugujarat.ac.in** જુઓ.

- ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.

- **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-20, ગાંધીનગર- 382 021.

  ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વોટ્સએપ નંબર : **9429297737**

- લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઈલ નંબર, ફોટો અને ઇ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.

- 'બાળવિશ્વ' એ થીમ આધારિત સામાયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.

- સોફ્ટ કોપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઇઝમાં મોકલવો.

- 'બાળવિશ્વ' માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.

- જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.

- 'બાળવિશ્વ' માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## સ્ટેમ લેબ (STEM LAB)નું ઉદ્ઘાટન



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સ્ટેમ લેબનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ લેબ WAHA ફાઉન્ડેશન અને વિક્રમ સારાભાઇ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત પ્રયાસથી બનાવવામાં આવી છે. આ પ્રસંગે WAHA ફાઉન્ડેશનના સચિવશ્રી આનંદ પટેલ, વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરશ્રી દિલીપ સુરકાર, WAHA ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રી ડૉ. વિશાલ જોષી, કુલપતિશ્રી ડૉ. ટી. એસ. જોષી, કુલસચિવ ડૉ. નીલેશ પંડ્યા તથા ટોય સેન્ટરના ડાયરેક્ટર ડૉ. નૈમિષ વસોયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશ વાસદડિયાએ કર્યું હતું.

સરકારી શાળા, સેક્ટર-૨૦, ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે ખાસ હેન્ડ્સ-ઓન સેશન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કેલીડોસ્કોપ બનાવી પ્રકાશના પરાવર્તન વિશે શીખવાનો આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## સાઇબર સિક્યોરિટી અવેરનેસ પ્રોગ્રામ




વિદ્યાર્થીઓ માટે સાયબર સિક્યોરિટી અવેરનેસ પ્રોગ્રામનું પણ આયોજન કરાયું હતું, જેમાં ડૉ. બિનલ પટેલે ડિજિટલ યુગમાં સુરક્ષિત રહેવા માટે અગત્યના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

## એકદિવસીય 'બાળશૌર્ય ગૌરવગાથા શ્રેણી કાર્યશાળા' યોજાઈ



એકદિવસીય 'બાળશૌર્ય ગૌરવગાથા શ્રેણી કાર્યશાળા'નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, શ્રી ભાનુભાઈ ચૌહાણ, ડૉ. ગિરીશ ઠાકર, શ્રી પરીક્ષિત જોશી, શ્રી હસમુખ જોશી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ટી. એસ. જોષી, રજિસ્ટ્રારશ્રી ડૉ. નીલેશ પંડ્યા, વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રશાંત પટેલ તેમજ યુનિવર્સિટીના અધ્યાપકશ્રીઓ, પીએચ.ડી. સ્કોલર ઉપસ્થિતિ રહ્યાં હતાં.

## પેરેન્ટિંગ ટોક ઓનલાઇન વ્યાખ્યાન




પેરેન્ટિંગ ટૉક અંતર્ગત ડૉ. નિશ્ચલ ભટ્ટનું ઑનલાઈન વ્યાખ્યાન યોજાયું. તેઓએ બાળઉછેર માટેની iSMART જીવનશૈલી વિશે અસરકારકર વક્તવ્ય આપીને માતાપિતાની સમસ્યાઓના વ્યવહારુ ઉકેલ આપ્યા હતા.

## વાલીસહાયક પુસ્તિકા નિર્માણ વર્કશોપ



ધો.૩ થી વિદ્યાર્થીને તેમના માતા-પિતા અભ્યાસમાં મદદરૂપ થઈ શકે તે ઉદ્દેશ્યથી વાલીસહાયક પુસ્તિકા નિર્માણ ત્રી-દિવસીય કાર્યશાળાનું આયોજન થયું, જેમાં ૨૦ તજજ્ઞ જોડાયા હતા.

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.




**Book-Post**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar